અમદાવાદ સીટી માટે

પાનાં : ૧૮ + ૮ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૧૯ નવેમ્બર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૯ વર્ષ : ૯૪, અંક : ૩૧૨ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4



અમેરિકાની જોહુકમી સામે ચીન અને રશિયાએ બાંયો ચઢાવી !

ટ્રમ્પ, જિનપિંગ, પુતિનનું આજે મંથન : વિશ્વને 'અમૃત'ની આશા

શેનઝેન,(ચીન), તા.૧૮

એપેકના ઓથા હેઠળ ચીન અને રશિયાએ અમેરિકાને અને પશ્ચિમને રીતસરને પડકાર્યું છે. બંને દેશે એપેકના પ્લેટફોર્મના જણાવ્યું હતું કે પશ્ચિમ દ્વારા લાદવામાં આવતા એકતરફી પ્રતિબંધો અને અમેરિકાની ટેરિફની ધમકીઓ તેમને હચમચાવી નથી. આ પ્રકારના પગલાં જૂના થઈ ગયા. તેથી જ ટ્રમ્પે પેક્સ સિલિકાની રચના કરી તો અમેરિકાના ટેરિફના દબાણ સામે મુક્ત વેપાર માટે પેસિફિક રિમ ફ્રી ટ્રેડ ઝોનની રચના કરી છે. તેના હેઠળ એપેકના દેશો એકબીજા સાથે મુક્તમને વેપાર કરી શકે છે.

ટ્રમ્પના ટેરિફથી નારાજ જિનપિંગની મુક્ત વેપારની તરફેણ યુક્રેનને મદદ કરનારા પશ્ચિમી દેશોને પુતિને ઝાટક્યા

ચીનના પ્રમુખ જિનપિંગ અને એપેકના નેતાઓએ વધારે ખુલ્લો અભિગમ અપનાવવાની વાત કરી હતી. ચીને જણાવ્યું હતું કે એક સમયે મુક્ત વેપારનું પુરસ્કર્તા માનવામાં આવતું અમેરિકા વિશ્વના દેશોને ટેરિફની ધમકીઓથી ધ્રુજાવી રહ્યું છે. જ્યારે બીજી બાજુએ જેની અમેરિકા અને આખા પશ્ચિમે બંધિયાર ઈકોનોમી કે ક્લોઝ્ડ ડોર ઈકોનોમી કહીને અવગણના કરી છે તે ચીન આખા વિશ્વના રોકાણકારો માટે લાલ જાજમ બિછાવી રહ્યું છે. તેના નીતિનિયમોમાં દિનપ્રતિદિન સુધારો કરી રહ્યું છે. ટેરિફમાં ઘટાડો કરી રહ્યું છે, વૈશ્વિક કંપનીઓ માટે તેનું માર્કેટ એક્સેસ વધારી રહ્યું છે. વૈશ્વિક રોકાણકારો માટે નિયમ આધારિત વ્યવસ્થા અને ખુલ્લા બજારની વ્યવસ્થા અપનાવી રહ્યુ છે.

આમ અમેરિકા હવે મુક્ત વેપારમાંથી ફરી પાછું સંરક્ષણવાદ તરફ વળી રહ્યું છે, જ્યારે ચીન આજે પણ વૈશ્વિક રોકાણકારોને ઉપયોગી પ્લેટફોર્મ પૂર પાડવા આતુર છે. તેના બજારમાં તેમના માટે તક પૂરી પાડવા આતુર છે. તેની સામે અમેરિકા હવે જાણે વિશ્વના રોકાણકારો દરવાજા બંધ કરી રહ્યું છે અને ટેરિફ તથા પ્રતિબંધોના રાજકારણ વડે વધુને વધુ પ્રમાણમાં સંરક્ષણવાદી બની રહ્યું છે.

રશિયન પ્રમુખ પુતિને પણ જણાવ્યું હતું કે પશ્ચિમના પ્રતિબંધોના રાજકારણનો યુગ ખતમ થઈ ગયો છે. તેણે યુક્રેન હુમલા પછી રશિયા પર લાદેલના પ્રતિબંધોના લીધે રશિયા વધુ મજબૂત બનીને ઉભરી આવ્યું છે. યુરોપનું આ પ્રતિબંધોનું રાજકારણ તેનું જ પતન નોતરશે તેવી આગાહી પણ તેમણે કરી હતી. આજે યુરોપીયન દેશોમાં મોંઘવારીની લાગેલી આગની

(અનુસંધાન ૧૩મે પાને)

ક્લોઝ્ડ ડોર ઈકોનોમી કહેવાતા ચીનના હાથમાં હવે વૈશ્વિક વેપારની લગામ

શેનઝેન પહોંચતા પૂર્વે જ ટ્રમ્પનો રૂઆબ ઉતરી ગયો

મહાસત્તાના પ્રમુખ ટ્રમ્પને ઘરઆંગણે ફીફા ખાંડવા પડે તેવી પરિસ્થિતિ

શેનઝેન,ચીન,તા.૧૮

કહેવત છે કે દશેરાના દિવસે જ ઘોડું ન દોડે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે પણ આવું જ થયું. ટ્રમ્પ ચીનના શેનઝેનમાં એપેકમાં હાજરી આપવા તો વિશ્વના અગ્રણી ટેકનોલોજી પાવર કન્ટ્રીના પ્રમુખ તરીકે ગયા, પરંતુ તે જ સમય દરમિયાન ટેકનિકલ આઉટેજના કારણે તેમના વહીવટીતંત્રએ અમેરિકન પ્રજાને જવાબ આપવો ભારે પડી ગયો. તેના કારણે ટ્રમ્પની સાથે આવેલા

(અનુસંધાન ૧૩મે પાને)

અમેરિકામાં આઉટેજના મુદ્દે પ્રમુખ ટ્રમ્પને જવાબ આપવો ભારે પડી ગયો

જિનપિંગ ટ્રમ્પને ભેટ્યા ! સમગ્ર દુનિયાએ નોંધ લીધી...



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ચાઈનીઝ પ્રીમિયર શી જિનપિંગે ઉષ્માસભર સ્વાગત કર્યું તે જોઈને કોઈ માની ન શકે કે ટ્રમ્પે અમેરિકાથી ટેક ઓફ કર્યું ત્યારે આ જ જિનપિંગે અમેરિકાની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે સ્પષ્ટપણે વ્યાપારિક સંરક્ષણવાદની સામે લડવાની જાહેરાત કરી અને પોતાને મુક્ત વેપારનું પુરસ્કર્તા જણાવ્યું. આ નિવેદન કર્યાના માંડ ૪૮ કલાક થયા હશે અને જિનપિંગે ટ્રમ્પનું ઉષ્માસભર સ્વાગત કરતા વિશ્વએ જોયું કે ચીનના ખાવાના દાંત જુદા અને બતાવવાના દાંત જુદા છે. જિનપિંગે કરેલા સ્વાગતની તુલના માઓ ઝેડોંગે સાત દાયકા પહેલા રશિયન પ્રમુખ નિકિતા ખુશ્ચેવના કરેલા સ્વાગતની સાથે કરવામાં આવી રહી છે.

મુસ્લિમોમાં જન્મદર વધુ : પ્યૂ રિસર્ચ સેન્ટરના રિપોર્ટમાં દાવો

વિશ્વમાં ૨૦૩૫ સુધીમાં મુસ્લિમો સૌથી વધુ હશે, ખ્રિસ્તીઓ બીજા ક્રમે

વોશિંગ્ટન, તા. ૧૮

વર્ષ ૨૦૩૫ સુધીમાં એટલે કે ૧૦ વર્ષમાં સમગ્ર વિશ્વમાં ઈસ્લામ ધર્મ વસતીની દ્રષ્ટીએ ટોચના સ્થાને પહોંચી જશે, અને હાલ ખ્રિસ્તી ધર્મના લોકો પ્રથમ સાથેને છે તેમને બીજા ક્રમે રાખી દેશે. આ દાવો પ્યૂ રિસર્ચ સેન્ટરના તાજેતરના એક અભ્યાસમાં કરવામાં આવ્યો છે. જન્મદર ઉંચો રહેવાને કારણે મુસ્લિમોની સંખ્યા વધશે. જ્યારે અમેરિકા અને કેનેડામાં ધર્મની કોઈ જ ઓળખ નહીં ધરાવતા લોકોની સંખ્યા સૌથી વધુ હશે.

અમેરિકન થિંક ટેન્ક તરીકે જાણીતા પ્યૂ રિસર્ચ સેન્ટરના આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈસ્લામ અને ખ્રિસ્તી બન્ને ધર્મનો ફેલાવો વધી રહ્યો છે, જોકે મુસ્લિમોમાં જન્મદર ઉંચો રહેવાને કારણે મુસ્લિમોની સંખ્યા ખ્રિસ્તીઓની સંખ્યાને પાર કરી જશે. વર્ષ ૨૦૨૦થી ૨૦૭૦ દરમિયાન મોટા ધર્મોમાં થઈ રહેલા પરિવર્તનોને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ કરવામાં આવ્યો હતો. સાથે જ એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જન્મ દર ઉંચો રહેવો તે જ મુખ્ય કારણ છે, ધર્માંતરણ અને

(અનુસંધાન ૧૩મે પાને)

અમેરિકા-કેનેડામાં ખ્રિસ્તીઓ કરતાં ધર્મમાં નહીં માનનારાઓ બહુમતમાં હશે તેવો પણ દાવો

૨૦૩૫માં મુસ્લિમોની સંખ્યા ૨૫૭ કરોડ, ખ્રિસ્તીઓની સંખ્યા ૨૫૨ કરોડે પહોંચશે, સબ-સહારન આફ્રિકામાં વસતી ઝડપથી વધશે

સેન્સેક્સમાં ગાબડું : રોકાણકારોના રૂ. ૪.૦૯ લાખ કરોડ ધોવાયા

અમદાવાદ, તા. ૧૮

ઘરેલુ શેરબજારમાં છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી તેજીને આજે બ્રેક વાગી હતી. બીજી તરફ આજે એનવીડિયાના સારા પરિણામ છતાં આગામી સમયમાં ફેડરલ દ્વારા વ્યાજ દરમાં વધારાની ભીતિ પાછળ અમેરિકી શેર બજારમાં કામકાજના પ્રારંભે ડાઉજોન્સમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું. પ્રતિકૂળ અહેવાલો પાછળ આજે સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૭૦૦ પોઈન્ટથી વધુનો અને નિફ્ટીમાં પણ ૨૦૦ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું. આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૪.૦૯ લાખ કરોડનું ધોવાણ થતા અંતે રૂ. ૫૦૬.૪૭ લાખ કરોડ રહ્યું હતું.

ડાઉજોન્સમાં ૪૮૭ પોઈન્ટનો કડાકો

ક્રૂડ ઓઈલ ના ભાવમાં ઘટાડો થવા છતાં માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા માર્જિન ટ્રેડિંગ ફેસીલીટી પર અંકુશ લગાવવાના અપાયેલા સંકેતની આજે બજાર પર પ્રતિકૂળ અસર થવા પામી હતી. આ ઉપરાંત યુએસ-ઈરાન તણાવની પણ બજાર પર અસર થઈ હતી.

આ અહેવાલો પાછળ ચોમેરની વેચવાલીના દબાણે આજે કામકાજના અંતે સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ તૂટીને ૮૨૦૩૧ પણ ઉતરી આવ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૯ પોઈન્ટ તૂટીને ૨૫૨૨૭ ની સપાટીએ નરમ રહ્યો હતો.

અમેરિકી શેરબજાર ખાતે કામકાજના પ્રારંભમાં ડાઉજોન્સમાં ૪૮૭ પોઈન્ટનું ગાબડું પડતા ૫૦૨૭૨ પર ઉતરી આવ્યો હતો. જોકે એનવીડિયાના સારા પરિણામ પાછળ નાસ્ડેક ૧૦૩ પોઈન્ટ વધી ૨૪૪૩૧ પર કાર્યરત હતો.

બેધડક -મંજુલ



મહિલાઓની સલામતી અમારી ટોચની પ્રાથમિકતા છે... શરત એટલી કે આરોપીઓ અમારા પક્ષ સાથે જોડાયેલા ન હોવા જોઈએ !



અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીમાં કોંગ્રેસ નેતાનો મોટો દાવો

ભારત આર્થિક પાયમાલીના આરે, લોકોમાં ભારે નારાજગી : રાહુલ

ન્યૂયોર્ક, તા. ૧૮

ભારત આર્થિક હોનારત પર બેઠો છે, પાયમાલીના આરે છે આ દાવો લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં કર્યો હતો. ન્યૂયોર્કમાં કોલમ્બિયા યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં કેટલાક સવાલોના જવાબમાં રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું હતું, ભારતની શિક્ષણ વ્યવસ્થા, બેરોજગારી, આર્થિક, સ્વાસ્થ્ય સહિતના મુદ્દા પર વાતચીત કરી હતી. જ્યારે ભાજપે રાહુલના આ નિવેદનને ભારત વિરોધી ગણાવ્યું હતું.

૨૦૪૭માં વિકસિત ભારત બનાવવાના દાવા કરનારી સરકાર ત્રણ હજાર વર્ષે પણ કઈ નહીં કરી શકે : કોંગ્રેસ નેતા

મંગળવારે સવારે અમેરિકાના ન્યૂયોર્કમાં પહોંચેલા રાહુલ ગાંધીએ કોલમ્બિયા યુનિવર્સિટીના અનેક વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સને સંબોધ્યા હતા, રાહુલે કહ્યું હતું કે નાના ઉદ્યોગ-વેપાર, કૃષિ વગેરે ભારતનું કરોડરજ્જુ છે, જેના દ્વારા જ ભારતમાં નોકરીઓનું પ્રમાણ વધે છે. હાલમાં ભારતના આ કરોડરજ્જુને તોડી નાખવામાં આવ્યું છે. માત્ર સર્વિસ સેક્ટરમાં તમામ લોકોને નોકરી ના આપી શકો, ભારતમાં ખાનગી રોકાણ પણ નબળુ પડી ગયું છે કેમ કે કેટલાક ઉદ્યોગપતિઓનો બિઝનેસ જ વિસ્તરી રહ્યો છે.

જેન-ઝી આંદોલન વિશે વાત કરતા રાહુલે દાવો કર્યો હતો કે આ અચાનક શરૂ થયેલું આંદોલન નથી, છેલ્લા એક દસકાની અસર છે. દલિત, આદિવાસી, ખેડૂતો તમામ લોકો દ્વારા વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આદિવાસીઓ પાસેથી જમીન ઝૂંટવી લેવામાં આવી રહી છે, તેમની સાથે કોઈ જ ચર્ચા કરવામાં નથી આવતી. કેન્દ્ર સરકાર વિકસિત ભારતનું લક્ષ્યાંક હવે ૨૦૪૭ રાખી રહી છે, જેને

(અનુસંધાન ૧૩મે પાને)

રોજગારી આપનારા લઘુ, નાના ઉદ્યોગો જ ભારતની કરોડરજ્જુ છે જેને સરકારે તોડી નાખી હોવાનો દાવો

'ભાષણની લંબાઈ નહીં, થાળી અને ગજવાથી વિકાસ મપાશે'

નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ વધતી મોંઘવારી બાબતે કેન્દ્ર સરકાર અને નરેન્દ્ર મોદી પર નિશાન તાંક્યું છે. એમણે કહ્યું હતું કે, દેશનો વિકાસ વડાપ્રધાનના ભાષણની લંબાઈથી નહીં માપી શકાય. વિકાસ લોકોની થાળીમાં જરૂરી અન્ન અને એમના ગજવામાં પૈસાથી મપાશે. સરકારે ૧૨ વર્ષ પહેલા મોંઘવારી ઓછી કરવાનું વચન આપ્યું હતું. જોકે હવે પરિસ્થિતિ ઉલ્ટી થઈ રહી છે. સામાન્ય માણસને ઓછો સામાન મળી રહ્યો છે અને એમના ગજવા ખાલી થઈ રહ્યા છે. જરૂરી વસ્તુઓની કિમત સતત વધી રહી છે. ખડગેએ સોશ્યલ મીડિયા એક્સ પર હિન્દીમાં

(અનુસંધાન ૧૩મે પાને)

મહાનુભાવો માટે ધોયેલા રસ્તા, સામાન્ય લોકો માટે કચરાના ઢગ

VVIP માટે રસ્તા ચમકાવો છો તો આમ આદમી માટે કેમ નહીં ? : હાઈકોર્ટ

મુંબઈ, તા. ૧૮

બીએમસી ફક્ત વીવીઆઈપી વિઝિટ દરમિયાન જ રસ્તા ચકચકિત કરી દે છે જ્યારે સામાન્ય માણસ માટે એવી સાફસફાઈ રખાતી નથી તેમ કહી બોમ્બે હાઈકોર્ટે આજે બીએમસીની આકરી ઝાટકણી કાઢી હતી.

પ્રિન્સ વિલિયમના નામ વિના કહ્યું, અમુક જગ્યાએ બે દિવસ નહીં, કાયમ માટે દરેક જગ્યાએ ચોખ્ખાઈ જોઈએ

જસ્ટીસ ગિરિશ કુલકર્ણી તથા જસ્ટીસ નીલા ગોખલેની એક ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે તાજેરમાં સાઉથ મુંબઈના બેલાર્ડ એસ્ટેટના રસ્તા મહાનુભવોની મુલાકાત પહેલાં સારી પેઠે ધોઈને એકદમ ચોખ્ખાચણાક કરી દેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પ્રિન્સ વિલિયમ તથા કેટ મિડલ્ટન હાલ મુંબઈની મુલાકાતે છે અને તેઓ બેલાર્ડ એસ્ટેટના રસ્તા પર સચિન તેંડુલકર સાથે ક્રિકેટ પણ રમ્યાં હતાં તે સંદર્ભનો હાઈકોર્ટે ઉલ્લેખ કરી રહી હતી. જોકે, હાઈકોર્ટે સીધેસીધી પ્રિન્સ વિલિયમનો નામોલ્લેખ કર્યો ન હતો.

શહેરમાં રસ્તાઓની સ્થિતિ, કચરાના ઢગ વગેરે બાબતના એક કેસની સુનાવણી કરતાં હાઈકોર્ટે કહ્યું હતું કે બેલાર્ડ એસ્ટેટમાં જુઓ, તમે રસ્તા પાણીથી એકદમ ધોઈ નાખ્યા છે કારણ કે બહુ ખાસ મહાનુભવો ત્યાં આવવાના હતા. પણ તો સામાન્ય મુંબઈગરાંને આવા ચોખ્ખા રોડ કેમ મળતા નથી ? જાહેર માર્ગો પર કચરાના મોટા મોટા

(અનુસંધાન ૧૩મે પાને)

શિંદે સેનાના નેતાઓએ વિરોધ કરવાના જોશમાં ભાંગરો વાટ્યો

સોનિયા ગાંધીનાં પુસ્તક સાથે બાળ ઠાકરેનો ફોટો પણ ફાડી નાખતાં શિંદે સેના સામે રોષ

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ તા .૧૮

સોનિયા ગાંધીનાં પુસ્તક 'બિલોંગિંગઃ એ જર્ની ઓફ લવ'માં વીર સાવરકર વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણીઓ હોવાનો આક્ષેપ કરી એકનાથ શિંદેની શિવસેનાના નેતાઓએ આજે આ પુસ્તકના જાહેરમાં લીરેલીરા કર્યા હતા. જોકે, આ દરમિયાન જોશમાં ને જોશમાં શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેનો ફોટો પણ ફાડી નાખવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થતાં ભારે વિવાદ સર્જાયો હતો. ભાંગરો વટાયાની જાણ થતાં એકનાથ શિંદેએ આ નેતાઓને વિધાન ભવનમાં બોલાવી ખુલાસો પૂછ્યો હતો.

વિવાદ બાદ એકનાથ શિંદેએ નેતાઓને બોલાવી ખુલાસો માગ્યોઃ બાળ ઠાકરે નહિ ઐયરનો ફોટો ફાડ્યાનો શાઈના એનસીનો દાવો

પુસ્તકમાં વીર સાવરકર વિશેની ટિપ્પણીઓ દ્વારા મહારાષ્ટ્રનું અપમાન કરાયું છે તેમ જણાવી પ્રવક્તા શાઈના એનસી તથા સંજય નિરુપમ સહિતના નેતાઓએ પુસ્તકનાં પાનાં કાઢી કાઢીને તેના ઓન કેમેરા લીરા બોલાવ્યા હતા. આ દરમિયાન જ શાઈના એનસી દ્વારા ફાડવામાં આવેલી એક તસવીર બાળ ઠાકરેની હોવાનો વીડિયો વાયરલ થયો હતો.

તરત જ આ મુદ્દે રાજકીય વિવાદ ભભૂક્યો હતો. શિવસેના યુબીટી, કોંગ્રેસ તથા અન્ય નેતાઓએ આ પગલાંની ભારે ટીકા કરી હતી. શિવસેના યુબીટીના નેતાઓએ કહ્યું હતું કે શિંદે શિવસેના પોતે બાળ ઠાકરેની સાચી વારસ હોવાનો



દાવો કરે છે તેનો દંભ હવે ખુલ્લો પડી ગયો છે.

જોકે, શાઈના એનસીએ દાવો કર્યો હતો કે પોતે બાળ ઠાકરે નહિ પરંતુ મણીશંકર ઐયરનો ફોટો ફાડ્યો હતો. તેમણે ખોટો વીડિયો સર્ક્યુલેટ કરનારા સામે કાનૂની પગલાંની ચિમકી પણ આપી હતી.

મુંબઈ મહાપાલિકામાં વિપક્ષી નગરસેવકોએ મેયરની કેબિનમાં ધસી જઈ ધમાલ મચાવી હતી અને બાળ ઠાકરેનો ફોટો ફાડવામાં આવ્યો છતાં

(અનુસંધાન ૧૩મે પાને)

રાજકારણ માટે રાજીવને રોક્યા હતા પણ રાહુલને નહીં!

વાંચો દેશ-દુનિયા






બુલંદશહરમાં આકાશમાંથી ૫૦ કિલો બરફનો ટુકડો પડતા આશ્ચર્ય !

બુલંદશહર(યુપી),તા.૧૮

અત્રે ઉંચાગાંવ વિસ્તારના રોસલા ગામમાં ગઈકાલે મંગળવારની સવારે



પશુઓની વચ્ચે આકાશમાંથી અચાનક લગભગ ૫૦ કિલો બરફનો ટુકડો આવીને પડયો. જો કે સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રભારીએ આવી ઘટનાને શંકાસ્પદ ગણાવી છે.

રોસલા ગામમાં ગઈકાલે મંગળવારે સવારે ૧૧.૪૫ ના સુમારે રામસિંહના પુત્ર હરિયાના ઘેર ખીલે બંધાયેલા પશુઓની વચ્ચેની જગ્યામાં અચાનક આકાશમાંથી લગભગ ૫૦ કિલો વજનનો બરફનો ટુકડો આવીને પડયો. ટુકડો પડવાનો જોરદાર અવાજ એટલો ભયાનક હતો કે, આસપાસના લોકો ભયના માર્યા પોતાના ઘરોની

(અનુસંધાન ૧૩મે પાને)

૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

ચક્રવાત 'અકવાન' આંધ્રનાં નરસાપુર અને ઓડિશાનાં પુરી વચ્ચે ત્રાટકશે

કોલકાતા, તા. ૧૮

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલા ચક્રવાત અકવાને પોતાનો માર્ગ બદલી નાખ્યો છે. હવે તે આંધ્ર પ્રદેશનાં નરસાપુર અને ઓડિશાનાં પુરી વચ્ચે ત્રાટકે તેવી શક્યતા છે. જેના પગલે ૧૯ થી ૨૧ દરમિયાન બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

બંગાળમાં ૧૯ થી ૨૧ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના : માછીમારોને સમુદ્રમાં ન જવાની સલાહ

હવામાન વિભાગે પૂર્વ અને પશ્ચિમ મેદિનીપુર જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. જ્યારે દક્ષિણ ૨૪ પરગણા, હાવરા, ઝારગ્રામ અને બાંકુરામાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. કોલકાતામાં પણ ગુરૂવારથી ત્રણ દિવસ વરસાદ પડવાની સંભાવના છે. કોલકાતામાં ૩૦-

(અનુસંધાન ૧૩મે પાને)

જેન ઝીને આકર્ષવા મ્યુનિ. કોર્પોરેશનનો નવો તૂક્કો

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પાસે વખાણ કરાવવા મ્યુનિ. રૂ.૨ કરોડનું આંધણ કરશે

અમદાવાદ, બુધવાર

સોશિયલ મીડિયા પર કોઈ ઈન્ફ્લુએન્સર અમદાવાદ મ્યુનિ.ના વખાણ કરતા જોવા મળે તો નવાઈ પામવી નહીં. સોશિયલ મીડિયા પર પોસ્ટ, રીલ અને વિડિયો બનાવીને મૂક્યા બાદ હવે મ્યુનિ. સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર પાસેથી પોતાનો પ્રચાર-પ્રસાર કરાવશે. કામગીરીના દેખાડા કરી જેન ઝીને રાજી રાખવા રૂપિયા બે કરોડ ખર્ચાશે.

દરરોજ ત્રણ પોસ્ટ તથા રીલ મૂકી ફોલોઅર્સ વધારવા ઈવીએમ કન્સલ્ટન્સી એજન્સીને કામ આપવા સ્થાયી સમિતિમાં દરખાસ્ત

અમદાવાદ મ્યુનિ. તંત્રને પણ જાણે સોશિયલ મીડિયા ફીવર ચડ્યું છે. પોતાના ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, એક્સ અકાઉન્ટ અને યુટ્યુબ પર રીલ, વીડિયો અને પોસ્ટ મૂકી ફોલોઅર્સ વધારવા વર્ષે રૂ. ૧.૦૮ કરોડનો ખર્ચ કરાશે. બે વર્ષ માટે રૂ. ૨.૧૬ કરોડના ખર્ચે આ કામગીરી ઈવીએમ કન્સલટન્સીને સોંપવા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. ઉપરાંત જીએસટી અલગથી ચૂકવાશે. જો કે ત્રણેક મહિના અગાઉ સોશિયલ મીડિયા મેનેજમેન્ટ માટે મ્યુનિ.એ વર્ષે રૂ. ૬૦થી ૭૦ લાખના ખર્ચનો અંદાજ રાખ્યો હતો. પરંતુ કોઈ એજન્સી કામ કરવા તૈયાર ન હોય રિટેન્ડર બાદ હવે આ રકમ વધારી એક કરોડ કરી દેવાઈ છે! અત્યાર સુધી મ્યુનિ. તંત્ર દ્વારા રસ્તા પર મોટા હોર્ડિંગ્સ, બેનર લગાવી તેમજ પત્રિકાઓનું વિતરણ કરી લોકસંપર્ક કરાતો હતો. પરંતુ યુવા વર્ગ સુધી પહોંચવા હવે સોશિયલ મીડિયાનો સહારો લેવો પડી રહ્યો છે. દરરોજ ઓછામાં ઓછી ત્રણ પોસ્ટ કે રીલ મૂકવા એજન્સીને સૂચના અપાઈ છે.

રખિયાલની સ્કૂલમાં મંજૂરી વિના ધોરણ ૬થી૮ના વર્ગો ચલાવ્યા

મંજૂરી વિના વર્ગો ચલાવવા બદલ અલ ફલાહ સ્કૂલને એક લાખ દંડ

અમદાવાદ,બુધવાર

અમદાવાદના પૂર્વમાં રખિયાલ ખાતે આવેલી અલ ફલાહ ઈસ્લામિક સ્કૂલ દ્વારા ધો.૬થી૮ના વર્ગો વિના મંજૂરીએ ચલાવવામા આવતા અમદાવાદ શહેર ડીઈઓએ સ્કૂલને નોટિસ આપી હતી અને સ્કૂલ સામે એજ્યુકેશન ઈન્સ્પેકટરને તપાસ સોંપવામા આવી હતી. તપાસ રિપોર્ટ બાદ હવે સ્કૂલને આરટીઈ એક્ટ હેઠળ ૧ લાખ રૂપિયાનો દંડ કરવામા આવ્યો છે.

જો હજુ પણ મંજૂરી વિના વર્ગો ચાલશે તો આરટીઈ હેઠળ હવે પ્રતિદિન રૂપિયા ૧૦ હજારનો દંડ કરાશે

રખિયાલમા આવેલી અલ ફલાહ ઈસ્લામિક સ્કૂલ દ્વારા મંજૂરી વિના જ ધો.૬થી૮ના વર્ગો ચલાવીને વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હોઈ અને અભ્યાસ કરાવાતો હોવાની ફરિયાદ અમદાવાદ શહેર ડીઈઓને કરવામા આવી હતી.ત્યારબાદ શહેર ડીઈઓએ સ્કૂલને શો કોઝ નોટિસ આપી હતી અને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા આદેશ કરાયો હતો.ત્યારબાદ એજયુ.ઈન્સ્પેકટરને રૂબરૂ તપાસ પણ સોંપાઈ હતી. તપાસ રિપોર્ટ બાદ સ્કૂલને અગાઉ નિયમ મુજબ ૧૦ હજાર રૂપિયાનો દંડ કરાયો હતો.ત્યારાબાદ સ્કૂલે પોતાનો ખુલાસો રજૂ કર્યો હતો અને ત્યારબાદ ડીઈઓ દ્વારા આરટીઈના નિયમ મુજબની કમિટી રચાઈ હતી.

આ કમિટીના રિપોર્ટના આધારે ડીઈઓએ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને સ્કૂલની માન્યતા રદ કરવાની ભલામણ કરી હતી અને રિપોર્ટ મોકલ્યો હતો. ડીઈઓએ સ્કૂલને તાકીદે ધો.૬થી૮ના વર્ગો બંધ કરવા આદેશ કર્યો છે અને સ્કૂલમાં વગર મંજૂરીએ કોઈ પણ ધોરણના વર્ગો કે એકેડેમિક ક્લાસીસ ચલાવી શકાશે નહીં.

ડીઈઓએ આજે સ્કૂલને આરટીઈ એક્ટની જોગવાઈ મુજબ એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને જે સ્કૂલે ૭ દિવસમાં ભરવાનો રહેશે.જો હજુ પણ વર્ગો ચાલુ રખાશે તો હવે પ્રતિદિન ૧૦ હજાર રૂપિયાનો દંડ કરાશે.

યુનિ.માં ચોરી મુદ્દે સિક્યોરિટી એજન્સી-એસ્ટેટ અધિકારીને નોટિસ

અમદાવાદ,બુધવાર

ગુજરાત યુનિ.કેમ્પસમાં આવેલા બેડમિન્ટન હોલમાં સેન્ટ્રલ એસી સીસ્ટમ માટેના કંટ્રોલરૂમ બહારથી કોપરના ૧૮થી૨૦ મીટર વાયરની ચોરીના કેસમાં કુલપતિના આદેશ બાદ આજે સિક્યુરિટી એજન્સી અને એસ્ટેટ વિભાગના અધિકારીને નોટિસ ફટકારવામા આવી છે.સિક્યુરિટી એજન્સી દ્વારા મુકાયેલા ગાર્ડસ હોવા છતાં આ રીતે ચોરી થતાં ખુલાસો મંગાયો છે અને એસ્ટેટ વિભાગની જવાબદારી નિભાવતા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર પાસેથી પણ બેદકરારી બદલ ખુલાસો મંગાયો છે.

અખબારનગર પાસે રબ્બર, કેમિકલમાં ભીષણ આગ

અમદાવાદ, બુધવાર

ફાયર બ્રિગેડ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાડજમાં અખબારનગર પાસે આવેલી ત્રિશા હોસ્પિટલ નજીક ખુલ્લા મેદાનમાં આગ લાગી હતી. જ્યાં રોડ બનાવતી તથા રોડ રિપેરીંગ કરતી વિજય ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ કંપનીનો રોડ બનાવવાનો સામાન પડેલો હતો. જેમાં રબ્બરની રિંગો તથા કેમિકલમાં અચાનક કોઈ કારણસર આજે બપોરે ૩.૧૫ વાગે આગ લાગી હતી.ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળળ્યો હતો.

મહિલાઓ માટે આગામી એક વર્ષમાં

અમદાવાદમાં રૂપિયા ૫.૭૭ કરોડના ખર્ચે ૧૯ પિંક ટોયલેટ તૈયાર કરાશે

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં એક વર્ષમાં મહિલાઓ માટે ૧૯ નવા પિંક ટોયલેટ બનાવવાનું આયોજન કરાયું છે. જેમાં બેબી ફીડિંગ રૂમ, સેનેટરી પેડ વેન્ડિંગ મશીન તેમજ દિવ્યાંગ મહિલાઓ માટે સુભલ ટોયલેટ સહિતની સુવિધાઓ ઉભી કરાશે. હાલ કાંકરિયા, લો ગાર્ડન સહિત શહેરના વિવિધ વિસ્તારમાં ૧૬ પિંક ટોયલેટ કાર્યરત હોવાનો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે.

હાલ કાંકરિયા, લો ગાર્ડન સહિત ૧૬ જગ્યાએ પિંક ટોયલેટ કાર્યરત હોવાનો મ્યુનિ.નો દાવો

આવતી કાલે સુરક્ષિત શૌચાલ, સમાન ભવિષ્યની થીમ સાથે વર્લ્ડ ટોયલેટ ડેની ઉજવણી કરાશે. ત્યારે મ્યુનિ. દ્વારા રૂ. ૫.૭૭ કરોડના ખર્ચે ૧૯ નવા પિંક ટોયલેટ બનાવવાનું આયોજન કરાયું છે. એક શૌચાલય પાછળ આશરે ૩૦ લાખ ખર્ચાશે. ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૧, પશ્ચિમમાં ૨, પૂર્વ અને મધ્યમાં ૩-૩, દક્ષિણમાં ૪ અને ઉત્તર ઝોનમાં ૬ ટોયલેટ ઉભા કરાશે. જેમાં પીવાના પાણી, બેબી ફીડિંગ રૂમ, ડાયપર ચેન્જિંગ રૂમ, સેનટરી પેડ વેન્ડિંગ મશીન, ઈન્સિનરેટરની સુવિધા તેમજ દિવ્યાંગ મહિલાઓ માટે અલગ વ્યવસ્થા કરાશે. ટેન્ડર પ્રક્રિયા બાદ એક વર્ષમાં ટોયલેટનું બાંધકામ પૂરું કરાશે તેવો દાવો કરાયો છે. પાંચ વર્ષ સુધી શૌચાલયની જાળવણી પણ કોન્ટ્રાક્ટરને સોંપાશે. જો કે અગાઉ વર્ષ ૨૦૨૨માં પણ ૨૧ ટોયલેટ બનાવવાની વાતો કરાઈ હતી. પરંતુ તેમાંથી ફક્ત ૧૫ જ બન્યા હતા. તે પણ ફક્ત ૧૨થી ૧૪ કલાક જ ખુલ્લાં રહેતા હોય વહેલી સવારે અને મોડી રાત્રે મહિલાઓએ હાલાકી વેઠવી પડે છે. ત્યારે તમામ પિંક ટોયલેટ ૨૪ કલાક ખુલ્લાં રાખવા માંગ ઉઠી છે.

ક્યાં ક્યાં નવા પિંક ટોયલેટ બનશે?

ઉત્તર પશ્ચિમ ઝોન - ગોતા
પશ્ચિમ ઝોન - સાબરમતી, નવરંગપુરા
પૂર્વ ઝોન - નિકોલ, વસ્ત્રાલ, અમરાઈવાડી
મધ્ય ઝોન - અસારવા, શાહપુર, જમાલપુર
દક્ષિણ ઝોન - લાંભા, વટવા, ઈસનપુર, દાણીલીમડા
ઉત્તર ઝોન - સૈજપુર, નરોડા, ઈન્ડિયા કોલોની, સરદારનગર, કુબેરનગર

આમ જનમત પાર્ટીના કરોડોના બોગસ ડોનેશન કૌભાંડમાં

CA પ્રણવ શાહને આગોતરા જામીન આપવા કોર્ટનો ઈન્કાર

અમદાવાદ,બુધવાર

આમ જનમત પાર્ટી નામના રાજકીય પક્ષ દ્વારા બનાવટી ડોનેશન અને ખોટા હિસાબો ઉભા કરી મોટાપાયે આર્થિક ગેરરીતિઓ આચરવાના પ્રકરણમાં સંડોવાયેલા આરોપી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રણવ રાજેશકુમાર શાહની આગોતરા જામીન અરજી એડિશનલ સેશન્સ જજ વી.એ.ધાંધલે ફગાવી દીધી છે. કૌભાંડની ગંભીરતા ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપી સીએ ને આગોતરા જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

આખું ષડયંત્ર ઈન્કમટેક્સ કાયદાની છટકબારી શોધવાનું હોવાછતાં આરોપીએ કોઈ તકેદારી રાખી નહી : કોર્ટ

કોર્ટે જણાવ્યું હતું કે, આમ જનમત પાર્ટીના નામે કરોડોનું દાન મેળવી રોકડમાં પરત આપી ટેક્સ ચોરીનું મોટું કાવતરું રચવા સહિતના ગંભીર આક્ષેપ છે, દેશની ઈકોનોમી સાથે ચેડાં કરનાર આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન અત્યંત જરૂરી છે. જેથી આગોતરા જામીન ન આપી શકાય. જ્યારે એક જ પેઢીના નામે ખૂબ જ મોટી રકમનું પેમેન્ટ કરવામાં આવે ત્યારે સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ પણ સજાગ થઈ જાય કે આ આખું ષડયંત્ર ઈન્કમટેક્સના કાયદામાંથી છટકબારી શોધવા માટેનું હોઈ શકે. તેમ છતાં આરોપીએ કોઈ તકેદારી રાખી ન હતી. આમ જનમત પાર્ટી દ્વારા વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ દરમ્યાન કુલ રૂ.૮૪૩.૯૭ કરોડનું મોટાપાયે ડોનેશન મેળવ્યું હતું. જેમાંથી માત્ર એક જ નાણાંકીય વર્ષ(૨૦૨૩-૨૪)માં જ રૂ.૬૨૩ કરોડની રકમ દાનની રકમ આવ્યાનું દર્શાવ્યું હતું. આ કેસમાં આરોપી સીએ પ્રણવ રાજેશકુમાર શાહે પોતાની સંભવિત: ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

સરકારપક્ષ દ્વારા આરોપી સીએ પ્રણવ શાહની આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કરતાં જણાવ્યું કે, આરોપીએ પક્ષના નામે દાન મેળવીને આરોપીઓએ પોતાના કમિશનની રકમ કાપી લઈ, બાકીની ડોનેશનની રકમ રોકડમાં જે તે દાતાઓને પરત કરી દીધી હતી.

એક વર્ષમાં ખાદ્યચીજોના જથ્થાબંધ ભાવમાં તોતિંગ વધારો

ગત વર્ષની સાપેક્ષે મગફળી-કપાસમાં ૪૦૦, ધાણા, જીરુ, મરચામાં ૧૨૦૦-૧૫૦૦ વધારો

રાજકોટ,બુધવાર

ચોમાસુ અનિયમિત અને અસમતોલ એટલે કે દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદ, સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં ઓછો એવું રહેતા કેટલાક કૃષિ ઉત્પાદનમાં આંશિક ઘટાડો થયો છે પરંતુ, જેટલો ઘટાડો થયો તેના કરતા તેના ભાવ છૂટક બજારમાં ઘણા વધુ વધારી દેવાયા છે. માર્કેટ યાર્ડમાં વેપારીઓ દ્વારા જથ્થાબંધ ખરીદભાવ આજના અને ગત વર્ષે આજની તા.૧૮ નવેમ્બર સુધી સરખાવતા એક વર્ષમાં મગફળી,કપાસમાં રૂા.૪૦૦નો અને ધાણા,જીરુ,મરચાના ભાવમાં રૂા.૧૨૦૦થી ૧૫૦૦ જેટલો વધારો થયો છે.

છૂટક ભાવ બ્રાન્ડેડ, પેકિંગ સાથે ઘણા ઉંચા: સરકારની નીતિઓથી સામાન્ય પરિવારોને પેટ ભરવું જ મૂશ્કેલ

મગફળીના ટેકાના ભાવ પ્રતિ મણ રૂા.૧૫૦૩ છે જે સામે બજારમાં ભાવ રૂા.૧૬૦૦થી ૧૮૦૦ સુધી મળે છે. એક વર્ષમાં બજારભાવ રૂા.૪૦૦ વધ્યા છે. પરંતુ, તેલલોબી પ્રતિ સરકારના આંખ મિચામણાના પગલે મગફળીમાંથી જ બનતા સિંગતેલના ભાવ રૂા.૬૦૦ વધી ગયા છે. મગફળીનું સરેરાશ ઉત્પાદન જળવાયું અને ગત વર્ષે વિક્રમી ઉત્પાદન છતાં ભાવ વધ્યા છે.

અનાજની સાથે કઠોળ પણ મોંઘાદાટ થયા છે. પ્રતિ ૨૦ કિલોએ મગના ભાવમાં રૂા.૨૪૫નો, ચણામાં ૪૩૫, અડદમાં રૂા.૫૨૦નો ભાવ વધારો થયો છે. શિયાળામાં જેની ચીકી વ્યાપક ખવાય છે તે તલના ભાવ પ્રતિ મણ રૂા.૧૩૦૦ જેટલા વધ્યા છે. અનાજ,કઠોળ, તેલિબિયા ઉપરાંત બટાટા સિવાયના કેટલાક શાકભાજીના ભાવમાં અસહ્ય વધારો થયો છે. લીંબુના ભાવ ગત વર્ષે પ્રતિ મણ રૂા.૨૮૦થી ૬૪૦ હતા તે આ વર્ષે ૮૨૫થી ૧૫૯૦ અર્થાત્ રૂા.૯૦૦નો અર્થાત્ બમણાથી પણ વધારે થયા છે.

ઉપરોક્ત ભાવ યાર્ડમાં વેપારીઓના જથ્થાબંધ ખરીદીના છે, લોકો ખરીદી તો કરિયાણાની દુકાને કરે છે અને ત્યાં આ જણસી પહોંચે ત્યારે પેકિંગ,સોર્ટીંગ ખર્ચ ઉપરાંત નફો, કમિશન વગેરે ઉમેરીને ઘણા ઉંચા ભાવે લોકોને મળે છે. એકંદરે સરકારી નીતિઓથી રસોડામાં વપરાતી તમામ વસ્તુ, દૂધ, દહીં, ખાંડ, ગોળ, તેલ, શાક, કઠોળ, અનાજ અને રાંધણગેસ સહિત તમામમાં બેફામ ભાવવધારાથી સામાન્ય પરિવાર માટે સુખસુવિધાની વસ્તુ તો દૂર રહી, પેટ ભરવા માટે ભોજન પણ મોંઘુ કરી દેવાયું છે.

અનાજ-કઠોળના ભાવમાં એક વર્ષમાં વધારો

(યાર્ડમાં ખેડૂતો પાસેથી ખરીદ ભાવ પ્રતિ મણ દીઠ)

કૃષિ પેદાશ	૧૮ નવે.૨૦૨૫	૧૮ નવે.૨૦૨૬
૧.કપાસ	૧૩૨૦-૧૪૭૫	૧૭૯૦-૧૮૯૬
૨.ઘંઉ ટૂકડા	૫૨૦-૬૪૧	૫૮૮-૭૩૨
૩.જુવાર સફેદ	૬૫૦-૯૮૦	૧૧૦૦-૧૯૨૫
૪.તુવેર	૯૦૦-૧૩૨૫	૧૩૦૦-૨૦૫૦
૫.ચણા	૯૨૦-૧૧૧૦	૧૪૪૫-૧૫૩૫
૬.અડદ	૧૦૮૫-૧૪૩૦	૧૪૧૫-૧૯૫૦
૭.મગ	૧૧૦૦-૧૫૫૦	૧૩૬૫-૧૭૯૫
૮.મગફળી	૯૫૫-૧૩૬૫	૧૨૪૫-૧૭૬૫
૯.તલ	૧૯૫૦-૨૩૩૦	૩૧૦૦-૩૬૫૦
૧૦.સોયાબીન	૮૫૦-૯૨૫	૧૩૭૦-૧૫૧૦
૧૧.કાળા તલ	૩૪૫૦-૫૨૦૦	૨૮૭૫-૪૦૦૦
૧૨.ધાણા	૧૩૫૦-૧૫૮૦	૨૮૮૦-૩૧૩૦
૧૩.સુકા મરચા	૧૧૦૦-૩૬૦૦	૨૫૫૦-૫૫૦૦
૧૪.જીરુ	૩૫૦૦-૪૧૦૦	૪૯૮૦-૫૪૨૫
૧૫.મેથી	૧૨૦૦-૧૪૮૦	૧૨૮૦-૨૧૦૦
૧૬.લીંબુ	૨૮૦-૬૪૦	૮૨૫-૧૫૯૦

જ્વેલર્સની દુકાનની દીવાલમાં બાકોરૂ પાડીને લાખોના દાગીનાની ચોરી

અમદાવાદ, બુધવાર

શહેરના નરોડામાં આવેલી પાશ્વનાથ ટાઉનશીપમાં રહેતા જીગ્નેશ પરીખ અમદાવાદ જિલ્લાના ચાંદિપેલ ગામમાં આવેલા કોમ્પલેક્સમાં જ્વેલરી શોપ ધરાવે છે. બે દિવસ પહેલા રાતના સમયે કોઇ તસ્કરો દુકાનની પાછળની દિવાલમાં બાકોરૂ પાડીને અંદરથી લાખોની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરીને પલાયન થઇ ગયા હતા.

જાહેર નોટિસ

મોજે - નાની નરોલી

ડીસ્ટ્રીક્ટ સુરત રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ માંગરોલ તાલુકાના મોજે - નાની નરોલી ગામની સીમના એકત્ર બ્લોક નં. ૧૭૦ (એકત્ર પહેલાના જુના બ્લોક નં.૧૭૦,૧૭૧, ૧૭૨, ૧૭૮, ૧૭૯, ૧૮૧, ૧૮૩, ૧૮૪, ૧૮૫,૧૮૬)ની ચો.મી.૩૧૨૩૦૦ ની બિનખેતીની જમીન ગુજરાત ગોકુલ પાવર લીમીટેડની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના અધિકૃત વ્યક્તિ બાબુભાઈ જોઈતારામ પટેલએ અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહીં.

તા.૧૯-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાભાઈ વશરામભાઈ પટેલ, રહેવાસી-સુરેન્દ્રનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે/બ્લોક નંબર-૧૯૬૩/૧/૪૬/પૈકી ૨ (જુના સર્વે/બ્લોક નં બ ર - ૧ ૯ ૬ ૩ / ૧ / ૪ ૬) ની ૩૨૫૦ચોરસમીટરની બિનખેતીની જમીન કે જેનો સમાવેશ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ સાણંદમાં થતા માણકોલ(બિનખેતી) વોર્ડના શીટ નંબર-NA99 ના સીટી સર્વે નંબર-NA1963/1/46/p 2 ની ૩૨૫૦ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ જમીન અંગે ઉપરોકત જમીનમાલિકે તારીખ ૧૩-૦૪-૨૦૨૩ તથા તારીખ ૨૧-૦૬-૨૦૨૩ના રોજ સબરજીસ્ટ્રારશ્રી સાણંદની કચેરીમાં અનુક્રમ નંબર-૧૪૯૩૫ થી નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ AUROUS REALTY VENTURES LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને કરી આપેલ છે. ઉપરોકત જમીનમાલિકે સદરહુ જમીન ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સહિતના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કોસહિત સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૮-૧૧- ૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

મોજે-પાનસર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-પાનસર ગામની સીમના રી- સર્વે મુજબનાં નવા (એ) બ્લોક નં.૯૦૦ (જુનો બ્લોક નં. ૭૮૨) ની હે.આરે.ચો.મી. : ૧-૦૩-૯૧, (બી) બ્લોક નં.૮૯૯ (જુનો બ્લોક નં. ૭૮૧) ની હે.આરે.ચો.મી. : ૧-૩૩-૨૯, (સી) બ્લોક નં.૮૯૮ (જુનો બ્લોક નં. ૭૮૦) ની હે.આરે.ચો.મી. : ૨-૭૦-૬૨ તથા (ડી) બ્લોક નં.૮૯૭ (જુનો બ્લોક નં. ૭૭૮) ની હે.આરે.ચો.મી.: ૦-૪૬-૪૮ ની ખેતીની જમીન (૧) ઠાકોર પ્રીતીબેન તે ધુળાજીની વિધવા, (૨) ઠાકોર મનોજ ધુળાજી (સગીર), (૩) ઠાકોર શિવાંગી ધુળાજી (સગીર) તથા (૪) ઠાકોર ક્રિષા ધુળાજી (સગીર)ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૯-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રૂપાલી તુષાર કોઠારી, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાના એમાલ્ગમેટેડ સર્વે નંબર-૩૦૦/૧ પૈકીની ૧૬૭૨.૩૯ ચોરસમીટર જમીન, જેનો ટી. પી. સ્કીમ નં બ ર - ૨ ૦ ૪ (સ ર ખે જ - ઓ ક ા ફ - મકરબા-વેજલપુર- આંબલી) માં સમાવેશ થતા તેને ફાઈનલ પ્લોટ નંબર-૧૮૭ ની ચોરસમીટર જમીન ફાળવેલી છે તે જમીનમાં આવેલા સબપ્લોટ નંબર-૧૧૧ ની ૧૧૧૫.૫૦ ચોરસમીટર જમીન તથા વગર વહેંચાયેલી કોમન રોડ તથા કોમન એરીયાની ૫૫.૧૮ ચોરસમીટર મળી કુલ ૧૧૭૦.૬૮ ચોરસમીટર જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત જે "સાકેત-II સ્કીમના બંગલા નંબર-૧૧૧ થી ઓળખાય છે તે મિલ્કત તથા "સાકેત -II (મકરબા) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લીમીટેડ" ના તમામ હકકો સહીતની મિલ્કત તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ મિલ્કત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે પરત્વેના ઉપરોકત મિલ્કતમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ મિલ્કત ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ મિલ્કત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ મિલ્કત ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૮-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે દશરથભાઈ કાલીદાસ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા બાવળાના ગામ મોજે રૂપાલના (i) નવા બ્લોક નંબર-૬૮૩ (જુના બ્લોક નંબર-૨૪૯ તથા તે આગાઉના જુના સર્વે નંબર-૧૫૮) ની કુલ ૧૮૪૫૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે ઓફિસ-ધોળકાના સીટી સર્વે વોર્ડ-રૂપાલ (બીનખેતી) માં શીટ નંબર-NA99 માં સીટી સર્વે નંબર-NA683 આપવામાં આવેલો છે, તે બીનખેતી થયેલી જમીન તથા (ii) નવા બ્લોક નંબર-૬૮૪ (જુના બ્લોક નંબર-૨૫૦ તથા તે આગાઉના જુના સર્વે નંબર-૧૫૯/૧ તથા ૧૫૯/૨) ની કુલ ૫૫૬૪ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે ઓફિસ-ધોળકાના સીટી સર્વે વોર્ડ-રૂપાલ (બીનખેત

અમદાવાદમાં ૯૫૧ જેટલા ડ્રગ્સ પેડલર્સને બોલાવી પોલીસે ચેતવ્યા

ડ્રગના કારોબારમાં સંડોવાયેલા આરોપીના સગા-સંબંધીઓની મિલકતો પણ જપ્ત થશે

અમદાવાદ,બુધવાર

અમદાવાદના સરખેજમાં એમ ડી ડ્રગ્સ તયાર કરવાની ફેક્ટરી મળી આવતા શહેરમાં ચાલતા ડ્રગ્સના નેટવર્કને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જે બાબતને લઈને અમદાવાદ પોલીસ એક્શન મોડમાં આવી છે. જેમાં અમદાવાદમાં ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલા ૯૫૧ જેટલા ડ્રગ્સ પેડલર્સને શાહીબાગ સ્થિત જે ડી નગરવાલા સ્ટેડિયમમાં એકઠા કરીને ચેતવણી આપી હતી કે હવે ડ્રગ્સના કારોબારમાં સંડોવણી સામે આવશે તો આકરી કાર્યવાહી થશે અને તેમની મિલકતો જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરાશે. સાથેસાથે ડ્રગ્સના કેસ પકડાશે તો સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈની સીધી જવાબદારી ગણાશે. તેમજ ક્રાઈમબ્રાંચ, એસઓજી અને એન્ટી નાર્કોટિક્સ યુનિટને પણ એલર્ટ કરાયા હતા.

ડ્રગના દૂષણને ડામવામાં ધારી સફળતા ન મળતા કમિશનર હરકતમાં, ડ્રગ પકડાય તે વિસ્તારના પીઆઈની સીધી જવાબદારી નક્કી કરાશે

અમદાવાદમાં ડ્રગ્સનું દુષણ ચિંતાજનક રીતે વધ્યુ છે. જેને કાબુમાં લેવા માટે સ્થાનિક સ્તરે ધારી સફળતા મળી નથી. ત્યારે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ દિશામાં નવી રણનીતિના ભાગરૂપે ગુરૂવારે શાહીબાગ પોલીસ હેડ ક્વાટર્સ જે ડી નગરવાલા સ્ટેડિયમ ખાતે ૯૫૧ જેટલા ડ્રગ્સ પેડલર્સને એકઠા કરીને સબક શીખવ્યો હતો. જેમાં તમામને ડ્રગ્સના કારોબારથી દુર રહેવા માટે માટે કડક ચેતવણી આપી હતી. સાથેસાથે એમ પણ કહ્યું હતું કે જો ફરીથી તે ગુનાખોરીમાં ઝડપાશે તો તેમના નામની જ નહી પરંતુ, તેમના સગાની મિલકતો જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, એનડીપીએસના કેસમાં અન્ય રાજ્યની જેલમાં પણ મોકલવામાં આવશે.

ડ્રગ્સના કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓના ડેટા ક્રાઈમબ્રાંચ, એસઓજી અને એન્ટી નાર્કોટિક્સ યુનિટને આપવાની સાથે તેમના પર સતત વોચ રાખવા માટે સુચના આપી છે.

સાથેસાથે પોલીસ કમિશનરે શહેરના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને પણ ચેતવ્યા હતા કે તેમના પોલીસ સ્ટેશનની હદમાં ડ્રગ્સ ઝડપાશે તો તે પણ જવાબદાર રહેશે.

વિદ્યાર્થી-વાલીઓને ટેકનિકલ શિક્ષણ કાઉન્સિલ ચેતવણી

યુનિ.જોડાણના નામે એડ્યુટેક કંપનીમાં પ્રવેશની ફેન્ચાઈઝી સિસ્ટમ ગેરમાન્ય

અમદાવાદ,બુધવાર

કેટલીક એડ્યુટેક કંપનીઓ યુનિ.નું જોડાણ હોવાનું જાહેર કરીને ડિગ્રી-ડિપ્લોમા ટેકનિકલ કોર્સીસમાં પ્રવેશ આપતી હોવાનું ટેકનિકલ શિક્ષણ કાઉન્સિલના ધ્યાને આવ્યુ છે.જેને લઈને કાઉન્સિલે પબ્લિક નોટિસ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચેતવણી આપતા તાકીદ કરી છે યુનિવર્સિટી સાથે જોડાણના નામે એડ્યુટેક કંપનીઓમાં આ રીતે પ્રવેશની ફેન્ચાઈઝી સીસ્ટમને કોઈ પણ પ્રકારની માન્યતા કાઉન્સિલ દ્વારા નથી.જેથી પ્રવેશ ન લેવો.જ્યારે યુજીસી દ્વારા પણ ફરી એકવાર ફેક યુનિ.ઓનું લિસ્ટ જાહેર કર્યુ છે અને વિદ્યાર્થીઓ-વાલીઓને તાકીદ કરવામા આવી છે કે માત્ર સોશિયલ મીડિયા અને જાહેરાતોને આધારે કોઈ પણ યુનિ.-કે કોલેજમાં પ્રવેશ ન લેવો.યુનિ.-કોલેજની તમામ માન્યતાને ચકાસી લેવામા આવે.

કાઉન્સિલ ઉપરાંત યુજીસી દ્વારા પણ સોશિયલ મીડિયા-જાહેરાતોને આધારે યુનિ.-કોલેજોમાં પ્રવેશ ન લેવા તાકીદ

ભારત સરકારની ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને તાજેતરમાં પબ્લિક નોટિસ આપીને જણાવ્યું છે કે કેટલીક એડ્યુટેક કંપનીઓ મીડિયા અને વિવિધ માધ્યમોમાં જાહેરાત આપીને એવુ રજૂ કરે છે કે કાઉન્સિલ દ્વારા માન્ય યુનિવર્સિટીઓ-સંસ્થાઓ સાથે જોડાણ છે અને ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, એમબીએ-એમસીએ, અપ્લાઈડ આર્ટસ એન્ડ ક્રાફ્ટસ,બીબીએ-બીસીએ સહિતના કોર્સીસમાં પ્રવેશ આપવામા આવશે. ઉપરાંત આવી એડ્યુટેક કંપનીઓ ઓનલાઈન કે ડિસ્ટન્સ લર્નિંગમાં પણ પ્રવેશની જાહેરાતો કરે છે. જો કે કાઉન્સિલ દ્વારા આ પ્રકારે કોઈ પણ યુનિ.સાથે જોડાણ ધરાવીને એડ્યુટેક કંપની દ્વારા ઓફર કરાતા કોર્સીસમાં પ્રવેશની ફેન્ચાઈઝી સીસ્ટમને માન્યતા નથી.

કાઉન્સિલે સ્પષ્ટ કર્યુ છે કે એઆઈસીટીઈ દ્વારા જે યુનિ. અને કોલેજને જે તે કોર્સ માટે માન્યતા અપાઈ છે તેમાં જ પ્રવેશ માન્ય છે. આ પ્રકારે માન્યતા વિના એડ્યુટેક કંપનીઓ માત્ર યુનિ.સાથે જોડાણ હોવાનું દર્શાવી પ્રવેશ આપે તો ફેન્ચાઈઝી કે કોલોબ્રેશન સીસ્ટમ ગેરમાન્ય ગણાશે.કાઉન્સિલે આ ચેતવણી સાથે વિદ્યાર્થીઓ-વાલીઓ કે કોઈ પણને આ પ્રકારની ગેરવૃત્તિ સામે ફરિયાદ કરવા પણ તાકીદ કરી છે. જ્યારે બીજી બાજુ યુજીસીએ પણ સુપ્રિમકોર્ટમાં એક પીટિશનના કેસમાં તાજેતરના ચુકાદાને આધારે ફરી એકવાર રાજ્યવાર ફેક યુનિ.ઓનું લિસ્ટ જાહેર કરીને વિદ્યાર્થીઓ-વાલીઓને કોઈ પણ કોર્સમાં પ્રવેશ લેતા પહેલા યુજીસી કે સંબંધિત કાઉન્સિલ કે સંબંધિત સત્તામંડળ-ઓથોરિટીની માન્યતાઓ ચકાસી લેવા જણાવ્યું છે.યુજીસીએ વિદ્યાર્થીઓ-વાલીઓને સૂચના આપી છે કે માત્ર જાહેરાતો-સોશિયલ મીડિયામાં કરાતી પોસ્ટ કે પ્રચાર અને વેબસાઈટ-બ્રોશર્સના આધારે પ્રવેશ લઈ ન લેવામા આવે.એફિલિએશન,અપ્રુવલ સહિતની તમામ બાબતોની ચકાસણી યુજીસી વેબસાઈટ પરથી કરવામા આવે.

રોડટેપ યોજનાના અટકેલા લાભ ફરી આપવાનું શરૂ : ૧૧૭ના નામ જાહેર

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

નિકાસકારોએ ભરવા પડતા અને અન્ય કોઈ માધ્યમથી પરત ન મળતા કરવેરા અને ઈમ્પોર્ટ ડ્યૂટીની રકમ પરત ભરપાઈ કરી આપવા માટે પ્રોત્સાહન આપતી રોડટેપની યોજનાના લાભ આપવાનું પાછું ચાલુ કરી દેવામાં આવ્યું છે. હજારો નિકાસકારોના મળીને અબજોરૂપિયાના રિફંડો બાકી હોવાથી વેપારીઆલમ રિફંડ આપવાની વાત વારંવાર છેડી તે પછી સમગ્ર વિવાદ ઉકેલની દિશામાં આગળ વધી રહ્યો છે.

કસ્ટમ્સના ૮૫૦ નિકાસકારોમાંથી ૧૧૭એ રોડટેપનું વાષક રિટર્ન ભરી દેતા ૧૧૬ના એલર્ટ દૂર, ૭૩૩ હજુના નામની જાહેરાત બાકી

ન્હાવા શેવા કસ્ટમ્સ હાઉસના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ૮૫૦ નિકાસકારોના ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડ સામે રોડટેપના સ્કોલ જનરેટ થવાની પ્રક્રિયા અટકાવવામાં આવી હતી. હવે આ પૈકી ૧૧૭ નિકાસકારોએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું વાર્ષિક રોડટેપ રિટર્ન ભરી દીધું તેથી ૧૧૬ નિકાસકારોના ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડને સસ્પેન્ડ કરી દેવાના જૂના નિર્ણયને રદ-સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. આ જાહેરનામાની અસર ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ટેક્સટાઈલ, મરીન પ્રોડક્ટ્સ, ફૂડ પ્રોસેસિંગ, એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રો પર પડશે.

પ્રથમ જેમના એલર્ટ દૂર થઈ ગયા છે તેમને રાહત મળશે. ૧૧૬ ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડ ધારકોના સસ્પેન્શન દૂર થતાં આઈસીઈએસ ૧.૫ સિસ્ટમમાં સંબંધિત એલર્ટ દૂર થયા છે. સિસ્ટમમાં આ ફેરફાર દેખાયા બાદ સંબંધિત શિપિંગ બિલો અન્ય તમામ લાગુ શરતો પૂરી કરતાં હોય તો રોડટેપનો જનરેટ કરવાની પ્રક્રિયા ફરી શરૂ થઈ શકે છે. પરિણામે અટકેલી ડ્યુટી કેડિટ મેળવવાની દિશામાં પ્રગતિ થશે. બીજું, જેમણે હજુ રિટર્ન નથી ભર્યું તેમના માટે ખર્ચનું જોખમ છે. બાકીના ૭૩૩ નિકાસકારો માટે એન્યુઅલ રોડટેપ રિટર્ન નહિ ભરે તો નિકાસ પર મળવાપાત્ર રોડટેપ સ્કોલ જનરેટ થવામાં અવરો રહેશે. પરિણામે નિકાસકારને મળવાપાત્ર ડ્યુટી ક્રેડિટનો ઉપયોગ કરી શકાશે નહીં. કંપનીએ આયાત માટે બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી ચૂકવવા માટે પોતાની કાર્યકારી મૂડીનો વ્ યુપયોગ કરવો પડી શકે છે.

જવાહરલાલ નેહરુ કસ્ટમ હાઉસ, ન્હાવા શેવાએ ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પબ્લિક નોટિસ બહાર પાડીને તેમના પ્રસ્તુત નિર્ણયની જાહેરાત કરી હતી. પબ્લિક નોટિસમાં બાકી રહેલા નિકાસકારોને પણ વહેલી તકે વાર્ષિક રિટર્ન ભરવા અને એલર્ટ દૂર કરાવી લેવા માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે. આ સંદર્ભમાં ૮૫૦ નિકાસકારોની એક યાદી બહાર પાડી છે. પરંતુ રોડટેપના લાભ બાકી હોય તેવા નિકાસકારોની સંખ્યા ઘણી મોટી હોવાનો અંદાજ છે. એક કંપનીને પાત્ર એક ટકાથી માંડીને અંદાજે ૪.૫ ટકો જેટલો રોડટેપનો લાભ મળે છે.

મોટા નિકાસકારો માટે કેટલા કરોડના રોડટેપના લાભ નોંધાયા?

કંપની/નિકાસકાર	ચૂકવણી (રૂ. કરોડમાં)
એમએસએન લેબો.પ્રા.લિ.	૩૩.૦૦
આલ્ફાફોઝન લિમિટેડ	૨૫.૫૨
સ્પ્રિન્ટ એક્સપોર્ટ લિમિટેડ	૧૫.૮૦
આલ્ફા મરીન	૧૦.૮૨
એનએએસ ફિશરીઝ પ્રા.લિ.	૯.૬૩
ઈન્ડો-એમઆઈએમ લિમિટેડ	૯.૪૬
કલરટેક્સ ઈન્ડ. પ્રા.લિ.	૯.૧૮
શરત ઈન્ડસ્ટ્રીજ લિમિટેડ	૮.૪૪
મિશેલિન ઈન્ડિયા પ્રા.લિ.	૮.૪૨
ગુડલક ઈન્ડિયા લિમિટેડ	૮.૩૭

બોપલમાં રહેતા યુવકે આકરું પગલું ભર્યું

પત્નીના માનસિક ત્રાસથી કંટાળીને પતિએ નદીમાં ઝંપાલાવી જીવન ટુંકાવ્યું

અમદાવાદ,બુધવાર

શહેરના બોપલમાં રહેતા યુવકે તેની પત્ની દ્વારા મળી રહેલા માનસિક ત્રાસ અને અન્ય વ્યક્તિ સાથેના આડા સંબધો તેમજ સામાજિક રીતે કરવામાં આવતી હેરાનગતિથી કંટાળીને સાબરમતી નદીમાં ઝંપલાવીને જીવન ટુંકાવ્યાની ફરિયાદ સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવી છે.

અઢી વર્ષના લગ્ન જીવન દરમિયાન પત્નીના આડા સંબધ અને સોનાના દાગીના માટેની જીદના પ્રશ્નો ઉભા થયા હતા

બોપલમાં આવેલા આશ્રય એપાર્ટમેન્ટમાં રહેતા સહદેવ દેસાઈએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમના મોટાભાઈ સિદ્ધાર્થના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૪માં પાટણના મણુદ ગામમાં રહેતી નેહા સાથે થયા હતા. સિદ્ધાર્થ બોડકદેવમાં આવેલી એક કંપનીમાં નોકરી કરતો હતો. ગત ૩૧મી ઓગસ્ટના રોજ સિદ્ધાર્થ સવારે ઘરેથી નોકરી પર જવા નીકળ્યો હતો. પરંતુ, પરત આવ્યો નહોતો. સાંજે પરત ન ફરતા તેને કોલ કર્યો હતો પરંતુ, ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી તેના ગુમ થવા અંગે બોપલ પોલીસ મથકે જાણવા જોગ નોંધ કરાવી હતી.

બીજા દિવસે સિદ્ધાર્થનો મૃતદેહ સાબરમતી રિવરફ્રન્ટ પરથી મળી આવ્યો હતો. સામાજિક વિધી બાદ તેના મોબાઈલમાંથી કેટલીક વિગતો મળી આવી હતી. જેમાં તેની પત્ની નેહાને ચાણક્યપુરીમાં વિસ્તારમાં રહેતા રાકેશ રબારી નામના પરિણીત વ્યક્તિ સાથે આડા સંબધ હતા અને તે રાકેશની પત્નીના સીમંતના પ્રસંગમાં પણ ગઈ હતી. એટલું જ નહી તે સોનાના દાગીના લેવા માટે સિદ્ધાર્થ સાથે તરકરાર કરતી હતી. થોડા સમય પહેલા તે પિયરમાં રહેવા માટે જતી રહી હતી અને પરત આવવાની ના પાડીને સિદ્ધાર્થ પર દબાણ ઉભુ કરતી હતી. જેના કારણે તે માનસિક રીતે હતાશ થઈ ગયો હતો અને તેણે જીવન ટુંકાવ્યું હતું. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

૭૫ ટકા ફરજીયાત હાજરીનો નિયમ પરંતુ

ઝેવિયર્સ કોલેજ હવે પરીક્ષા માટે વિષયદીઠ હાજરીને ધ્યાને લેશે

અમદાવાદ,બુધવાર

ગુજરાતની સૌપ્રથમ ઓટોનોમસ કોલેજ એવી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં યુજી કોર્સીસમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી પાંચમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓની આવતીકાલે ૧૯મીથી પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે ૭૫ ટકા હાજરી ન ધરાવતા વિદ્યાર્થીઓને પરીક્ષાથી બાકાત રાખવાના નિર્ણય સામે વિદ્યાર્થીઓ-વાલીઓએ વિરોધ કર્યો હતો.જો કે કોલેજે હવે વિદ્યાર્થી પરીક્ષામાં બેસી શકે તે માટે વિષયદીઠ હાજરીને ધ્યાને લેવાનો નિર્ણય કર્યો છે.

યુજીમાં પાંચમા સેમ.માં ૧૦૦થી વધુ વિદ્યાર્થીની ૭૫ ટકા હાજરી ન થતા પરીક્ષામાં બાકાત કરાયા

સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં યુજી કોર્સીસના પાંચમા સેમેસ્ટરમાં ભણતા વિદ્યાર્થીઓની આવતીકાલે ૧૯મીથી સેમેસ્ટર પરીક્ષા શરૂ થનાર છે.કોલેજ દ્વારા પરીક્ષામાં બેસવા દેવા માટે ૭૫ ટકા હાજરી ફરજીયાત હોવાનો નિયમ કરવામા આવ્યો છે.જે પહેલેથી જ છે પરંતુ ગત વર્ષે વધુ વિદ્યાર્થી હોવાથી થોડી છુટ અપાઈ હતી.જો કે આ વર્ષે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓને ૭૫ ટકા હાજરી ઓવરઓલ ન થતી હોવાથી પરીક્ષાની હૉલ ટીકિટ નથી અપાઈ. પરંતુ વિદ્યાર્થીઓ-વાલીઓની રજૂઆત બાદ કોલેજે હવે વિષયદીઠ હાજરી ધ્યાને લેવાનું નક્કી કર્યુ છે. જે વિદ્યાર્થીઓની ઓવરઓલ ૭૫ ટકા હાજરી હશે તેઓને પરીક્ષા આપવા દેવાશે અને જો ૭૫ ટકા ઓવરઓલ ન હોય અને જે વિષયમાં ૭૫ ટકા કે તેથી વધુ હાજરી હોય તે વિષયમાં પરીક્ષા આપવા દેવાશે.ઘણી ખાનગી ટોપ યુનિ.ઓમાં ૮૫ ટકા હાજરીનો નિયમ છે ત્યારે સેન્ટ ઝેવિયર્સ ઓટોનોમસ હોય ૭૫ ટકા હાજરી નિયમ રાખવામા આવ્યો છે.

ચોથા રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવ્યો

આયુર્વેદ-હોમિયોપેથી: ૫૧ વિદ્યાર્થી મેરિટથી બાકાત, ડિપોઝિટ જપ્ત

અમદાવાદ,બુધવાર

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી આયુર્વેદ અને હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટાની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં ચાર રાઉન્ડ પુરા થઈ ગયા છે.ચોથા રાઉન્ડમાં પ્રવેશ મળવા છતાં કન્ફર્મ ન કરાવનારા ૫૧ વિદ્યાર્થીઓને મેરિટમાંથી દૂર કરી દેવાયા છે અને તેઓએ ભરેલી ૧૦-૧૦ હજાર રૂપિયાની ડિપોઝિટ પણ નિયમ મુજબ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામા આવી છે.

૫૧ વિદ્યાર્થીની ૫.૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત:બેઠકો ખાલી રહેતા હવે ખાસ રાઉન્ડ કરાશે

આયુર્વેદ-હોમિયોપેથીમાં અગાઉ નોન એલોટમેન્ટ થયેલી ૧૫૦૦થી વધુ બેઠકો ખાલી રહી છે અને ચોથા રાઉન્ડમાં ૫૧ બેઠકો નોન રિપોર્ટેડ રહેલી છે.૫૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મળવા છતાં ફી ભરી નથી અને રિપોર્ટિંગ કરાવ્યુ નથી.જેથી તેઓનો પ્રવેશ કન્ફર્મ ન થતા તેઓને મેરિટ લિસ્ટમાંથી બાકાત કરવામા આવ્યા છે.જેમાં આયુર્વેદમાં ૩૬ અને હોમિયોપેથીમાં ૧૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.નિયમ મુજબ આ ૫૧ વિદ્યાર્થીઓની ૫.૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ પણ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામા આવી છે.આયુર્વેદ અને હોમિયોપેથીમાં કાઉન્સિલ દ્વારા નક્કી કરાયેલી પ્રવેશ મુદત ૨૭ નવેમ્બર સુધીની છે.જેથી ચાર રાઉન્ડ બાદ હવે ખાલી રહેલી બેઠકો માટે ખાસ રાઉન્ડ-સ્પેશ્યલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ(પાંચમો રાઉન્ડ) કરાશે.જેમાં નોન રિપોર્ટેડ રહેલી બેઠકો જ ભરાશે. જ્યારે નોન એલોટમેન્ટ બેઠકો ખાલી જ રહેશે.આયુર્વેદ-હોમિયોપેથીમાં ૩ ખાનગી કોલેજોને આ વર્ષે પ્રવેશ મંજૂરી અપાઈ નથી.

દિવાળી-છઠ પૂજાના તહેવાર સંદર્ભે

અમદાવાદથી ૧૫ દિવસમાં ૨૧ લાખ લોકોએ રેલવે મુસાફરી કરી

અમદાવાદ, બુધવાર

દિવાળી અને છઠ તહેવાર દરમિયાન વતન જવા અને પરત ફરવા માટે મોટી સંખ્યામાં મુસાફરો રેલવે તરફ વળ્યાં હતાં. જેમાં ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન અમદાવાદ રેલવે મંડળમાંથી કુલ ૨૧ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરતાં રેલવેને રૂ.૧૦૮ કરોડથી વધુની આવક થઈ હતી. આ સમયગાળામાં મુસાફરોની વધતી સંખ્યાને પહોંચી વળવા વિશેષ ટ્રેનો ચલાવી ૭૯ ટ્રિપ મારવામાં આવી હતી. અમદાવાદ સ્ટેશન પરથી સૌથી વધુ ૮.૧૩ લાખ મુસાફરોની અવરજવર નોંધાઈ હતી. જ્યારે સાબરમતીથી ૩.૪૨ લાખ અને અસારવાથી ૧.૩૭ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી. ખાસ કરીને ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના રાજ્યો માટે વિશેષ ટ્રેનો દોડાવાઈ હતી. આ ઉપરાંત સ્વર્ણ જયંતિ રાજધાની, તેજસ અને કર્ણાવતી એક્સપ્રેસમાં વધારાના કોચ જોડવામાં આવ્યાં હતાં. સ્ટેશનો પર ભીડ નિયંત્રણ માટે હોલ્ડિંગ એરિયા, સીસીટીવી અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સોમનાથનું હવાઈ અભિવાદનઃ ભારતીય સેનાની માઉન્ટેન ઈગલ્સ ટીમનાં માઈક્રોલાઈટ વિમાનો દ્વારા મંદિર પર આકાશમાંથી પુષ્પવર્ષા



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિર પર આજે ભારતીય સેનાની વિશેષ સાહસિક ઉડ્ડયન ટીમ માઉન્ટેન ઈગલ્સ દ્વારા પુષ્પવર્ષા સહ હવાઈ અભિવાદન કરવામાં આવ્યું હતું. સેનાના વિંગ્સ ઓફ વેલોર એન્ડ યુનિટી એક્સપિડિશન૨૦૨૬ અંતર્ગત બે માઈક્રોલાઈટ વિમાનો અને બે પાવર્ડ હેંગ ગ્લાઈડર્સના કાફલા દ્વારા શ્રી સોમનાથ મંદિર પરિસર ઉપરથી પસાર થઈ પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સેનાના આ વિશેષ અભિયાનનો પ્રારંભ મહૂથી કરવામાં આવ્યો હતો. આશરે ૩૨૦૦ કિલોમીટરની રાષ્ટ્રીય હવાઈ સાહસયાત્રા અંતર્ગત ટીમ દ્વારા પશ્ચિમ અને મધ્ય ભારતનાં વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં ઉડ્ડયન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે સોમનાથના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વને આ રીતે વિશેષ વંદન સાથે સનાતન સંસ્કૃતિનાં અવિનાશી પ્રતીક સોમનાથ મહાદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. દેશની ભૌગોલિક સરહદોના રક્ષકો દ્વારા સાંસ્કૃતિક ચેતનાના આ ઐતિહાસિક કેન્દ્રને સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે અર્પણ કરાયેલી પુષ્પાંજલિ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દ્રશ્યો નિહાળી મંદિર પરિસરમાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓ અને નાગરિકોમાં દેશભક્તિ અને ગૌરવની લાગણી પ્રબળ બની હતી.

ચૂંટણી નજીક આવતા જ સરકારને પ્રેમ ઉભરાયો

આદિવાસી ખેડૂતોને રિઝવવા માટે રવિ સિઝનમાં પણ બિયારણ-ખાતરની સહાય

અમદાવાદ, બુધવાર

આદિવાસી વોટ બેન્ક મેળવવા માટે અત્યારે રાજ્ય સરકાર દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી સહિતના મંત્રીઓને આદિવાસી વિસ્તારમાં દોડાવવામાં આવી રહ્યા છે. ત્યારે હવે આદિવાસી ખેડૂતોને રિઝવવા માટે રવિ સિઝનમાં પણ બિયારણ અને ખાતરની સહાય આપવાનો નિર્ણય કરાયો છે. અત્યાર સુધી ખરીફ સિઝન માટે જ આવી સહાય આપવામાં આવતી હતી.

૧૪ જિલ્લાના ૪૮ હજાર લાભાર્થીને એક એકર જમીન માટેનું બિયારણ ઉપરાંત ત્રણ પ્રકારના ખાતર અપાશે

ગુજરાતના આદિવાસી વસતી ધરાવતા ૧૪ જિલ્લાના ૪૮ હજારથી વધારે લાભાર્થીઓને ખેતીની રવિ સિઝન માટે એક એકર જમીન માટેનું બિયારણ તથા ત્રણ પ્રકારના ખાતર પ્રોમની ૫૦ કિલોની એક બેગ, એમોનિયમ સલ્ફેટની ૫૦ કિલોની એક બેગ તથા એનપીકે કોન્સોર્ટિયા બોટલ આપવામાં આવશે. અત્યાર સુધી ખરીફ સિઝન માટે જ આવી સહાય આપવામાં આવતી હતી. પરંતુ આ વર્ષથી રવિ સિઝનમાં પણ સહાય આપવાનું નક્કી કરાયું છે. જેના માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. હાલ વિતરણ શરૂ પણ કરી દેવામાં આવ્યું છે. ખરીફ સિઝનમાં આ યોજના હેઠળ મગફળી, સોયાબીન, જુવાર, ડાંગર, રીંગણ, અડદ, તુવેર, રાગી, ભીંડા, બાજરી જેવા પાકોમાંથી કોઈપણ એક પાકના બિયારણની સહાય કરવામાં આવે છે.

કયા જિલ્લામાં કયા પાકનું બિયારણ અપાશે?

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, મહિસાગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુરમાં મુખ્ય પાકમાં ઘઉં, ચણા અને મકાઈ તથા તેની સાથે ટમેટા, રીંગણ અને ભીંડા પૈકી કોઈ એક પાકનું બિયારણ અને ખાતર અપાશે.

(૨) નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, ડાંગ જિલ્લામાં મુખ્ય પાકમાં ભીંડા, ટમેટા, દૂધી, કાકડી અને તેની સાથે રીંગણ કે બ્રોકલીનું બિયારણ ખાતર સાથે અપાશે.

થાઈલેન્ડની ટુરના નામે ૧૮ પ્રવાસીઓ સાથે ઠગાઈના કેસમાં

નિકોલની વિનાયક હોલીડે ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની આખરે ધરપકડ


અમદાવાદ,બુધવાર

નિકોલમાં થાઈલેન્ડ ટૂર પેકેજના નામે ૧૮ પ્રવાસીઓ સાથે રૂ.૧૨.૦૩ લાખની છેતરપિંડી કરવાના કેસમાં નિકોલ પોલીસે વિનાયક હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સના સંચાલક મયુર જયંતીલાલ સોનીની ધરપકડ કરી છે. પોલીસએ આરોપી મયુર સોનીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપી ટ્રાવેલ્સ સંચાલકને ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મયુર સોનીને ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો : થાઈલેન્ડ લઈ ગયા બાદ પ્રવાસીઓની કોઈ વ્યવસ્થા જ ના કરી


થાઈલેન્ડ ફરવા જવા માટે ફરિયાદી ગુણવંત પટેલ પોતાના સ્ટાફ સાથે આયોજન કરી વિનાયક હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન એજન્સીના સંચાલક મયુર સોનીએ આકર્ષક પેકેજ અને ડિસ્કાઉન્ટની લાલચ આપી ટૂર પેકેજની વિગતો વોટ્સએપ મારફતે મોકલી હતી. એક વ્યક્તિદીઠ અંદાજે રૂ.૩.૫૨ લાખના પેકેજની વિગતો આપ્યા બાદ ફરિયાદીએ કુલ ૧૮ વ્યક્તિઓનું બુકિંગ કરાવ્યું હતું. જેમાં આરોપીએ ટૂર પેકેજ ઉપરાંત થાઈલેન્ડમાં ખર્ચ માટે સ્થાનિક ચલણની વ્યવસ્થા કરી આપવાની પણ ખાતરી આપી હતી. આ રીતે ફરિયાદી અને અન્ય પ્રવાસીઓ પાસેથી ઓનલાઈન માધ્યમથી આરોપીએ કુલ રૂ.૧૨.૦૩ લાખ મેળવ્યા હતા.

જો કે, પ્રવાસીઓ થાઈલેન્ડ પહોંચ્યા બાદ આરોપીએ આપેલા વાયદા મુજબ હોટેલ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી નહોતી. તપાસમાં હોટેલ બુકિંગના વાઉચર પણ બોગસ હોવાનું સામે આવ્યું હતું.પોલીસે ટ્રાવેલ્સ સંચાલક આરોપી મયુર સોનીની ધરપકડ કરી અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરી પોલીસે પાંચ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. સરકાર દ્વારો કોર્ટ સમક્ષ રજૂઆત કરાઇ હતી કે ઓનલાઈન માધ્યમથી મેળવેલા રૂ.૧૨.૦૩ લાખ ક્યાં રાખવામાં આવ્યા છે અને કોને ચૂકવવામાં આવ્યા છે તેની તપાસ કરવાની બાકી છે. છેતરપિંડીથી મેળવેલી રકમ ક્યાં રોકાણ કરવામાં આવીમાં આવી તેની તપાસ કરવાની છે.બોગસ હોટેલ બુકિંગ વાઉચર બનાવવામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ અને આરોપી કોઈ મોટા છેતરપિંડીના રેકેટ સાથે સંકળાયેલો છે કે કેમ તે દિશામાં તપાસ કરવાની રજૂઆત કરવામાં આવી હતી.











આરોગ્ય વિભાગ અને સંલગ્ન કચેરીઓમાં

૩ વર્ષમાં ૨૧ નિવૃત અધિકારીને કરારથી નિમણૂંક અને એક્સટેન્શન

અમદાવાદ,બુધવાર

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પુછાયેલી માહિતીના જવાબમાં રજૂ કરાયેલી માહિતી મુજબ ૨૦૨૫ સુધીના ૩ વર્ષમાં આરોગ્ય વિભાગ અને સંલગ્ન કચેરીઓમાં ૨૧ નિવૃત અધિકારીને કરાર આધારીત નિમણૂંક અથવા એક્સેટેન્શન અપાયા છે.

૨૧ અધિકારીમાં સૌથી વધુ વર્ગ-૧નાઃ ૩ અધિકારી નિયત ૬૨ વર્ષની વયમર્યાદાથી વધુના

આરોગ્ય વિભાગમાં અને વિભાગના તાબા હેઠળની વિવિધ કચેરીઓમાં ૨૦૨૨થી ૨૦૨૫ સુધીના ત્રણ વર્ષમાં નિવૃત થયેલા કુલ ૨૧ અધિકારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારીત રાખવામા આવ્યા છે તો કેટલાક અધિકારીને એક્સટેન્શન અપાયુ છે.આ અધિકારીઓમાં વર્ગ-૧ના સૌથી વધુ ૧૭ અધિકારી છે.જ્યારે વર્ગ-૨ના ૩ અને વર્ગ-૩માં ૧ કર્મચારી છે.જુન ૨૦૨૪થી મે ૨૦૨૫ દરમિયાન નિવૃત થયેલા અધિક સચિવ કક્ષાના બે અધિકારીને કરાર આધારી નિમણૂંક-એક્સટેન્શન અપાયા છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા રજૂ કરાયેલી માહિતી મુજબ મે ૨૦૨૫ સુધીની સ્થિતિએ આરોગ્ય વિભાગમાં ૩ અધિકારી ૬૨ વર્ષથી વધુની વયના છે.જેમાં પીઆઈયુ તથા તબીબી શિક્ષણ અને એફડીસીએ સહિતના વિભાગોમાં છે.

આજીવન કેદની સજા ભોગવી રહેલા

ગોધરાકાંડના ૭ આરોપીઓની પેરોલ રજા હાઈકોર્ટે લંબાવી

અમદાવાદ,બુધવાર

ગત તા.૨૮-૨-૨૦૨૬ના રોજ ગોધરા રેલ્વે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ ચાંપી અયોધ્યાથી પરત ફરી રહેલા ૫૯ કારસેવકોને જીવતા ભૂંજી નાંખવાના ચકચારભર્યા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૭ દોષિતોની પેરોલ રજા તા.૧૦મી ડિસેમ્બર સુધી ગુજરાત હાઈકોર્ટે લંબાવી આપી છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, દોષિતોની સજા માફીની બીજી વખત સરકારના સત્તાવાળાઓ સમક્ષ કરાયેલી અરજી વિચારાધીન છે, તેથી દોષિતોના પેરોલ લંબાવવામાં આવે છે. હાઈકોર્ટ દ્વારા જે ૭ દોષિતોના પેરોલ લંબાવવામાં આવ્યા તેમાં આરોપી મહેબૂબ પોપા, મહેબૂબ લતીફો, જાબીર બિન્યામીન બેહરા, રમજાની બિન્યામીન બેહરા, શોકત બીબીનો, સિરાજ મેડા અને અનવર મેડાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓએ હાઇકોર્ટ દ્વારા અગાઉ જૂન અને જુલાઈ મહિનામાં તેમને ૪ મહિના માટે મંજૂર કરાયેલી પેરોલ રજા લંબાવવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે એ વાતની પણ નોંધ લીધી હતી કે, આરોપીઓની પહેલીવારની સજા માફીની અરજીઓ સરકારના સત્તાવાળાઓ નકારવામાં આવ્યા બાદ તેઓએ એક વર્ષ બાદ ફરીથી સજા માફી માટે સત્તાવાળાઓ સમક્ષ અરજી કરી છે.



ઉવાચ-નોંધ

પંડ્યા : સ્વ. રમેશચંદ્ર ઉમિયાશંકર પંડ્યાનું બેસણું સિનિયર સિટિઝન હોલ, બાપા સીતારામ મઢુલી નજીક, સરદાર પટેલ હાઉસિંગ સોસાયટી, સેક્ટર-૧૪, સવારે ૯થી ૧૦.

મિસ્ત્રી : ગીતાબેન અમરતાલ મિસ્ત્રીનું બેસણું સી-૧૦૩, રાધિકા રેસીડેન્સી, ચેનપુર, ન્યુ રાણીપ રોડ, સવારે ૯ થી ૧૨.

દવે : ગ.સ્વ.કોકિલાબેન મહેન્દ્રકુમાર દવેનું બેસણું શ્રી પ્રાણશંકર હોલ, પુષ્પકુંજ, કાંકરિયા, મણિનગર સવારે ૯ થી ૧૨.

સોનીઃ સ્વ. અનિલકુમાર નાનાલાલ સોનીનું બેસણું, તા. ૧૯, સાકાંક્ષ અપાર્ટમેન્ટ, ગુરુકુળ, સવારે ૮.૩૦થી ૧૦.૩૦

શાહઃ સ્વ. દિલીપભાઈ રતીલાલ શાહનું બેસણું, તા.૧૯, બત્રીસી હોલ, સુભાષ બ્રિજ પાસે, સવારે ૯થી ૧૧

શુક્લઃ સ્વ. ડો. પ્રજ્ઞાબેન અંબાપ્રસાદ શુક્લનું બેસણું, તા.૧૯, ધર્મ જ્યોત અપાર્ટમેન્ટ, મણિનગર, સવારે ૯થી ૧૧

પટેલ : સ્વ. પ્રહલાદભાઈ અંબાલાલ પટેલનું ઉમિયા કેમ્પસ, સોલા ભાગવત પાસે, એસ જી હાઈવે ખાતે સવારે ૮ થી ૧૧

ત્રણ વર્ષમાં (છેલ્લા પાનાનું ચાલુ)

છે. જ્યાં આડેધડ દવાઓ અને ઈન્જેક્શન આપીને દર્દીઓને મોતના મુખમાં ધકેલવામાં આવી રહ્યા છે, છતાં જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. બનાસકાંઠા જીલ્લામાં ૨૦, આણંદ જીલ્લામાં ૧૯, નર્મદામાં ૧૮, વલસાડ ૧૮, અમરેલી ૧૩, અમદાવાદ ૧૧ અને જામનગર જિલ્લામાં ૧૦ બોગસ ડીગ્રીધારી ડોકટરો પકડાયાં હતાં. આ આંકડા તો માત્ર કાગળ પર ચડેલા અને પકડાયેલા શખ્સોના છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે હજુ પણ રાજ્યના સેંકડો ગામડાઓમાં આવા બોગસ તબીબોની હાટડીઓ ધમધમી રહી છે. યોગ્ય સારવારના અભાવે અને સ્થાનિક આરોગ્ય તંત્રની મિલીભગત કે આંખ આડા કાન કરવાની નીતિને કારણે નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાઈ રહ્યો છે.

વાત વાતમાં

આંતરરાષ્ટ્રિય પુરુષ-દિવસે... ચિંતન !?

આજે 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' છે ! સાથે સાથે ઈન્ટરનેશનલ 'ટોઈલેટ ડે' પણ છે ! અને હા, આજે ઈન્ટરનેશનલ 'ફિલોસોફી ડે' પણ છે !!

તમે જ કહો, આમાં આપણે પુરુષોએ શું સમજવાનું ? આજે ટોઈલેટની સીટ પર બેસીને કંઈ ફિલોસોફીના 'ચિંતનાત્મક' વિચારો કરવાના ? હદ થાય છે...

છતાં અમને અમુક પ્રેક્ટિકલ વિચારો તો આવે જ છે...

* * *



પહેલી વાત તો એ કે આ પુરુષ ડે હંમેશાં 'વર્કીંગ-ડે'માં જ કેમ આવે છે ?

શું આજના દિવસે આપણને મોડા ઉઠવાની, નહીં નહાવાની તથા અંડરવેર નહીં બદલવાની પણ 'સ્વતંત્રતા' ના મળે ?

* * *

અને હલો, દારૂ બનાવતી કંપનીઓ આ પુરુષ-ડે સ્પોન્સર કેમ નથી કરતી ?

કમ સે કમ દરેક બિયર-બારમાં પુરુષો માટે ૫૦ ટકા ડિસ્કાઉન્ટ ના હોવું જોઈએ ? (ચાલો, ગાંધીનગરની ગિફ્ટ સીટીમાં તો કોઈ સ્કીમ આપો ?)

* * *

સ્ત્રીઓને થતા અન્યાયની વાતો સૌ કરે છે, પણ આજકાલની ફિલ્મોમાં બિચારા સલમાન, શાહરુખ, રિતીક રોશન, જોન અબ્રાહમ, રણબીર કપૂર વગેરે પુરુષ કલાકારોને 'અંગ પ્રદર્શન' કરવાની જે ફરજ પાડવામાં આવે છે તેની સામે અવાજ કેમ નથી ઉઠાવવામાં આવતો ?

* * *

અરે, અંગ પ્રદર્શનના 'વિરોધમાં' પુરુષો ખુલ્લા શરીરે, છાતી અને બગલમાં શેવ કર્યા વિના નીકળી પડીને સુત્રો કેમ નથી પોકારતા કે.. 'માય બોડી, માય હેર !'

* * *

અમે તો કહીએ છીએ કે પુરુષોએ આજના દિવસે સાડી-બ્લાઉઝ, પંજાબી ડ્રેસ, ચણિયા ચોળી, ફ્રોક વગેરે પહેરીને સરઘસો કાઢીને 'ન્યુ વેવ ફેશન'નું એલાન કરવું જોઈએ !

શું કહ્યું ? બહુ ફની લાગશે ?

તો સાહેબો, સ્ત્રીઓ જ્યારે પેન્ટ, શર્ટ, ધોતી, લુંગી, કોટ, બનિયાન, ચડ્ડી વગેરે પહેરે છે તેને તો કોઈ 'ફની' નથી કહેતું !

* * *

અને તમે ખાસ માર્ક કરજો, આજના દિવસે મોદીજી, જે ૫૬ની છાતી ધરાવે છે, એ પણ 'પુરુષ દિવસની શુભકામનાઓ' નહીં આપે !

ઘોર અન્યાય છે ને ?

કમ સે કમ પેલી રાખી સાવંત કે સની લિઓને તો અભિનંદન આપવા જોઈએ કે નહીં ?

(શું કહ્યું ? તમારાં પત્ની તમને અભિનંદન આપશે ? હાહાહા... ટ્રાય તો કરી જોજો ? આ 'વાંચ્યા પછી' તો નહીં જ આપે !)

- મન્નુ શેખચલ્લી

આજથી ભદ્ર ફેસ્ટિવલ, વોટર હેરિટેજ સીરીઝની ઉજવણી શરૂ

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં ૧૯થી ૨૫ નવેમ્બર સુધી વર્લ્ડ હેરિટેજ વીકની ઉજવણી કરાશે. જેને પગલે ૧૯ તારીખે ભદ્ર ફેસ્ટિવલમાં ગુજરાતી વાર્તાકથન, માતાની પછેડી આધારિત કલાત્મક રજૂઆતો, ભવાઈ, સીદી ધમાલ જેવા લોકનૃત્યો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જ્યારે ૨૦થી ૨૨ તારીખ દરમિયાન કોટ વિસ્તારમાં વારસાનો ઉત્સવ ઉજવાશે. જેમાં હેરિટેજ વોક, કવિ સંમેલન, ભજન જામિંગ કોન્સર્ટ વગેરેનું આયોજન કરાયું છે. આ સાથે જ ૨૫ તરીખે શહેરની ઐતિહાસિક જેઠાભાઈની વાવ, અમૃતવર્ષિણી વાવ અને દાદ હરિની વાવમાં સંગીત, કવિતા, નૃત્ય જેવા કાર્યક્રમો સાથે વોટર હેરિટેજ સીરીઝની ઉજવણી કરાશે.

ભારતીય જળસીમામાં ઘૂસેલા પાક. નાગરિકનું બીમારીથી મોત

પોરબંદર,બુધવાર

વર્ષ-૨૦૨૩માં પાકિસ્તાનની નાઝ-રે-કરમ નામની બોટ ૧૩ ખલાસીઓ સાથે ભારતીય જળસીમામાં ઘુસી ગઈ હતી, જેમાં સજા પૂર્ણ થયા બાદ દસ મહિનાથી પોરબંદર ખાતે નજરકેદ પાકિસ્તાની નાગરિક ઈસ્માયારઅલી ઈબ્રાહીમ જોખીયા નું બીમારીને લીધે અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં મોત થયુ છે.

આઈસક્રીમના નામે (છેલ્લા પાનાનું ચાલુ)

ગેરકાયદેસર નથી. પરંતુ દૂધની બનાવટોના નામે તેમનું ખોટી રીતે વેચાણ કરવું ગેરકાયદેસર છે. ઓપરેશન હેલ્થ શરૂ તો કર્યું છે, પણ આવા એકમો સામે શું પગલાં લેવાશે તેની સ્પષ્ટતા કરાઈ નથી.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે/બ્લોક નં.૯૩ ની ૫૮૬૮ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૬૨ ની ૩૫૨૧ ચો.મી. ના ક્ષેત્રફળવાળી મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન શ્રીધર ઈન્ફા એ નામની ભાગીદારી પેઢીની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

મોજે : રબોલ

ડીસ્ટ્રીક્ટ સુરેન્દ્રનગર, સબ ડીસ્ટ્રીક્ટ સુરેન્દ્રનગર, તાલુકો લીંબડી, મોજે રબોલ ગામની સીમના (૧) સર્વે/બ્લોક નં. ૧૩૧૦ (જુનો બ્લોક/સર્વે નં.૧૬૧૦) કે જેનો આકાર રૂા.૭.૭૯, ખાતા નં.૩૩૦૮ ની ૧-૬૪-૫૯ હે.આરે.ચો.મી., (૨) સર્વે/બ્લોક નં.૧૩૧૧ (જુનો બ્લોક/સર્વે નં.૧૬૦૯) કે જેનો આકાર રૂા.૧૦.૨૨, ખાતા નં.૩૩૦૬ ની ૨-૧૭-૭૫ હે.આરે.ચો.મી. વાળી જુની શરતની ખેતીલાયક જમીન કે જે સુનિલભાઈ (ઉર્ફે સુનીલકુમાર) દેવુભાઈ (અલગોતર) તથા (૩) સર્વે/બ્લોક નં.૧૩૧૨ (જુનો બ્લોક/સર્વે નં.૧૬૦૮) કે જેનો આકાર રૂા.૯.૦૪, ખાતા નં.૩૩૦૭ ની ૧-૯૦-૫૧ હે.આરે.ચો.મી., (૪) સર્વે/બ્લોક નં.૧૩૧૩ (જુનો બ્લોક/સર્વે નં.૧૬૦૭) કે જેનો આકાર રૂા.૮.૩૦, ખાતા નં.૩૩૦૭ ની ૧-૭૫-૧૨ હે.આરે.ચો.મી. વાળી જુની શરતની ખેતીલાયક જમીન કે જે નિલેશભાઈ (ઉર્ફે નિલેષકુમાર) દેવુભાઈ (અલગોતર) ની સ્વતંત્ર માલિકી અને કબજાવાળી તેમજ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ તેમજ તમામ પ્રકારના દાવાઓ અને બોજાઓથી મુકત હોવાનું જણાવી વેચાણ લાયક પરવાનગી મેળવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી ટાઈટલ ક્લીયરન્સના કાનુની અભિપ્રાયની માંગણી કરેલ છે જેથી ઉપરોકત જમીન અંગે ટાઈટલ ક્લીયર અભિપ્રાય આપવા સામે કોઈ વ્યકિત કે પેઢી સંસ્થાને વાંધો કે વિરોધ હોય અગર અન્ય કોઈ કાયદેસર હકક હિત પોષાતા હોય તો આજથી દિન-૧૫ માં જરૂરી કાયદા સમર્થિત પુરાવા સહીત નિચેના સરનામે રજીસ્ટર પોસ્ટ એડીથી જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી ટાઈટલ કલીયરન્સ અભિપ્રાય આપી દેવામાં આવશે ત્યારબાદ કોઈની તર-તકરાર ચાલશે નહી અને તેઓના હકો જતા (waive) કરેલ છે યાને છોડી દીધો છે તેમ માની ટાઈટલ અંગેના કાનુની અભિપ્રાય આપવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. અમારા અસીલની વકીલપત્રમાં આપેલ સુચના અને ફરમાઈશથી.

તા.૧૮/૧૧/૨૦૨૬

MEGHANI LAW FIRM
Lucky Meghani (Advocate)
Mo. 9033147527,07946040500
B-501,THE CAPITAL,
Opp.Hetarth Party Plot,
Science City Road,
Ahmedabad-380060.

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદનાં મોજે ગામ અણીયાળીની સીમના બ્લોક/સર્વે નંબર ૩૦૭ (જુના બ્લોક/સર્વે નંબર ૧૫૩ ની સમચોરસમીટર ૭૧૨૨૫) ની કુલ સમચોરસમીટર ૭૨૭૬૩ ની રહેણાંક હેતુની બીનખેતીની જમીન ઉપર "નલ વિલેજ" ના નામથી ઓળખાતી યોજના આવેલ છે., જેમાં આવેલા સેકટરો પૈકી સેકટર-૧માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર ૧૦૭ ની કુલ સમચોરસમીટર ૧૬૭જેના આશરે સમચોરસવાર ૨૦૦ (જેમાં વરાડે પડતા કોમન રોડ, રસ્તા તેમજ કોમન પ્લોટ સહિત) ની બીનખેતીની જમીન., આનંદકુમાર પોપટલાલ પંચાલએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર આનંદકુમાર પોપટલાલ પંચાલએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦

ગેરકાયદે બાંધકામના સેટિંગમાં ભાજપના કોર્પોરેટરોના નામ ઉછળ્યા

સુરત ભાજપના ગ્રુપમાં તોડકાંડની ચર્ચા : ૧૯ લાખના સેટલમેન્ટના દાવાથી રાજકીય ગરમાવો

(પ્રતિનિધિ દ્વારા) સુરત,બુધવાર

દેશની સૌથી શિસ્તબદ્ધ પાર્ટી હોવાનો દાવો કરતી ભાજપમાં સુરત ખાતે આંતરિક વિવાદ અને નાણાકીય વ્યવહારોના આક્ષેપોએ ફરી માથું ઊંચક્યું છે. ગેરકાયદે બાંધકામ સેટલમેન્ટમાં ૧૯ લાખ રૂપિયાનો કથિત તોડ થયો હોવાની અને વોર્ડ નં. ૨૭ના દરેક કોર્પોરેટરને બે-બે લાખ રૂપિયા મળ્યાની ચર્ચાએ પક્ષમાં ખળભળાટ મચાવ્યો છે. ભાજપના જ વોટ્સએપ ગ્રુપમાં થયેલી ઉગ્ર સેટિંગ માં ધારાસભ્ય ના નામે ૧૦ લાખ રૂપિયા કોણ લઈ ગયું તેવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે.

વોર્ડ નં.૨૭ના કોર્પોરેટરોને બે-બે લાખ મળ્યાની ચર્ચાથી વિવાદ, ધારાસભ્યના નામે ૧૦ લાખ કોણ લઈ ગયું તેવો સવાલ પણ ઉઠવાયો

સુરત ભાજપની નબળી નેતાગીરીના કારણે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યાં છે અને શિસ્ત ભંગ, મારા મારી, ગાળા ગાળી સહિતના અનેક બનાવો બનતા રહ્યા છે. જોકે, શહેર સંગઠન દ્વારા શિસ્ત ભંગ સામે કોઈ આકરા પગલાં કાર્યકર મનીષ નાયક વચ્ચે મોડી રાત્રે ચેટિંગ થઈ હતી. આ ચેટના સ્ક્રીનશોટ માં કૈલાશ બંગ્લોઝ ખાતે ગેરકાયદે બાંધકામ ના મામલે ૧૯ લાખ રૂપિયાનું સેટલમેન્ટ થયું હોવાની ચર્ચા કરવામાં આવી છે. આ નાણાંની વહેંચણી કોને કર્યો હતો. એટલું જ નહીં, ધારાસભ્ય ના નામે ૧૦ લાખ રૂપિયા કોણ લઈ ગયું તેની પણ તપાસ થવી જોઈએ તેવી માગ કરી હતી. આ જ ચેટ દરમિયાન દાંડીના ઐતિહાસિક માર્ગ પર મટન વેચાણ માટે હમ્મા ઉઘરાવવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. જોકે, આ તમામ બાબતો હાલ વોટ્સએપ ચેટમાં થયેલા આક્ષેપો અને દાવાઓ પૂરતી જ છે.

કોર્પોરેટર ભાઈદાસ પાટીલે કહ્યું, ઘટનાની ખબર નથી : મનીષ નાયકે ખાતમુહૂર્ત વેળા ચર્ચા અંતર્ગત ચેટિંગની પુષ્ટિ કરી

સમગ્ર મામલે કોર્પોરેટર ભાઈદાસ પાટીલનો સંપર્ક કરવામાં આવતાં તેમણે આ ઘટનાથી અજાણ હોવાનું જણાવ્યું હતું. ચેટમાં તેમના નામે થયેલી ટિપ્પણીઓ અંગે પૂછતાં તેમણે બે-ત્રણ દિવસ બાદ વાત કરવા અને મનીષ નાયકને પૂછવા જણાવ્યું હતું. બીજી તરફ મનીષ નાયકે ચેટિંગની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, ડિંડોલી ફાયર સ્ટેશન પાસે યોજાયેલા ખાતમુહૂર્ત અને ગોવિંદ પૂજનના કાર્યક્રમ દરમિયાન ખુદ ભાઈદાસ પાટીલે હાજર લોકો વચ્ચે કથિત કૌભાંડની વાત કરી હતી. આ બાબતના આધારે જ તેમણે ગ્રુપમાં સવાલો ઉઠાવી તપાસની માંગ કરી હતી.

નહીં ભરાતા ભાજપના શિસ્ત હવે ભુતકાળ બની રહ્યો છે. વોર્ડ નં. ૨૭ના 'ભારતીય જનતા પાર્ટી ચુનાવ' નામના વોટ્સએપ ગ્રુપમાં બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન અને હાલના કોર્પોરેટર ભાઈદાસ પાટીલ તથા ભાજપના વરિષ્ઠ અને કેવી રીતે થઈ તે અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

મનીષ નાયકે ગ્રુપમાં દરેક કોર્પોરેટરને બે-બે લાખ રૂપિયા મળ્યાની ચર્ચાનો ઉલ્લેખ કરી કોને નાણાં મળ્યા અને કોણ બાકી રહી ગયું તેવો સવાલ પણ ઉઠાવ્યો છે. ભાજપના શિસ્ત ના લીરેલીરા ઉડી રહ્યાં છે. તેમજ અનેક તર્કવિતર્ક ને જન્મ આપી રહ્યું છે.

આદિવાસીઓ નારાજ થતાં ભાજપના રાતવાસા

સરકારી તાયફા માટે પૈસા છે પણ આદિવાસીની સુવિધા માટે નથી

અમદાવાદ, બુધવાર

ગુજરાતના ઉમરગામથી લઈને અંબાજી સુધીના સમગ્ર આદિવાસી પટ્ટામાં જાણે રાજકીય માહોલ ગરમાયો છે. આદિવાસીઓના વિવિધ પડતર પ્રશ્નોને કારણે સરકાર સામે નારાજગી વધી રહી છે અને એટલે જ ભાજપના હાથમાંથી આદિવાસી સરકી રહ્યો છે. મતોમાં ગાબડું પડે તેવા ડરથી આખીય સરકાર દોડતી થઈ છે. એટલું જ નહીં, મતદારોની નારાજગી ખાળવા મુખ્યમંત્રીથી માંડીને કેબિનેટ મંત્રીઓએ આદિવાસી વિસ્તારોમાં રાતવાસા કરવા પડ્યાં છે.

પૈસા એક્ટના અમલને લઈ મંત્રીઓના મોં સિવાયાં મનરેગાના બાકી પૈસા અંગે હરફ ઉચ્ચારાયો નહીં

રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે આદિવાસી મતદારોમાં ગાબડું પડવાના ડરથી રાજ્યના મુખ્યમંત્રી, મંત્રીઓ અને સાંસદોએ આ વિસ્તારમાં પ્રવાસો અને બેઠકોનો દોર તેજ કર્યો છે.

જોકે, સ્થાનિક આપ આગેવાનોનો આક્ષેપ છે કે માત્ર પ્રવાસો કરવાથી પાયાના પ્રશ્નો ઉકેલાતા નથી. આદિવાસી વિસ્તારોમાં જર્જરિત શાળાઓ અને આરોગ્ય કેન્દ્રો જેવી પાયાની સુવિધાઓ સુધારવા માટે સરકાર પાસે પૂરતું બજેટ નથી, પરંતુ સરકારી તાયફા પાછળ મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ભગવાન બિરસા મુંડા જયંતી જોરશોરથી ઉજવવામાં આવી રહી છે પણ આદિવાસી સંગઠનો અને ધારાસભ્યોની વારંવાર રજૂઆતો છતાં રાજ્ય સરકારે પેસા એક્ટના અમલીકરણ અંગે કોઈ જાહેરાત કરી નથી.

આદિવાસીઓના વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં મોટા પાયે ગેરરીતિ અને કૌભાંડો આચરવામાં આવી રહ્યા છે, તેમ છતાં તંત્ર દ્વારા સરકાર કોઈ કડક કરવા તૈયાર નથી. ગરીબ આદિવાસી મજૂરોએ કરેલા કામના મનરેગા હેઠળના બિલના નાણાં હજુ સુધી ચૂકવવામાં આવ્યા ન હોવાથી શ્રમિક પરિવારોમાં રોષે ભરાયાં છે.

મુસાફરોની સુરક્ષા સામે ગંભીર સવાલ

સુરતમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, ગુજરાતમાં એક મહિનામાં ત્રીજી ઘટના

અમદાવાદ, બુધવાર

ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. છેલ્લા એક મહિનામાં ટ્રેનને નિશાન બનાવવાની મંગળવારે ત્રીજી ઘટના સામે આવી છે. જેમાં સુરત-નવસારી વચ્ચે સચિન રેલવે સ્ટેશન નજીક ગાંધીનગર-મુંબઈ વંદે ભારત પર પથ્થરમારો થતાં સી-૪ કોચની બારીનો કાચ તૂટી જતાં મુસાફરોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, સદ્નસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

સચિન નજીક સી-૪ કોચની બારી પર પથ્થરમારાથી મુસાફરોમાં ફફડાટ, સદ્નસીબે કોઈને ઈજા નહીં

ગુજરાતમાં વારંવાર બનતી પથ્થરમારાની ઘટનાઓએ વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરતાં લોકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ગત ૧૮ ઓક્ટોબરના રોજ સુરત નજીક ઉધના અને સુરત વચ્ચે વંદે ભારત પર પથ્થરમારો થતાં ત્રણ કાચને નુકસાન થયું હતું. આ કેસમાં ત્રણ શખ્સોની ધરપકડ થઈ હતી. પૂછપરછમાં તેમણે માત્ર મજા ખાતર પથ્થર ફેંક્યાની કબૂલાત કરી હતી. ત્યારબાદ ૮ નવેમ્બરે અમરેલીમાં સાબરમતી-વેરાવળ વંદે ભારત પર પથ્થરમારો થતાં ઈ-૧ કોચની બારીના બંને કાચ તૂટ્યા હતાં. હવે ૧૭ નવેમ્બરના રોજ મંગળવારે સચિન નજીક ફરી વંદે ભારત પર પથ્થરમારો થયો છે. દરેક વખતે મુસાફરોના જીવ જોખમમાં મુકાયા છે. બારી પાસે બેઠેલા મુસાફરો માટે અચાનક પથ્થર અથડાવાનો અવાજ પણ ભયનો માહોલ સર્જે છે. સદનસીબે અત્યાર સુધીની ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આવી બેદરકારીને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં રેલવે તંત્રએ ટ્રેક આસપાસ સુરક્ષા અને પેટ્રોલિંગ વધારવાની જરૂર છે.

આરોપી નીરજકુમાર ક્ષત્રિય છ દિવસના પોલીસ રિમાન્ડ પર

૨૦૬ કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં ગરીબ કલ્યાણ પાર્ટીના અધ્યક્ષની ધરપકડ

અમદાવાદ,બુધવાર

ગરીબ કલ્યાણ પાટીની આડમાં આચરવામાં આવેલા રૂ. ૨૦૬ કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં પકડાયેલા તેના રાષ્ટ્રીય અધ્યક્ષની નીરજ કુમાર ક્ષત્રિયને ચીફ્ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એમ.બી.પરમારે છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો છે.ઉલ્લેખનીય છે કે, ગરીબ કલ્યાણ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજકુમાર ક્ષેત્રિય વિરૂધ્ધ સરકારી તિજોરીને આશરે રૂ. ૬૨ કરોડનું આ થક નુકસાન પહોંચાડયાનો આરોપ છે.

રાજકીય પાર્ટીની આડમાં બોગસ ડોનેશન ઉઘરાવી સરકારી તીજોરીને રૂપિયા ૨૦૬ કરોડથી વધુનું આર્થિક નુકસાન પહોંચાડવાનો આરોપ

ગરીબ કલ્યાણ પાર્ટીની આડમાં આચરવામાં આવેલા રૂ. ૨૦૬ કરોડના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે પક્ષના અલગ-અલગ રાજ્યોમાંથી આટલી મોટી રકમ કયા કયા કરદાતાઓ પાસેથી અને કોના મારફતે મેળવવામાં આવી છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવાની છે , ગરીબ કલ્યાણ પાટીનું રજીસ્ટ્રેશન કરવા માટે આરોપીઓએ કયા

સીઆઈડી ક્રાઈમ હવે આ કૌભાંડમાં કયા કયા મુદ્દે તપાસ કરશે ?

* **પક્ષના બેંક ખાતાઓ ખોલાવવા, તેનું સંચાલન કરવા, ચેક પર સહી કરવા અને નાણાકીય વ્યવહારો અંગે નિર્ણયો લેવાની સત્તા કોને-કોને આપવામાં આવી હતી ?**
* **નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ દરમિયાન પક્ષના ખાતામાં જમા થયેલ કુલ રૂ. ૨૦૬,૭૬,૩૩,૬૪૩/- (રૂ. ૨૦૬ કરોડથી વધુ) ની જંગી રકમ કયા-કયા કરદાતાઓ પાસેથી, કયા માધ્યમથી અને કોના કહેવાથી મેળવવામાં આવી હતી?**
* **આ પેઢીઓ દ્વારા માલસામાન કે સેવાઓ પૂરી પાડવામાં આવ્યાના જે બોગસ બિલો, વાઉચરો અને ઈન્વોઈસ તૈયાર કરવામાં આવ્યા હતા, તે કયા સ્થળે અને કોણે બનાવ્યા હતા ?**
* **શેલ કંપનીઓના બેંક ખાતામાંથી રોકડ સ્વરૂપે નાણાં કોણે, કઈ તારીખે અને કઈ બેંકમાંથી ઉપાડયા હતા તથા તે રોકડ કોને સોંપવામાં આવતી હતી ?**
* **મુખ્ય આરોપી સાથે અભિષેક તિવારી અને પ્રદીપસિંહ પરિહાર ક્યારથી સંપર્કમાં આવ્યા તથા તેમની વચ્ચે થયેલી મિટિંગો અને ડિજિટલ વાતચીત અંગે સંકલન તપાસવાનું છે.**
* **આ કરોડોના વ્યવહારોમાંથી આરોપીઓએ વ્યક્તિગત રીતે કેટલા નાણાં મેળવ્યા છે અને તેમાંથી કોઈ સ્થાવર કે જંગમ મિલકતો ખરીદી છે કે કેમ ?**
* **આરોપીના મોબાઈલ ફોન, સિમકાર્ડ, લેપટોપ, કોમ્પ્યુટર તથા અન્ય ડિજિટલ ઉપકરણોમાંથી ફોરેન્સિક તપાસ કરાવીચેટ, કોલ ડીટેઈલ અને ડોનેશન લિસ્ટ કબજે કરવાના છે.**

રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજ કુમાર ક્ષત્રિયની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા હતો.

જ્યાં સરકારપક્ષ તરફથી રિમાન્ડ અરજીમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, પક્ષની સ્થાપના ખરેખર રાજકીય પ્રવૃત્તિ માટે થઈ હતી કે માત્ર બોગસ ડોનેશન દ્વારા કમિશન મેળવવા માટે થઈ તેની પુછપરછ કરવાની છે, દેશના તેની યાદી અને વિગતો મેળવવાની છે, શેલ કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવેલા ખોટા બિલો, વાઉચરો અને ડિજિટલ પુરાવાઓ (મોબાઈલ, લેપટોપ) કબજે કરી ફોરેન્સિક તપાસ કરાવવાની છે. આ કૌભાંડના અંતિમ લાભાર્થીઓ કોણ છે અને આ નાણાંમાંથી કોઈ સ્થાવર કે જંગમ મિલકતો ખરીદી સમયે, કોની સાથે અને કઈ રીતે આયોજન કર્યું હતું તથા આ સમગ્ર કૌભાંડની શરૂઆત ક્યારથી કરવામાં આવી હતી સહિતના મુદ્દે તપાસ કરવા રિમાન્ડની જરૂર છે. સરકારપક્ષની રજૂઆત ધ્યાને લઈ કોર્ટ આરોપી નીરજકુમાર ક્ષત્રિયના છ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

સુરત-બિલિમોરા વચ્ચે કાલથી બુલેટ ટ્રેનની લાઈનમાં વીજ પ્રવાહ શરૂ કરાશે

અમદાવાદ, બુધવાર

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ટ્રાયલ રન તરફની તૈયારી તેજ બની છે. ગુજરાતમાં સુરતથી બિલિમોરા વચ્ચે ૨૦ નવેમ્બરથી ઓવરહેડ વીજલાઈનમાં હાઈવોલ્ટેજ વીજ પુરવઠો શરૂ કરવાની તૈયારી છે. આ સાથે જ તંત્રએ કોરિડોરની આસપાસ રહેતા લોકો, અવરજવર કરતા નાગરિકો અને બાંધકામ સાથે જોડાયેલા શ્રમિકોને વીજલાઈનથી દૂર રહેવા જાહેર ચેતવણી આપી છે.અમદાવાદ-મુંબઈ વચ્ચે ૫૦૮ કિલોમીટરમાં દેશની પ્રથમ બુલેટ ટ્રેનના પ્રથમ તબક્કાની શરૂઆત કરવાની કામગીરી તેજ કરવામાં આવી છે. જે અંતર્ગત આગામી ૨૦ નવેમ્બરથી સુરત-બિલિમોરા વચ્ચે વીજ પુરવઠો શરૂ થવાની તૈયારીને પગલે તંત્રએ જાહેર સુરક્ષાને ધ્યાનમાં લઈને ખાસ ચેતવણી આપી છે. આ વિસ્તારની ઓવરહેડ વીજલાઈનમાં હાલવોલ્ટેજ કરંટ કાયમી ધોરણે ચાલુ રહેશે. જેથી સ્થાનિક રહેવાસીઓ, પુલ નીચેથી પસાર થતાં લોકો અને બાંધકામના શ્રમિકોને વાયર તથા વીજ ઉપકરણોથી સુરક્ષિત અંતર જાળવવા સૂચના અપાઈ છે.

સરખેજમાં એમ ડી ડ્રગ્સની ફેક્ટરી ઝડપાવવાના કેસમાં

રાજસ્થાનના પ્રતાપગઢના જંગલમાંથી બે ડ્રગ્સ માફિયાઓને ઝડપી લેવાયા

અમદાવાદ,બુધવાર

અમદાવાદના સરખેજના લબ્બેક પાર્કમાં મકાનના ભોયરામાં એમ ડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાવવાના મામલે એનસીબીને આરોપીની પુછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો મળી હતી. જેના આધારે રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના જંગલોમાંથી અક્ષર અને ઝુનેદ નામના બે ડ્રગ્સ માફિયાઓની કડી મળી છે. માફિયાઓને ઝડપીને ડ્રગ્સના આંતરરાજ્ય નેટવર્કની મહત્વની કડી મેળવી છે. અક્ષર અને ઝુનેદ પ્રતાપગઢ જિલ્લાના જંગલ વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મની આડમાં ડ્રગ્સનો કારોબાર કરતા હતા. તેમણે મુખ્ય આરોપી મુદસ્સર પઠાણને ફેક્ટરી સેટઅપ કરવા માટે મદદ કરી હતી. આ ઉપરાંત, અન્ય બે ડ્રગ્સ માફિયાઓની કડી મળી છે.

અમદાવાદમાં ડ્રગ્સની ફેક્ટરી બનાવવા માટે મુદ્દસ્સરને મદદ કરી હતી, પોલ્ટ્રી ફાર્મની આડમાં ડ્રગ્સનો કારોબાર કરાતો હતો

સરખેજમાં એનસીબી અને સ્થાનિક પોલીસના દરોડામાં લેબ્બેક પાર્કમાં રહેતા મુદ્દસ્સર ખાનના બેઝમેન્ટમાંથી એમડી ડ્રગ્સ બનાવવા યુનિટના ઝડપી લેવાના મામલે આકરી પુછપરછ અને જરૂરી પુરાવાના આધારે તપાસ કરતા અનેક ચોંકાવનારી વિગતો મળી હતી. જેમાં તેની સંડોવણી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સુધી મળી હતી. સાથેસાથે સ્થાનિક સ્તરે તે ડ્રગ્સ વેચાણનું નેટવર્ક ઉભુ કરવાની યોજના ધરાવતો હતો.

તેની પાસેથી મળેલા પુરાવાને આધારે પોલીસને રાજસ્થાનના પ્રતાપગઢમાં એમ ડી ડ્રગ્સનો કારોબાર કરતા અક્ષર અને ઝુનેદને ટ્રેક કરીને જંગલ વિસ્તારમાંથી ઝડપી લીધા હતા. અક્ષર અને ઝુનેદ પોન્ટ્રી ફાર્મની આડમાં એમ ડી ડ્રગ્સનો કારોબાર કરતા હતા અને ગુજરાતમાં મોટા પ્રમાણમાં સપ્લાય કરતા હતા. સાથેસાથે તેમની પુછપરછમાં તેમની સાથે સંકળાયેલા અકમ નામના વ્યક્તિનું નામ સામે આવ્યું છે. તેમજ મંદસૌરમાં રહેતા દાનિશ અંગે પણ વિગતો મળી છે. ત્યારે બંને આરોપીઓને ગુજરાત લાવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

૬૪ લાખના લૂંટના કેસમાં પોલીસ કર્મી મહિપાલસિંહ જેલહવાલે

અમદાવાદ,બુધવાર

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીકથી ૬૪ લાખની કિંમતના ૬૦૦ ગ્રામ સોનાની સનસનાટીભરી લૂંટના ગુનામાં એરપોર્ટ પોલીસે પોલીસ કર્મચારી મહિપાલસિંહની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો છે. જો કે, આ કેસમાં ત્રણ મહિના પુરા થઈ ગયા છતા હજુ સુધી તપાસનીશ એજન્સી દ્વારા એક પણ ગ્રામ સોનુ મુદ્દામાલમાં રિકવર કરી શકાયું નથી. બીજી તરફ આ કેસમાં સૌ પ્રથમ પકડાયેલા બે આરોપીઓનો કેસ સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવ્યો છે.

લક્ષ્મીનગર ગ્રા.પં.ને પંચાયત ઘરનું બાંધકામ કરવા સામે હાઈકોર્ટનો સ્ટે

અમદાવાદ,બુધવાર

ખાનગી બિનખેતીની જમીનમાં મંજૂર કરાયેલ કોમન પ્લોટમાં મોરબીની લક્ષ્મીનગર-નવા સાદુળકા ગ્રામ પંચાયત દ્વારા ગેરકાયદે રીતે પોતાનું(પંચાયતનું) સંકુલ બનાવવા અંગેના વિવાદમાં ગેરકાયદે બાંધકામ અટકાવવવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ થઈ છે.

જેની સુનાવણીમાં જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે રાજ્ય સરકાર, મોરબી જિલ્લા કલેકટર, મોરબી જિલ્લા વિકાસ અધિકારી(ડીડીઓ), પ્રાંત ઓફિસર, સ્થાનિક તલાટી કમ મંત્રી, મામલતદાર અને લક્ષ્મીનગર-નવા સાદુળકા ગ્રામ પંચાયતના સરપંચ વિરૂધ્ધ નોટિસ જારી કરી છે અને વિવાદીત બાંધકામ હાથ ધરવા સામે ગ્રામ પંચાયતને મનાઈ હુકમ ફરમાવી દીધો છે.

ત્રણ દિવસમાં બીજા સાવજના કમોતથી અરેરાટી

ધણફુલીયામાં ખેડૂતે મૂકેલો વીજકરંટ તંદુરસ્ત સિંહ માટે બન્યો મોતનો ફંદો

જૂનાગઢ, બુધવાર

જૂનાગઢ જિલ્લામાં જાણે વનરાજોની માઠી દશા બેઠી હોય તેવો ઘાટ સર્જાયો છે. હજુ ત્રણ દિવસ પહેલા જ વિસાવદર-જૂનાગઢ રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે એક સિંહણનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, ત્યાં આજે વંથલી તાલુકાના ધણફુલીયા ગામે માનવીય ક્રુરતા અને બેદરકારીના કારણે એક તંદુરસ્ત નર સિંહનો ભોગ લેવાયો છે. પાકના રક્ષણ માટે કાયદેસરના 'ઝટકા' મશીનને બદલે સીધો વીજ લાઈનનો જીવંત વીજ પ્રવાહ મૂકવાની ગંભીર બેદરકારીએ એ સાવજનો જીવ લઈ લીધો છે. ગૌરવવંતા એશિયાટિક સિંહોનાં સંરક્ષણના દાવા વચ્ચે ત્રણ જ દિવસમાં બે સાવજોના અકાળે મોતે તંત્રની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

સિંહના મોઢામાં પાણીની પાઈપ દબાવેલી હતી અને આસપાસ રૂંવાટી તથા તૂટેલા મેટલના વાયર વિખરાયેલી હાલતમાં કબજે કર્યા

આજે વહેલી સવારે ધણફુલીયાના ભગવાનજીભાઈ દેવરાજભાઈ ચાવડાએ વન વિભાગને વાડી વિસ્તારમાં સિંહ મૃત અવસ્થામાં પડ્યો હોવાની જાણ કરી હતી. ઘટનાસ્થળે દોડી ગયેલા અધિકારીઓએ તપાસ કરતા વાડી માલિક હરિભાઈ કાનજીભાઈ ચાવડાના ખેતરમાં, જ્યાં ઘઉંનું વાવેતર કરી પાણી પાયેલું હતું, ત્યાં મીટરની ઓરડી પાસે સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. કરૂણતા એ હતી કે સિંહના મોઢામાં પાણીની પાઈપ દબાવેલી હતી અને આસપાસ રૂંવાટી તથા તૂટેલા મેટલના વાયર વિખરાયેલા પડ્યા હતા. આ મામલે સામાજિક વનીકરણ વિભાગના એસીએફ સાહિદખાન મકરાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતો સામાન્ય રીતે પાકના રક્ષણ માટે ઝટકાનો કરંટ મૂકતા હોય છે, જેનાથી પ્રાણી માત્ર દૂર ભાગે છે અને તેની જાનહાનિ થતી નથી પરંતુ અહીં વાડી માલિકે જીઈબીના કનેક્શન બોર્ડમાંથી સીધા બે તાર જોડીને ખેતર ફરતે મેટલના વાયરમાં જીવંત વીજ પ્રવાહ વહેતો કર્યો હતો. આ જીવલેણ કરંટની ઝપેટમાં આવી જતા પથી ૯ વર્ષના તંદુરસ્ત સિંહની ચામડી પર ઊંડા નિશાન પડી ગયા હતા અને આખા શરીરમાં કરંટ પ્રસરી જવાથી તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

એક તરફ રેલવે ટ્રેક પર સિંહો કપાઈ રહ્યા છે અને બીજી તરફ ખેતરોમાં ગેરકાયદેસર રીતે મૂકવામાં આવતા જીવંત વીજ પ્રવાહ સાવજો માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યા છે. પીજીવીસીએલ અને વન વિભાગની ચેકિંગ ઝુંબેશ માત્ર કાગળ પર જ ચાલતી હોય તેમ બેફામ તત્ત્વો સામે અગાઉથી કડક પગલાં લેવાતા નથી.

ધરપકડથી બચવા ખેડૂત હોસ્પિટલમાં દાખલ

વન વિભાગ દ્વારા વાડી માલિક હરિભાઈ કાનજીભાઈ ચાવડા વિરૂધ્ધ ભારતીય વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે, કાયદાકીય સકંજા અને ધરપકડથી બચવા માટે આરોપી ખેડૂત હાલ બીમારીનું બહાનું ધરી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. વન વિભાગ દ્વારા હોસ્પિટલમાંથી રજા મળતા જ આરોપી ખેડૂતની ધરપકડ કરવામાં આવશે.





જાહેર નોટિસ

અમદાવાદ જિલ્લાના અમદાવાદ(સિટિ) તાલુકા ના મોજે ગામ લપકામણ સિમના રેવન્યુ બ્લોક નંબર.- ૧૬૧ (રી-સર્વે પહેલા બ્લોક નં-૧૭) જમીન પર આવેલ ''શિલ્પગ્રામ-૨'' કે જે શ્રી ગ્રીનગ્રોવર્સ એગ્રો ઓનર્સ આસોસિએશન પૈકી ખાનગી પ્લોટ નં-૧૦-એન કે જેનું ક્ષેત્રફળ ૫૪૮ ચોરસ મીટર અટલેકે ૬૫૫ ચોરસવાર અને તા.૨૪/૧૨/૨૦૧૮ ના શ્રી ગ્રીનગ્રોવર્સ એગ્રો ઓનર્સ આસોસિએશન પ્રમાણપત્ર મુજબ વનવહેચાયેલી જમીન માં ભાગ ૧૭૦ ચોરસમીટર આટલેકે ૨૦૩ ચોરસવાર વળી મિલકત શ્રી પિયુષ રમેશભાઈ પટેલ ની માલિકી અને પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માં આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ ની માંગણી કરેલ છે. સબબ ઉપર જણાવેલ વિગતોએ ઉપર જણાવેલ રજીસ્ટર દસ્તાવેજ ને આધારે અથવા અન્ય કોઈપણ રીતે સદરહુ મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા સહકારી મંડળીઓ વગેરે કે જેઓ સદરહુ જમીન સામે કે ઉપર કોઈપણ પ્રકાર નો હક્ક, દાવો, લાગ-ભાગ, ભરણપોષણ, હિત, હિસ્સો, બોજો, અલાખો પોષાતો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાથી લેખિત જાણ દિન-૭ માં અમો ને નીચેના સરનામે પ્રમાણિત દસ્તાવેજ પુરાવા સહિત રજિસ્ટર પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થસે તો મજકુર મિલકત માં કોઈનો કોઈપણ પ્રકારના લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો વગેરે નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજીને અમો ટાઇટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ કાઢી આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકાર ની તકરાર ચાલસે નહીં તેની લાગતા વળગતાંઓએ નોંધ લેવી.


તા.૧૬/૧૧/૨૦૨૬
અમારી સૂચના થી
પિયુષ રમેશભાઈ પટેલ
બાલમુકુંદ વી. પેથાણી.(એડવોકેટ)
૪૧૫, રિલિફ સોપિંગ સેંટર, જી.પી.ઓ પાસે, રિલીફ રોડ અમદાવાદ-૦૧.

જાહેર નોટિસ

મોજે - કઠવાડા

અમદાવાદ જીલ્લાના દશક્રોઈ તાલુકા ના મોજે કઠવાડા ના સીટી સરવે નં.NA955/p૨ (રી-સર્વે બ્લોક નં.૯૫૫, જુનો સર્વે/બ્લોક નં.૨૭૬) ની ૨૬૩૯ ચો.મી. જમીન, ટી.પી.સ્કીમ નં.૧૧૭ (કઠવાડા) ના ફાઈનલ પ્લોટ નં.૧૯૧ ની ૨૬૩૯ ચો.મી. બીનખેતીની જમીન રાજેશભાઈ જયંતિભાઈની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓમાથી મુક્ત હોવાનુ જણાવી સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અમારા અસીલએ અમારી પાસેથી સદર જમીનના ટાઇટલ ક્લિયરંસ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેથી સદર જમીનો અંગે કોઇના બાનાખત, વેચાણ, બક્ષીસ, પાવર, વારસો, ગીરો કે બેંકના બોજા, કબજા હક્ક વિગેરે અગર કોઇ કોર્ટ નો મનાઇ હુકમ કે દાવા દુવી ચાલુ હોય તો તેની જાણ લેખિતમા દસ્તાવેજ પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયે થી દિન-૭ મા નીચેના સરનામે રજી.પોસ્ટથી કરવી (કાયદાથી માન્ય પુરાવા વગર મોકલેલ વાંધા અરજીને ધ્યાને લીધા સિવાય સીધા દફતરે કરવામાં આવશે). ઉક્ત સમયમર્યાદા વિત્યા બાદ આવનાર વાંધા કે હક્ક દાવા ઉપર કોઇપણ પ્રકાર નો લક્ષ્ય આપ્યા સિવાય સદર જમીનનુ ટાઇટલ ક્લિયર સર્ટીફીકેટ ઇસ્યુ કરવામા આવશે તેની નોંધ લેશોજી.

એસ. ડી. મિશ્રા, નરેન્દ્ર પડસાળા, રાહુલ ગૌદાની,
(એડવોકેટ એન્ડ નોટરી)
અર્થ એસોસીએટ્સ
૨૧૪-૨૧૫, સિલ્વર સ્કવેર, દિપક સ્કુલની બાજુમા, નિકોલ, અમદાવાદ.
મો. ૮૧૪૧૪૩૭૦૬૭



જાહેર નોટિસ

મોજે- તાજપુર, તા. સાણંદ, જી. અમદાવાદની સીમના ખાતા નંબર :૨૨૭ ના બ્લોક/સર્વે નંબર : ૧૭૯ (જુના સર્વે નં. ૨૨૭-પૈકી) ની કુલ ૦-૨૮-૩૪ હે.આરે.ચો.મી. આકાર રૂ.૩.૮૦ પૈસાવાળી જૂની શરતની ખેતીની જમીન શારદાબેન નાનજી કાળાજીની વિધવા, મુકેશકુમાર નાનાજી તથા કમલેશકુમાર નાનજીનાઓની વડીલોપાર્જિત, વારસાઈ હક્કની, સંયુક્ત, માલિકી કબ્જા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવી અમારા અસીલશ્રીને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે સદરહું જમીન ના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.તો સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો લાગ ભાગ હક્ક હિત હિસ્સો કે ગણોત હક્ક હોય તો તેની લેખિત દસ્તાવેજ પુરાવા સહીત દિન-૧૦(દશ) માં અમોને જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે.

તારીખ- ૧૮/૧૧/૨૬,
ગાંધીનગર.
અનોપસિંહ ડી.રાઠોડ.(વડોદરા)
અર્જુન એ.ઠાકોર (શિહોલી મોટી)
વિ.એ.પટેલ (તાજપુર) (એડવોકેટસ)
ઓ ફીસ : બી . - ૨૬ , પ્રમુખ ઈલાઈટ,ચિલોડા(ડ),તા.જી.ગાંધીનગર.
મો. ૯૯૦૪૬ ૬૮૦૩૪.



જાહેર નોટિસ

શહેર અમદાવાદના નવા તાલુકા મણિનગરના મોજે ખોખરા-મહેમદાવાદની સીમના ટી.પી.સ્કીમ નં.૪(મણિનગર)ના ફા.પ્લોટ નં.૧૨૯,૧૩૧,૧૩૨,૧૩૩/૧ ની જમીન ઉપર 'શ્રી ધનલક્ષ્મી કો.ઓ.હા.સો.લી.' માં આવેલ સબપ્લોટ નં.૨૯-એ,સીટી સર્વે નં. ૫૭૦૫ ની જમીન તથા ઉપરદળ તમામ બાંધકામ સહિતની મિલ્કત ૧.શ્રીકાંતભાઈ ચંદુલાલ પ્રજાપતિ તથા ૨.કમલેશ ચંદુભાઈ પ્રજાપતિ બંનેની પોતાની સંયુકત માલિકી કબજા ભોગવટાની અને કોઈના કોઈપણ જાતના બોજા વિનાની જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર મિલ્કતમાં અન્ય શખ્સ,બેન્ક યા નાણાં ધિરનારી વિગેરે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો,દર-દાવો, અલાખો બોજો, લીયન,ચાર્જ વિગેરે પોષાતો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દીન-૭ (સાત)માં લેખિત પુરાવા સહીત અમોને રજીસ્પીડ પોષ્ટથી લેખીત જાણ કરવી,જેમાં કસુર થયેથી સદર મિલ્કત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ,હકક,હીત, હીસ્સો,દર-દાવો, અલાખો, બોજો વિગેરે પોષાતો નથી,અને પોષાતો હોય તો તે મજકુર મિલ્કતના સદર બંને માલિકોની તરફેણમાં કાયમી ધોરણે જતાં (WAIVE) કરેલ છે,તેમ સમજીને ટાઇટલ અભિપ્રાય સર્ટીફીકેટ આપવામાં આવશે, તેમજ દસ્તાવેજ કાર્યવાહી સંપૂર્ણ કરવામાં આવશે,ત્યારબાદ કોઈનો કોઇપણ પ્રકારનો જાતો,વાંધો,તકરાર વિગેરે ચાલશે નહીં, તેની સ્પષ્ટ નોંધ લેશો.

અમદાવાદ, તા.૧૯-૧૧-૨૦૨૬.
VIRAL K. SALOT
BHAVNA V, SALOT
ADVOCATE
1315, Maple Trade Centre, Sun-N-Step Club Road, Nr.Surdhara Cirde, Thaltej, Ahmedabad-380 052.
Phone: 9879516480
G/1102/2003. (VKS)
G/63/2024. (BVS)

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા સાણંદના મોજે ગામ સનાથલની સીમના બ્લોક/સર્વે નં-૭૮ પૈકી, ૧૦૦૬ પૈકી અને ૧૦૦૭ પૈકી ની બીનખેતીની જમીનમાં આવેલ '૭૮ સનાથલ કો.ઓ.હા.સો.લી.' જે અંતર્ગત "78@Gokuldham" ના નામથી ઓળખાતી સ્કીમના બ્લોક-જી માં પહેલા માળ પર આવેલ ફ્લેટ નં. જી-૧૦૧ જે ૧૪૧ ચો.મીટર એરિયાના બાંધકામવાળી મીલકત તથા સોસાયટીના સભ્ય તરીકેના હકકો સહિતની મીલકત માનિત જીગ્નેશભાઈ શાહ અને જીગ્નેશ જશવંતભાઈ શાહની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. સદરહુ મીલકત ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના દસ્તાવેજ પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મીલકતનું ટાઇટલ ક્લીયરન્સ અભિપ્રાય આપીશું તેની નોંધ લેવી.

તા. 18/11/2026.
ઓઝા એન્ડ એસોસીએટસ
કલ્પના ડી. ઓઝા
એડવોકેટ એન્ડ નોટરી
૮૫, મેનેજમેન્ટ એન્કલેવ વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯-૪૮૦૦૧૫૭૧

જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર અમારા અસીલ પરમાર નરેન્દ્રભાઈ પુનમભાઈ ઉર્ફે ડાભી નરેન્દ્રભાઈ ઉર્ફે ગાંડાજી, રહે :- ૧૨૭, યશકુંજ સોસાયટી, પ્રભાતચોકની બાજુમાં, આઈ.સી.આઈ.સી. બેન્કની બાજુમાં, ઘાટલોડિયા, જી. અમદાવાદના સુચના અને ફરમાઈશથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવાનું કે, જત ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ -૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવાના મોજે- ગામ વસ્ત્રાલની સીમના સર્વે/બ્લોક નં. ૮૩૮ ની ૨૦૭૪૦ ચો.મી. વાળી બિનખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૧૧૪ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૩૯/૨/૭ ની ૧૨૪૪૪ ચો.મી. પૈકી અમો વાટીનો વણ-વહેચાયેલ હિસ્સા પૈકી ૧૦૩૭ ચો.મી. વાળી બિનખેતનીની જમીન આવેલ છે સદર મિલકત શ્રી હરી બિલ્ડકોન નામની ભાગીદારી પેઢી તથા શ્રી બાલાજી ઈન્ફ્રાબીલ્ડ નામની ભાગીદારી પેઢી દ્વારાખરીદ કરવામાં આવેલ છે. જે રતનપુરા તળાવ ગાર્ડનની બાજુમાં,મેટ્રો મોલ, વસ્ત્રાલમાં 'હિલ ટાઉન હેવન', 'શ્રીજી સંકલ્પ' તથા 'કલરવ ગ્રીન લીવીંગ' નામથી સ્કીમ બની રહી છે. અને સદર મિલકત અમારા અસીલની વારસાઈ હક્કની મિલકત છે. અમારા અસીલનો પોષાતો વારસાઈ હક્ક ડૂબાડવાના આશયથી જમીન પચાવી પાડવામાં આવેલ છે. જેથી અમારા અસીલે તેઓ વિરુધ્ધ અમદાવાદ (ગ્રામ્ય) ના મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં મુ. મિરઝાપુર, સમક્ષ સ્પેશિયલ સિવિલ સુટ નં. ૧૬૯/૨૦૨૫ થી દાવો દાખલ કરેલ છે જે હાલમાં મનાઈની સુનાવણી ઉપર પેન્ડીંગ છે. તેમજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ સમક્ષ રેગ્યુલર અપીલ નં. CMA-DC/44/2026 થી અપીલ દાખલ કરેલ જેમાં વિલંબ અરજી માફ કરી અપીલ નં. આર.સી.એ/૧૫૭/૨૦૨૬ પેન્ડીંગ છે. આમ સદર જમીન હાલમાં તકરારી છે. જેથી આ જમીન તથા તેના ઉપર કરવામાં આવેલ બાંધકામ અંગે કોઈએ કોઇપણ જાતના વેચાણ વ્યવહાર, ગીરો, બક્ષીસ કે તબદીલી જેવા કોઈ નાણાંકીય વ્યવહાર કરવા કરાવવા નહિ. તથા ટાઇટલ સર્ટીફીકેટ આપવા અપાવવા નહિ. તેમ છતાં કોઈપણ વ્યવહાર કરશે અથવા કરેલા હશે તો તેની જવાબદારી અમારા અસીલની રહેશે નહિ અને જો કરશો તો તેની જવાબદારી તમારી પોતાની એટલે કે વ્યવહાર કરનારની રહેશે અને તેની સામે અમારા અસીલ ફોજદારી તથા દીવાની કાર્યવાહી કરશે.જેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ જેની જાહેર જનતાએ નોધ લેવી.

તા. ૧૮.૧૧.૨૦૨૬ અમદાવાદ
મારી મારફતે
(નવીન એસ. પરમાર એડવોકેટ)
ઓફીસ નં. ૧૧૦૭,૧૧ મો માળ, સિલ્વર રેડીએન્સ-૪, ભાવિક પબ્લીકેશનની આગળ, અગ્રવાલ મોલની બાજુમાં, એસ. જી. હાઈવે,ગોતા, અમદાવાદ-૩૮૨૪૮૧, મો. ૯૮૯૮૨૩૭૨૩૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીક્ટ અમદાવાદનાં રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)નાં તાલુકા : ઘાટલોડીયાનાં મોજે : બોડકદેવની સીમનાં ફાઈનલ પ્લોટ નંબર ૫૭૨, ટી.પી.સ્કીમ નંબર ૧/બી (જુના સર્વે નંબર ૪૦૩) ની જમીન ઉપર આવેલ 'સનરાઈસ પાર્ક' સ્કીમનાં સબપ્લોટ નંબર ૬૪ ઉપર આવેલ બંગલોની આશરે ૪૯૫.૮૧ ચોરસમીટર જમીન તથા તેના ઉપર આવેલ બાંધકામવાળી મિલકત મરહુમ શ્રુતિ કિરણ ચુડગરે કરેલ વિલ યાને વસિયતનામા મુજબ નિમાયેલ એક્ઝીક્યુટર તરીકે અભિલાષ એ. શાહ અને સૌરભ એન. સોપારકરે સદરહું મિલકત મરહુમ શ્રુતિ કિરણ ચુડગરની સ્વતંત્ર માલિકી તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે આ મિલકત અંગેનાં ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, તેથી આ મિલકત કે તેના કોઇપણ ભાગ અથવા અસલ દસ્તાવેજો ઉપર કોઇ વ્યક્તિ, બેંક અગર નાણાકીય સંસ્થાનો ચાર્જ, બોજો, ગીરો, લીયન હક્ક કે અન્ય કોઇ અધિકાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ સાતમાં નીચેનાં સરનામે તેના દસ્તાવેજ પૂરાવા રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા. મુદત વિતે કોઇ વાંધા નહીં મળે તો આ મિલકત તમામ બોજાઓથી મુક્ત હોવાનું માનીને આ મિલકતનું ટાઇટલ સર્ટીફીકેટ આપવામાં આવશે, અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની નોંધ લેવી.

તારીખ : ૧૬/૧૧/૨૦૨૬
શૈવલ ભટ્ટ એન્ડ કંપની, પ્રોપ્રાઇટર
શૈવલ યુ. ભટ્ટ
[M.Com.LL.M. Advocate]
૩૦૪/૫, શગુન કોમ્પલેક્ષ, ૯૩/બી, સ્વસ્તીક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોનનં.૨૬૪૪૯૫૪૪/૨૬૪૪૭૦૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ સાણંદ તાલુકા સાણંદનાં ગામ મોજે ગરોડીયાની સીમનાં સર્વે નં.૭૯૩ (જુના એકત્રીત સર્વે નં.૭૦/૧/૧) ની બીનખેતીની જમીન ઉપર આવેલ 'સોપાન આઈકોન' નામની સ્કીમમાં આવેલ પ્લોટ નં.૬૨ જેનું ક્ષેત્રફળ ૪૬૭ સ. ચો. મી. (કોમન રોડ તથા કોમન પ્લોટની જમીનમાં વરાડે આવતા વગર વહેંચાયેલ હિસ્સા સહિત) ની જમીન વાળો પ્લોટ (૧) અનીલભાઈ ગુણવંતલાલ શાહ તથા (૨) માલાબેન અનીલભાઈ શાહની કુલ સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયરનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત પ્લોટ ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત પ્લોટ અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા.૧૮/૧૧/૨૦૨૬
ડી.વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧(અસલાલી) ના તાલુકા દશક્રોઈ ના ગામ મોજે ગેરતપુર ની સીમના સર્વે/બ્લોક નંબર- ૧૩૩ (જુનો બ્લોક/સર્વે નંબર. ૧૦૬)ની જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નંબર. ૯૫ માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર. ૧ ની ૬૦૭૦ ચો.મી. ના ક્ષેત્રફળની બહુહેતુકના ઉપયોગની બિનખેતીની જમીન તથા તેમાં આવેલ ૪૯૫૮.૫૨ ચો.મી. ના બાંધકામ વાળી મિલકત બી. નાનજી એન્ટરપ્રાઈઝસ લી. ના વતી અને તરફથી તેના ડાયરેક્ટર સંદીપભાઈ ભીખુભાઈ પડસાળાનાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા બોજા રહીત કાનુની વિવાદોથી મુક્ત માર્કેટેબલ આવેલી હોવાનું જણાવી સદરહું જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે આમ સદર જમીન માલિક ઉપ્રોકત જમીન પરત્વે ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ. સદરહુ જમીનમાં કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કે કોઈનો કોઇપણ પ્રકારનો લાગભાગ,હિત સંબંધ, લીયન,ચાર્જ,ખેડ હક્ક કે દાવો-અલાખો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે દિન -૭ (સાત) માં રજી.એ.ડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન ઉપર કોઈનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક-હિસ્સો કે બોજો નથી અને હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીન અંગેના ટાઇટલ ક્લીયર હોવા અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

સ્થળ: અમદાવાદ.
તા.૧૮.૧૧.૨૦૨૬
॥ સિધ્ધિ ॥ એસોસીએટ્સ
એચ.એલ. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
પાર્થ એચ. પટેલ (એડવોકેટ)
જાગૃતિબેન એચ. પટેલ (એડવોકેટ)
આંગી યોગેશભાઈ મહેતા (એડવોકેટ)
મો.૯૯૨૫૩૫૧૧૯૫
ડી-૧૧૦,૧૧૧, ફર્સ્ટ ફ્લોર, શ્યામ આર્કેડ, ગંગોત્રી સર્કલ, નિકોલ,અમદાવાદ.

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈરફાન આઈ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકે વિરમગામના મોજે હાંસલપુર (શેરેશ્વર)ના જુના સર્વે નં.૧૦૩૯, નવા બ્લોક/સર્વે નં.૧૯૨૪ની ૫૮૧૦ ચો.મી. બીનખેતીની જમીન દેવર્ષી પ્રોજેક્ટસ એલએલપીના ભાગીદારો (૧) હેમાંગ પંકજકુમાર શાહ, (૨) રાહીલ યુનુસભાઈ મંડલી તથા (૩) મંડલી મોહમદયુનુસ અબ્દુલભાઈની માલીકી કબજા ભોગવટાની આવેલી છે. તે જમીન સદરહુ પેઢી તથા તેના ભાગીદારોના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી આવે છે. સદરહ જમીનમાં સદરહું ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક હીસ્સો નથી તથા મજકુર જમીન સદરહુ ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારોએ કોઈને કોઈપણ રીતે લખી આપેલ નથી કે અન્ય રીતે જમીન તબદીલ કરેલ નથી તેમ જણાવી મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની સદરહુ ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં અન્ય કોઈ વ્યકિતનો બાનાખત મુજબનો, કબજા કરાર મુજબનો, બાનાચિઠ્ઠી મુજબનો કે અન્ય કોઈ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે અન્ય કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૧૮-૧૧-૨૦૨૬
ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે છડાવડ, તા.સાબરમતી, જી.અમદાવાદ ટી.પી.સ્કીમ નં.૩/૫, ફાઈનલ પ્લોટ નં.૫૯૮, ખાતા નં.૬૧૭ની ૧૬૪૯ સમ ચો.મી. બીનખેતીની જમીન આરવી ઈન્ફ્રાસ્પેસ એ નામની ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદાર રીકેન રજનીકાંત શાહ ઠે. અમદાવાદનાંની માલીકી કબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ બીનખેતીની જમીનમાં સદરહુ માલીક-પેઢી સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ઈઝમેન્ટ રાઈટ, ભાડવાત હકક કે લાયસન્સી હકક નથી કે સદરહુ બીનખેતીની જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર બીનખેતીની જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીનના માલીક-પેઢીનાએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર બીનખેતીની જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર બીનખેતીની જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૧૮-૧૧-૨૦૨૬
મુસ્તુફા બી. બંગાલી
(B.Com., LL.M.)
શ્રીમતી એ. એમ. બંગાલી
(B.A., L.L.B.)
ફીઝા એમ. બંગાલી,
(B.A., LL.M.)
માહીર એમ. બંગાલી,
(B.A., LL.M.)
એડવોકેટસ
ઓફીસ: ૩૩૦,૩૩૧, થર્ડફ્લોર, 'યશ એરીયન' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯ ૮૫ ૩૩૩ ૦૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,૨જીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે નંબર-૧૦૮૧પૈકી ખાતા નંબર-૨૦૫૬ વાળી કુલ ૫૧૦૯૨ ચોરસમીટર ખેતીની જમીન પંકજભાઈ ધરમશીભાઈ મકવાણા તથા જીણીબેન તે રાકેશભાઈ મકવાણાની વિધવા પોતે જાતે તથા સગીરો સેજલ રાકેશભાઈ મકવાણા,મનીષા રાકેશભાઈ મકવાણા,આશાબેન રાકેશભાઈ મકવાણા તથા શક્તિ રાકેશભાઈ મકવાણાના વાલી તરીકે એ તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફી

ભાવ તૂટતા ગોલ્ડ લોનમાં ડીફોલ્ટ વધવાની સંભાવના

મુંબઈ, તા. ૧૮

સોનાના ભાવમાં તાજેતરમાં જોવા મળેલા જોરદાર ઘટાડાને પરિણામે ઊંચા ભાવના ગોલ્ડ સામે લોન | છૂટી કરી ચૂકેલી બેન્કો તથા નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઝ (એનબીએફસીસ)માં મોટી સંખ્યાના બોરોઅરો ડીફોલ્ટ થવાની શકયતા વધી ગઈ છે.

જાન્યુઆરીની ટોચેથી સોનાના દસ ગ્રામ દીઠ ભાવમાં રૂપિયા ૪૪૦૦૦નો ઘટાડો



લોન લેવા માટે ગીરવે મુકાયેલા સોનાના ઓકશનમાં ડીફોલ્ટને કારણે વધારો જોવા મળવાની પણ સંભાવના જોવાઈ રહી છે.

સામાન્ય રીતે ધિરાણદારો સોનાના મૂલ્યના ૭૫ ટકા જેટલી જ લોન પૂરી પાડતા હોય છે પરંતુ છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં તેની ઓલ ટાઈમ હાઈથી ભાવમાં ૨૮ ટકા જેટલો ઘટાડો બોલાઈ ગયો છે. વ ર્તમાન વર્ષના જાન્યુઆરીના અંતે ૯૯.૯૦ દસ ગ્રામ સોનાનો મુંબઈમાં જીએસટી વગરનો ભાવ રૂપિયા ૧,૭૫,૦૦૦ને પાર કરી ગયો હતો જે હાલમાં રૂપિયા ૪૪૦૦૦ જેટલો ઘટી રૂપિયા ૧,૩૧,૦૦૦ સુધી આવી ગયો છે.

અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં વધારો તથા ડોલરની મજબૂતાઈને કારણે ગોલ્ડના આંતરરાષ્ટ્રીય ભાવમાં કડાકો બોલાઈ ગયો છે. અમેરિકન ફેડરલ રિઝર્વ આગામી મહિને વ્યાજ દરમાં વધારો કરશે તો સોનાના ભાવમાં વધુ ઘટાડો થવાની શકયતા નકારાતી નથી.

ઊંચા ભાવ વખતે સોનાની જ્વેલરી સામે લોન લઈ ગયેલા બોરોઅરો લોનના રિપેમેન્ટમાં ઢીલ કરશે તેવી શકયતા નકારાતી નહીં હોવાનું એક બેન્કરે જણાવ્યુ હતું. તાજેતરમાં સોનાના ભાવમાં સતત ઘટાડાથી ધિરાણદારો લોનની વસૂલી પણ આક્રમક બનાવી રહ્યાનું ચર્ચાઈ રહ્યુ છે.


એક અંદાજ પ્રમાણે એનબીએફસીસ દ્વારા ગોલ્ડ જ્વેલરી સામે પૂરી પડાયેલી લોન્સનો બાકી પડેલો આંક સપ્ટેમ્બરના અંતે વાર્ષિક ધોરણે ૬૬ ટકા વધી રૂપિયા ૩.૭૪ ટ્રિલિયન રહ્યો હતો.

એનબીએફસીસના રિટેલ લોન પોર્ટફોલિઓમાં ગોલ્ડ લોન ઝડપથી વધી રહેલુ સેગમેન્ટ છે. ૨૦૨૫ના સપ્ટેમ્બરના અંતે આ સેગમેન્ટમાં ૫૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના છેલ્લામાં છેલ્લા ડેટા પ્રમાણે છેલ્લા એક વર્ષમાં બાકી પડેલી ગોલ્ડ લોન્સના આંકમાં રૂપિયા ૧.૪૯ ટ્રિલિયનનો વધારો થયો છે. સોનાના ભાવમાં વધારાને કારણે તેની સામે લોન લેવાની વૃત્તિમાં પણ વધારો થયો હતો.

સ્માર્ટફોન ઉપરાંત અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસમાં જોવા મળેલી પ્રોત્સાહક વૃદ્ધિ

મુંબઈ, તા. ૧૮



પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કમ્યુનિકેશન સાધન, મેમરી ચીપ્સ તથા સ્ટોરેજ ડીવાઈસિસની નિકાસમાં વૃદ્ધિના ટેકા સાથે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૪૪ ટકા વધી ૩૨ અબજ ડોલર રહી હતી.

ભારતના સ્માર્ટફોન્સ ઉપરાંત અન્ય ઈલેકટ્રોનિક માલસામાનની પણ વિદેશમાં માગ વધી રહી હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે.

ગત નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસનો આંક ૨૨.૨૦ અબજ ડોલર રહ્યો હતો.

ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો સૌથી વધુ જળવાઈ રહ્યો છે આમ છતાં સ્માર્ટફોન સિવાયના ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં ૫૬.૫૦ ટકા જેટલી ઊંચી વૃદ્ધિ જોવા મળી છે. જ્યારે સ્માર્ટફોનની નિકાસ ૩૫.૮૦ ટકા વધી છે, એમ વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયુ છે.

ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦.૩૦ ટકા પરથી ઘટી વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૫૬.૮૦ ટકા રહ્યો છે જ્યારે અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસનો હિસ્સો વધી ૪૩.૨૦ ટકા રહ્યો છે.અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસનો આંક ૮.૮૦ અબજ ડોલર પરથી વધી ૧૩.૮૦ અબજ ડોલર રહ્યાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયુ છે. સ્માર્ટફોનની નિકાસનો આંક ૧૮.૨૦ અબજ ડોલર રહ્યો છે.

પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની નિકાસ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં વાર્ષિક ધોરણે ૩૨ ગણી વધી ૨.૧૦ અબજ ડોલર રહી છે. સિંગાપુર ખાતેથી ભારતના પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની માગ ઊંચી જોવા મળી રહી છે. આ ઉપરાંત લોડેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની નિકાસમાં પણ ૩૦૦ ટકા જેટલી વૃદ્ધિ રહીને તે ૮૬.૪૧ કરોડ ડોલર રહી છે. આ સાધન માટે ચીન મુખ્ય મથક બની રહ્યુ છે.

છેલ્લામાં છેલ્લા ઈલેકટ્રોનિક નિકાસ આંક ભારતમાં ઈલેકટ્રોનિકસનું ઉત્પાદન તથા નિકાસ વધી રહી હોવાનું સૂચવે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યુ હતું.

પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કમ્યુનિકેશન સાધન, મેમરી ચીપ્સ તથા સ્ટોરેજ ડીવાઈસિસનો નિકાસમાં હિસ્સો વધી રહ્યો છે.

એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં નિકાસ ૪૪ ટકા વધી ૩૨ અબજ ડોલર પહોંચી

તહેવારો પૂરા થતા રવી વાવણીની કામગીરીમાં ગતિ આવવાની અપેક્ષા

મુંબઈ, તા. ૧૮

વર્તમાન વર્ષમાં નબળા ચોમાસાને કારણે રવી વાવણીમાં પ્રારંભમાં ધીમી ગતિ જોવા મળી રહી છે. એકંદર રવી વાવેતર અત્યારસુધી નીચુ રહ્યું અને દિવાળી તથા છઠ પુજા જેવા તહેવારો પૂરા થતા વાવણીમાં ગતિ આવવાની શકયતા જોવાઈ રહી છે.

ચણા તથા ઘઉંની વાવણીમાં પ્રારંભમાં જોવા મળેલી ઘટ: એકંદર વાવેતર પણ નીચુ

વર્તમાન વર્ષનું ચોમાસુ નબળુ રહેતા મુખ્ય રવી કઠોળ ચણાના વાવેતરમાં પ્રારંભિક ઘટ જોવા મળી રહી હોવાનું ધ્યાનમાં રાખી સરકાર આકસ્મિક સમયે પહોંચી વળવા માટેની યોજના તૈયાર કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગયા વર્ષના ૧૩ નવેમ્બર સુધીમાં સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળામાં ચણાનું વાવેતર નીચુ જોવા મળી રહ્યુ છે.

રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા આન્ધ્ર જેવા ચણાના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં દૂકાળ અથવા સામાન્ય કરતા ઓછા વરસાદને કારણે વાવેતરમાં પ્રારંભમાં ઘટ જોવા મળી છે.

વાવેતર વિસ્તારોમાં જમીનમાં ભેજનું પ્રમાણ અપૂરતુ હોવાથી ચણાની વાવણી ઢીલમાં પડી હોવાનું કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યુ હતું.

ગયા વર્ષના ૧૩ નવેમ્બર સુધીમાં ૩૯.૭૦ લાખ હેકટરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ચણાની વાવણી ૩૧.૧૦ લાખ હેકટર રહી છે. સામાન્ય રીતે રવી મોસમમાં ચણાનો વાવણી વિસ્તાર ૯૯.૮૦ લાખ વિસ્તાર રહેતો હોય છે.

એકંદર રવી કઠોળનું વાવેતર ૧૪.૩૦ ટકા ઓછુ રહીને ૪૭ લાખ હેકટર રહ્યુ છે જે ગયા વર્ષે ૫૪.૮૭ લાખ હેકટર જોવા મળ્યુ હતું.

વાવણીમાં ઢીલનું એક કારણ દિવાળી તથા છઠ પુજા પણ રહ્યું હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું. તહેવારો પૂરા થવા સાથે વાવણીની કામગીરી જોશમાં શરૂ થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ચણાના મુખ્ય ઉત્પાદક રાજ્યોને ખાસ સલાહસૂચનો મોકલવામાં આવ્યા છે જેમાં વાવણી પૂર્વે તથા પછીની કામગીરી બાબતે માહિતી પૂરી પાડવામાં આવી છે.

દરમિયાન મુખ્ય રવી પાક ઘઉંની વાવણી પણ ગયા વર્ષની સરખામણીએ વર્તમાન વર્ષે ૧૫ ટકા જેટલી ઓછી જોવા મળી રહી છે.

ગયા વર્ષના નવેમ્બરની ૧૩ સુધીમાં ૫૯.૧૦ લાખ હેકટરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ઘઉંનું વાવેતર ૫૦.૦૭ લાખ હેકટર રહ્યુ છે.

વર્તમાન વર્ષના ચોમાસામાં વરસાદ ગયા વર્ષની સરખામણીએ ૧૩ ટકા જેટલો ઓછો રહ્યો છે. તેલીબિયાંનું વાવેતર પણ ૭ ટકા જેટલુ નીચુ રહ્યું છે. એકંદર રવી વાવેતર વિસ્તાર ગયા વર્ષની ૧૩ નવેમ્બરની સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળા સુધીમાં ૧૧.૩૩ ટકા નીચુ રહી ૧૭૮.૨૫ લાખ હેકટર રહ્યુ છે.

PSU બેન્કોનો રૂ. ૧,૦૯,૫૪૦ કરોડનો વિક્રમી ચોખ્ખો નફો

મુંબઈ, તા. ૧૮

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશની જાહેર ક્ષેત્રની બેન્કોએ એકંદરે રૂપિયા ૧,૦૯,૫૪૦ કરોડનો વિક્રમી નેટ પ્રોફિટ હાંસલ કર્યો છે. બેન્કોના સંયુકત નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૧૬.૯૦ ટકા વધારો થયો હોવાનું નાણાં મંત્રાલયની યાદીમાં જણાવાયુ હતું.

નેટ એનપીએનું પ્રમાણ ઘટી એક ટકાથી પણ અંદર ઊતરી ગયું

જાહેર ક્ષેત્રની બેન્કોનો એકંદર વેપાર નાણાં વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ મહિનામાં ૧૫.૫૦ ટકા વધી રૂપિયા ૩૦૧.૬૦ કરોડ સાથે પ્રથમ જ વખત રૂપિયા ૩૦૦ કરોડને પાર કરી ગયો હતો.

નાણાંકીય કામગીરીમાં વધારો બેન્કોની સારી એસેટ કવોલિટી, મૂડીની મજબૂત સ્થિતિ, વહીવટી ધોરણમાં સુધારાનું પ્રતિબિંબ પૂરુ પાડે છે. જાહેર ક્ષેત્રની બેન્કોનો એકંદર કાર્યકારી નફો એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં વાર્ષિક ધોરણે ૧૩.૯૦ ટકા વધી રૂપિયા ૧.૮૧ લાખ કરોડ રહ્યો હોવાનું પણ યાદીમાં જણાવાયુ હતું.

સતત પાંચમાં વર્ષે બેન્કોની નફાશક્તિમાં વધારો જોવા મળી રહ્યો છે. એકંદર થાપણ ૧૩.૧૦ ટકા વધી રૂપિયા ૨૭૫ લાખ કરોડ પહોંચી ગઈ હતી. જ્યારે રિટેલ, કૃષિ તથા એમએસએમઈ ધિરાણમાં અનુક્રમે ૧૭ ટકા, ૧૯.૫૦ ટકા અને ૨૦.૪૦ ટકા વધારો થયો હતો.

બેન્કોની નેટ નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ) પણ એક ટકાની અંદર ઊતરી ૦.૩૩ ટકા રહી હતી. જ્યારે ગ્રોસ એનપીએનું પ્રમાણ ૧.૬૯ ટકા રહ્યુ હતું.

રિકવરી પર ખાસ ધ્યાનને કારણે એનપીએમાં ઘટાડો જોવા મળ્યો હોવાનો પણ નાણાં મંત્રાલય દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

૨૩ કંપનીઓ માટે લોક-ઈન પીરિયડ ચાલુ માસમાં સમાપ્ત થશે

અમદાવાદ, તા. ૧૮

તાજેતરમાં શેરબજારમાં લિસ્ટેડ થયેલ ૨૩ કંપનીઓના શેર માટે લોક-ઈન પીરિયડ નવેમ્બરના બીજા અર્ધવાર્ષિકમાં, એટલે કે ૧૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સમાપ્ત થવાનો છે. આમાં જિયો પ્લેટફોર્મ્સ, જેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસ અને હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.

લોક-ઈન પીરિયડ સમાપ્ત થવાનો છે તેમાંથી મોટાભાગની કંપનીઓના શેરમાં તેમના ઈશ્યૂ ભાવથી ઉપર થતાં ટ્રેડ



લોક-ઈન પીરિયડ સમાપ્ત થયા પછી, આ કંપનીઓના એન્કર રોકાણકારો તેમના શેર વેચવા માટે પાત્ર બનશે. પરિણામે, આ શેર્સમાં ટ્રેડિંગ અને ભાવમાં વધઘટ જોવા મળી શકે છે. ધ્યાનમાં રાખો કે લોક-ઈન સમાપ્ત થવાનો સીધો અર્થ એ છે કે નિર્ધારિત સમયગાળા પછી આ શેર વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

અહેવાલ મુજબ, ૩૦ દિવસનો લોક-ઈન સમયગાળો પૂર્ણ થઈ રહ્યો છે તે ૧૧ કંપનીઓના આશરે ૧૩ થી ૨૨ ટકા શેર ટ્રેડિંગ માટે ઉપલબ્ધ હોઈ શકે છે. આ શેર ફ્યુઝન સીએક્સ, ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસ અને પારસ હેલ્થકેર માટે આશરે ૨૨ ટકા છે.

૯૦ દિવસનો લોક-ઈન સમયગાળો પૂર્ણ કરતી કંપનીઓમાં, શિપ્રોકેટ અને હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સના આશરે ૨૨ ટકા શેર વેચાણ માટે પાત્ર બનશે. શેરની સંખ્યાની દ્રષ્ટિએ, હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્કસમાં સૌથી વધુ શેર અનલોક થશે.

રસપ્રદ વાત એ છે કે, નવેમ્બરમાં જેમનો લોક-ઈન પીરિયડ સમાપ્ત થવાનો છે તેમના મોટાભાગના શેર તેમના આઈપીઓ ઈશ્યૂ ભાવથી ઉપર ટ્રેડ થઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ૩૦ દિવસનો લોક-ઈન પીરિયડ પૂર્ણ કરનારી તમામ ૧૧ કંપનીઓના શેર તેમના ઈશ્યૂ ભાવથી ઉપર ટ્રેડ થઈ રહ્યા છે.

બીજી બાજુ ચોપાસના હિંસક વાતાવરણમાં અસુરક્ષાનો અનુભવ કરે છે અને એથી એણે આ સંસ્થા દ્વારા એ ભાંગેલાં હૈયા અને તૂટેલી હિંમતવાળી સ્ત્રીઓને સ્વાભિમાનપૂર્વક જીવવામાં મદદ કરવાનો નિશ્ચય કર્યો. સહાનુભૂતિના વચનોની સાથે એમને આર્થિક સહાય અને માઇક્રો લોન આપી. કારણ એટલું કે આ માત્ર દુઃખી મહિલાઓને દાન આપનારી સંસ્થા નથી, બલ્કે એ મહિલાઓને સ્વાવલંબી બનાવનારી સંસ્થા છે. કોઈ મહિલાનો પતિ ગોળીબારમાં મૃત્યુ પામ્યો હોય તે તેને નાની દુકાન શરૂ કરવા માટે મૂડી આપવામાં આવે છે. કોઈ મહિલાને સીવણકામ, પશુપાલન કે અન્ય વ્યવસાય આવડતો હોય તો તેને સાધનોની સાથોસાથ જરૂરી તાલીમ પણ આપવામાં આવે છે અને એનાં બાળકોનાં શિક્ષણ માટે સગવડ કરી આપવામાં આવે છે.

આમ એણે સાવ વેરાન બની ગયેલા પરિવારોને નંદનવનમાં ફેરવી નાખ્યા. જરૂર પડે આ મહિલાઓને કાનૂની સહાય આપી તો સાથોસાથ માનસિક અને સામાજિક સહારો આપ્યો. એમને માટે શિક્ષણની તકો ઊભી કરીને કૌશલ્યના વિકાસ માટે દિશાઓ ખોલી આપી. એણે જોયું કે સરળતાથી હથિયારો મળતા હિંસા અને અસુરક્ષા વધી જાય છે. આને પરિણામે એણે આંતરરાષ્ટ્રીય સ્તરે નાનાં હથિયારો અને ગેરકાયદેસર શસ્ત્ર વ્યાપાર સામે અભિયાન ચલાવ્યું.

આમ પોતાની ધરતી પરનાં લોહીનાં ડાઘ લુછનારી બિનાલક્ષ્મી હિંસક બની રહેલી દુનિયાની આંખોનાં આંસુ લૂછી રહી છે. વિશ્વભરમાં શાંતિ, માનવ અધિકાર અને મહિલા સશક્તિકરણની વાત પહોંચાડી રહી છે અને વિશ્વભરના સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં મહિલાની ભૂમિકા અંગે પ્રેરણાદાયી વક્તવ્યો આપે છે. આમ બિનાલક્ષ્મીએ આજે સમુદાયો વચ્ચેની સશસ્ત્ર હિંસાની સામે મણિપુરની હજારો મહિલા માટે આશા, સ્વાભિમાન અને પુનર્જીવનનું પ્રતીક બની રહ્યા છે.

રાત કે સૂમસામ વીરાને મેં હમ ચલતે હૈં, મંઝિલ પર હમ અકેલે સફર કરતે હૈ. ઘને અંધેરેમેં સિતારે ભી સાથ દેતે નહીં, ઉમ્મીદોં કે દિયે જલાકે સફર કરતે હૈ.

પ્રસંગકથા

ઉગ્રવાદી સંગઠનો સામે લાલ આંખ કરો

શહેરની પોલીસ ત્રાહિમામ્ પોકારી ગઈ હતી. ઘણી મહેનત કરવા છતાં રીઢો ગુનેગાર રાકેશ ઝડપાતો નહોતો. એવામાં પોલીસને માહિતી મળી કે આ ગુનેગાર એક થિયેટરમાં ફિલ્મ જોવા માટે આવવાનો છે, આથી પોલીસના ઉપરી અધિકારીએ અન્ય પોલીસોને હુકમ કર્યો.

'થિયેટરમાંથી બહાર નીકળવાના તમામ રસ્તા પર તમે સાવધ થઈને ઊભા રહેજો. એ રસ્તેથી બહાર નીકળતી એકેએક વ્યક્તિને બરાબર તપાસજો. એનું પણ ધ્યાન રાખજો કે કોઈ જુદા પહેરવેશમાં કે મૂંછ લગાડીને રાકેશ આવ્યો ન હોય. બરાબર સતર્ક રહેજો.'

જમાદાર જોરાવરે કહ્યું, 'સાહેબ, તમે ફિકર છોડી દો. એના બહાર નીકળવાના માર્ગો પર એક ચકલું પણ છુપાઈને નીકળતું હશે, તો અમે એને પકડી લઈશું. આપ બેફિકર રહેજો.'

ઉપરી અધિકારીએ કહ્યું, 'શાબાશ, હવે આ પાંજરામાં ફસાયેલું રીંછ પકડાયું જ સમજો. એનો એકેય દાવ ચાલશે નહીં.'

રીઢો ગુનેગાર રાકેશ થિયેટરમાં આવ્યો. ફિલ્મ જોઈ અને નિરાંતે ભાગી છૂટ્યો.

આ માહિતી મળ્યા પછી અકળાયેલા ઉપરી અધિકારીએ જોરાવરને બોલાવીને કહ્યું, 'તમને આટલી બધી પોલીસ આપી હતી અને છતાં તમે એ ગુનેગારને પકડી શક્યા નહીં. તમે કેમ મારા આદેશનું પાલન કર્યું નહીં?'


જોરાવરે કહ્યું, ''સાહેબ, અમે તમારા આદેશનું બરાબર પાલન કર્યું. થિયેટરમાંથી બહાર નિકળવાના 'એક્ઝિટ' લખેલા રસ્તા પર બરાબર ચોકી રાખીને ઊભા હતા, પરંતુ એ પ્રવેશ (એન્ટ્રી)ના દરવાજેથી ભાગી ગયો. એમાં અમે શું કરીએ?'

- આ વાત અમને એટલા માટે યાદ આવી કે દેશમાં પાછલા બારણેથી ઉગ્રવાદ સતત વધી રહ્યો છે. આ ઉગ્રવાદીઓ કાશ્મીર કે અન્ય સરહદો પર આતંકી હુમલાઓ કરી રહ્યા છે. બીજી બાજુ બદલાતા ભૂ-રાજકારણને કારણે કેટલાંક આતંકી સંગઠનો મજબૂત થઈ રહ્યા છે. વિદેશી સત્તાઓનાં સમર્થનથી તેઓ ભારતની સરહદોને સદાય સળગતી રાખે છે. દેશની ભીતરમાં પણ આવા કેટલાંક ઉગ્રવાદી સંગઠનો સરકાર સામે મોરચો માંડી રહ્યા છે. તેઓ એક યા બીજા કારણો ઊભા કરી કોમી તંગદિલી સર્જવાનો પ્રયાસ કરે છે. આવે સમયે 'એક્ઝિટ'ના દ્વાર પર જ નહીં, પણ 'એન્ટ્રી'ના દ્વાર પર પણ સતર્કતાની જરૂર છે. આની સામે સરકારે ચાંપતી દેખરેખ રાખવાની જરૂર છે.

એક તરફ હત્યાની ધમકી મળી રહી છે તો બીજી તરફ 'જલસા'નો ડખો

અમિતાભના હાથમાંથી સરકી રહેલું 'જલસા': રમોલાભાભી ન્યાય માંગે છે

અમિતાભ બચ્ચનને એક તરફ મારવાની ધમકી મળી રહી છે તો બીજી તરફ જે 'જલસા'માં તેઓ વર્ષોથી જલસા કરતા આવ્યા છે તે બંગલા પરની દાવેદારી બાબતે વિવાદ ચગ્યો છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા બે કથિત શૂટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ અમિતાભ બચ્ચનના મુંબઈ સ્થિત નિવાસસ્થાન 'જલસા'ની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસને શંકા છે કે આ કાવતરું ૧૯૮૪નાં શીખ વિરોધી રમખાણો અંગે આ બોલિવુડ અભિનેતાએ આપેલા કથિત નિવેદનને લઈને તેમના પર હુમલો કરવાનું હતું.



અમિતાભ બચ્ચનનાં ભાભી એટલે અને અમિતાભના નાના ભાઈ અજિતાભ બચ્ચનનાં પત્ની રમોલા બચ્ચન. તેમણે 'જલસા'ની ગિફ્ટ ડીડને પડકારી છે. રમોલા બચ્ચન કાયાંપોચાં નથી તેમજ અમિતાભ બચ્ચનની પ્રતિભાથી અંજાય એવાં નથી. વાત ૧૯૯૩ની એટલે કે ૩૪ વર્ષ જૂની છે. પરંતુ સંપત્તિનો વિવાદ ગમે ત્યારે માથું ઊંચકી શકે છે. અમિતાભ બચ્ચને શરૂઆતમાં બાંધી મુઠ્ઠી લાખની રાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રમોલા બચ્ચને ગિફ્ટ ડીડ સામે ઉપરાછાપરી અરજી કરીને આખો કેસ લોકો સમક્ષ મૂકી દીધો છે. જુહુ સ્થિત 'જલસા' અમિતાભનાં પત્ની જયા બચ્ચનના નામે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. રમોલા બચ્ચને ૧૯૯૩ની તે ગિફ્ટ ડીડ (બક્ષિસ ખત)ને પડકારી છે.

બોલિવુડના દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચનનાં ભાભી હોવા છતાં રમોલા બચ્ચન મોટાભાગે લાઈમલાઈટથી દૂર રહ્યાં છે. રમોલાએ દાવો કર્યો છે કે આ મિલકત મૂળ તેમના નામે નોંધાયેલી હતી અને આ ટ્રાન્સફર તેમની જાણ કે સંમતિ વિના કરવામાં આવી હતી. રમોલા એક ફેશન ડિઝાઇનર અને ઉદ્યોગસાહસિક છે. અમિતાભ સાથે તેમનો પરિચય ૧૯૬૦ના દાયકામાં થયો હતો. એ વખતે અમિતાભ ફિલ્મોમાં આવ્યા તે પહેલાં કોલકાતાની એક શિપિંગ કંપનીમાં કામ કરતા હતા. બંને એક જ સોશિયલ સર્કલનો ભાગ હતા અને અમિતાભે જ પાછળથી તેમની મુલાકાત અજિતાભ સાથે કરાવી હતી.

રમોલા અને અજિતાભનાં લગ્ન

પ્રસંગપટ

૧૯૭૩માં થયાં હતાં, તે જ વર્ષે અમિતાભે જયા સાથે લગ્ન કર્યાં હતાં. અજિતાભ અને રમોલા દાયકાઓથી અલગ રહે છે. તેમને ચાર સંતાનો છે - ભીમ, નમ્રતા, નૈના અને નીલિમા. નૈનાનાં લગ્ન અભિનેતા કુણાલ કપૂર સાથે થયાં છે.

૧૯૪૭માં કલકત્તામાં જન્મેલાં રમોલાએ અમેરિકામાં બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કરતાં પહેલાં અંગ્રેજી સાહિત્ય અને રાજકારણનો અભ્યાસ કર્યો હતો. તેમણે લંડનમાં સોલિસિટર તરીકેની તાલીમ લીધી હતી અને કારકિર્દીની શરૂઆતમાં એર હોસ્ટેસ તરીકે પણ કામ કર્યું હતું.

રમોલાએ છેલ્લા સાત મહિનામાં રજિસ્ટ્રેશન સત્તાવાળાઓ સમક્ષ અનેક ફરિયાદો દાખલ કરી છે. આ મામલો અંધેરી સ્થિત ડેપ્યુટી રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ સમક્ષ પહોંચ્યો છે, જ્યાં સુનાવણી ચાલી રહી છે. અહેવાલો અનુસાર કાપોલ હાઉસિંગ સોસાયટીના રેકોર્ડમાં માલિક તરીકે જયાનું નામ દર્શાવાયું છે, જ્યારે મહારાષ્ટ્ર સરકારના પ્રોપર્ટી કાર્ડમાં હજુ પણ રમોલાનું નામ બોલે છે.

તેમણે ગિફ્ટ ડીડ તૈયાર કરવાના સંજોગો પર પણ સવાલ ઉઠાવ્યા છે અને આરોપ લગાવ્યો છે કે તે સાદા કાગળ પર, સ્ટેમ્પ ડ્યુટી કે સાક્ષીઓની સહી વિના તૈયાર કરવામાં આવી હતી, અને બાદમાં રાજ્યની 'અભય યોજના' હેઠળ તેને નિયમિત કરવામાં આવી હતી. સત્તાવાળાઓએ હજુ સુધી માલિકીના દાવાઓ કે દસ્તાવેજની માન્યતા અંગે કોઈ નિર્ણય લીધો નથી.

જયા બચ્ચન રાજ્યસભાના સાંસદ છે. બોલવામાં તડફડ કરતા જયા બચ્ચન સામે પણ જોખમ ઉભું થયું છે. રમોલા બચ્ચન કહે છે કે મને અંધારામાં રાખીને બંગલો નામે કરી લેવાયો છે. કહે છે કે અમિતાભ બચ્ચન વિવાદ જેટલો લાંબો ખેંચશે એટલા તેમની પ્રતિષ્ઠામાં ગાબડાં પડવાના છે.

વારસાઈ અને ગિફ્ટ ડીડ જેવા મુદ્દે દરેકે ચેતવા જેવું છે. આવા કામો પાકા પાયે કરવા જોઈએ. અમિતાભ અને જયા બચ્ચને કાચા લખાણ પર જ નાવ ચલાવે રાખી હતી. રમોલા બચ્ચન માથું ઉંચકશે તેવું તેમણે વિચાર્યું પણ નહોતું. જો રમોલાના દાવા સાચા હોય તો અમિતાભને જલસા છોડવું પડે એવા સંજોગો ઉભા થઈ રહ્યા છે.

રેકોર્ડમાં માલિક તરીકે જયાનું નામ દર્શાવાયું છે, જ્યારે મહારાષ્ટ્ર સરકારના પ્રોપર્ટી કાર્ડમાં હજુય રમોલા બચ્ચનનું નામ બોલે છે

આપણે 'કેસરી વોશિંગ મશીનની સાફલ્યગાથા' નામનું પુસ્તક લખાવો

'સાહેબ, દેશમાં આજકાલ વિપક્ષી નેતાનાં એક પુસ્તકની બહુ ચર્ચા છે.' એક કાર્યકરે નેતાજીને કાનમાં કહ્યું.

'વાહ, અતિ ઉત્તમ, અમારા આ પ્રદાનની પણ ઈતિહાસ નોંધ લેશે કે અમે વિપક્ષી નેતાઓને ચૂંટણી સભાઓનાં ભાષણો, સંસદમાં નિવેદનો કે પછી પત્રકાર પરિષદોનાં ઉચ્ચારણોને બદલે પુસ્તક લખતા કરી દીધા.' નખશિખ આત્મનિર્ભર નેતાજીએ હાથ પાછળ તરફ લઈ જઈ જાતે જ પોતાની પીઠ થાબડી લીધી.

'સાહેબ, એ બધું તો બરાબર પણ આજકાલ ન્યૂઝ મિડીયા, સોશિયલ મિડીયા, બધે જ એ ચોપડીની ચર્ચા છે. કહે છે કે ધડાધડ નકલો વેચાઈ રહી છે.'

'સારું છે. એમના સંસદસભ્યો, ધારાસભ્યો, કોર્પોરેટરો ને બીજા બધા નેતાઓ વેચાઈ ગયા પછી એમની પાસે પુસ્તક વેચવા સિવાય બાકી કશું રહ્યું નથી. ચિંતા ન કરો. એ જ એમનું લેવલ છે. આપણું લેવલ તો હવે બેન્કો, સરકારી નિગમો ને બીજી સરકારી કંપનીઓ

અગડમ્ બગડમ્

બાબા આદમ

વેચવાનું છે.' નેતાજીએ ઉપહાસ કર્યો.

જોકે, કાર્યકર તંત મૂકે તેમ ન હતો. 'સાહેબ, કેટલાય સમયથી એવું થાય છે કે વિપક્ષો મુદ્દા ઉપાડે છે અને પછી આપણે પ્રત્યાઘાતો આપીએ છીએ ને નિયમો બદલીએ છીએ. તો હું તો કહું છું કે આપણે પણ આ વિપક્ષી પુસ્તકનો જડબાતોડ જવાબ આપી દઈએ. આપણી પાસે શું લેખકોની કમી છે? '


'કોઈ કમી નથી. આપણે સાહિત્ય સંસ્થાઓની ચૂંટણીમાં ધારીએ તો આપણા જ સમર્થકોની પેનલોની પેનલો ઉતારી શકીએ તેમ છીએ.' નેતાજી તાનમાં આવી ગયા.

'ના , ના, સાહેબ... એ બધા

મારા મિસ્ડ કોલ મેમ્બરશિપના પ્રયોગો, કંગના રણૌતનાં વિવેકી પ્રવચનો, રિસોર્ટમાં જોડે રહેજો રાજ જેવાં પુસ્તકો આવી રહ્યાં છે

સાહિત્યવાળા લેખકોનું આમાં કામ નહીં. સેંકડો પાનાની નોવેલો લખનારા એ બધા આપણી પાસે ચાર લીટીનો ભલામણપત્ર લખાવવા આજીજીઓ કરતા હોય છે. આમાં તો આપણા રાજકીય લેખકોનું જ કામ. બધું રાજકારણની જૂની જૂની વાતો ને કિસ્સા ને બધુ બહુ રોચક વાતો જાણતા હોય ને લખી આપે.'

'લ્યા, તું ચિંતા ન કર. આપણે તો એક સામે એકસો શું એક કરોડ પુસ્તકો મેદાનમાં ઉતારી શકીએ તેમ છીએ. મિસ્ડ



કોલ મારીને પાર્ટીના મેમ્બર બનનારા બધા 'મારી મિસ્ડ કોલ મેમ્બરશિપના પ્રયોગો' લખી શકે તેમ છે. આપણે ધારીએ તો 'કંગના રણૌતનાં વિવેકી પ્રવચનો'નું સંકલન લખાવી દઈએ. એમ તો 'રિસોર્ટમાં જોડે રેજો રાજ'ની આપણી લોકકથાઓ પણ બહુ પોપ્યુલર બને તેમ છે. આપણે 'કેસરી વોશિંગ મશીનની સાફલ્યગાથાઓ' નામનું પુસ્તક લખાવીને પ્રગટ કરીએ તો આ વિપક્ષોની ઊંઘ હરામ થઈ જાય કે નહિ ? '

'સાહેબ, મને તો આપણું એક જ પુસ્તક અત્યારે મોસ્ટ પોપ્યુલર અને સુપરડુપર બ્લોકબસ્ટર ઓલ-ટાઈમ રેકોર્ડબ્રેક કલેક્શનવાળું લાગે છે.'

'હેં? કયું ? મને કેમ ખબર નથી ?' નેતાજી ચોંક્યા.

'એસઆઈઆર પછીની મતદાર યાદીઓ...'

આજનુ પંચાંગ

તા.૧૯/૧૧/૨૦૨૬,ગુરૂવાર

સૂર્ય અનુરાધામાં ૨૭ ક. ૦૪ મિ. થી.

દિવસના ચોઘડિયા : શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ.
રાત્રિના ચોઘડિયા : અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત.
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૫૭ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૩ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૪૫ મિ. **જન્મ રાશિ :** કુંભ (ગ.શ.ષ.સ.) ૨૪ ક. ૫૧ મિ. સુધી મીન (દ.ચ.ઝ.થ.) રાશિ આવે. **નક્ષત્ર :** પૂર્વાભાદ્રાપદ ૩૦ ક. ૫૭ મિ. સુધી પછી ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર -કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ કેતુ-સિંહ, ચંદ્ર - કુંભ ૨૪ ક. ૫૧ મિ. સુધી પછી મીન. હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો- મકર
રાહુકાળ ૧૩.૩૦ થી ૧૦.૦૦ (દ.ભા.) **વિક્રમ સંવત** - ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાર્વ : ૧૯૪૮ પરાભવ જૈન વીર સંવત - ૨૫૫૩ **દક્ષિણાયન હેમંત ઋતુ,** રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક, ૨૮ - વ્રજ માસ : કાર્તિક - ૨૫
માસ-તિથિ-વાર- કારતક સુદ નોમ
- શ્રી રંગ અવધૂત જયંતી (નારેશ્વર) - સૂર્ય અનુરાધામાં ૨૭ ક. ૦૪ મિ. થી.
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૯મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૭ મો રોજ અમરદાદ



મંત્રમુગ્ધ

- ''સાચી સફળતા હંમેશા જ્ઞાન અને સમજણ પર જ ટકેલી છે. જીવનમાં નસીબ જેવું કંઈ જ હોતું નથી. માણસ જે કંઈ મેળવે છે તે પોતાની મહેનતથી જ મેળવે છે.'' **- યુવા ચેતનાના પ્રેરણાપુરુષ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ**
- ''જેને જ્ઞાન પચે નહીં તેને જ પ્રદર્શનનું મન થાય.
જેને જ્ઞાન પચે, તેને તો આંતરદર્શનનું જ મન થાય.'' **- આચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી**
- ''ઘર, સંસાર કે દુનિયા છોડવાથી મુક્તિ નથી મળતી, સાચી આધ્યાત્મિક ક્રાંતિ તો ત્યારે જ આવે છે જ્યારે તમે દુનિયાને નહીં પણ તમારા ભીતરના રાગ, દ્વેષ, ઘમંડ અને મમત્વની બેડીઓને તોડી નાખો છો.'' **- જીવનના ગહન સત્યોનાં પ્રખર વિધ્વાન - વિચારક વિમલા ઠાકર**
- ''પ્રશંસા જુદી જુદી વ્યક્તિઓ પર જુદો જુદો પ્રભાવ પાડે છે. તે વિવેકીને નમ્ર બનાવે છે અને મૂર્ખને વધુ અહંકારી બનાવીને તેના દુર્બળ મનને વધુ દુર્બળ બનાવે છે.'' **- ઈંગ્લેન્ડના પ્રખ્યાત ફિલોસોફર - લેખક ઓવેન ફેલ્ટહામ**
- **પ્ર. :** શ્રીમદ્ ભગવદ્ગીતાનાં કયા અધ્યાયમાં ભગવાને અર્જુનને ખુદના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા છે ?
ઉ. : વિશ્વરૂપદર્શનયોગ અધ્યાયમાં. **- જાણવા જેવી વાત.**

સંકલન : russhabhshahgs@gmail.com

આજનું ભવિષ્ય

મેષ : આપના કામની કદર-પ્રશંસા થવાથી આનંદ અનુભવો. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જતાં આવક જણાય.

વૃષભ : આપને કૌટુંબિક - પારિવારિક - સગા- સંબંધીવર્ગ - મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહેવું પડે. દોડધામ-શ્રમ-ખર્ચ જણાય.

મિથુન : નોકરી-ધંધાના કામમાં સાનુકૂળતા મળી રહે. ધંધામાં નવી કોઈ વાતચીત આવે કે ઓર્ડર મળી રહે. મિલન-મુલાકાત થાય.

કર્ક : આપે સીઝનલ - વાયરલ બીમારીથી સંભાળવું પડે. કામમાં પ્રતિકૂળતા જણાય. વાહન ચલાવવામાં ઉતાવળ કરવી નહીં.

સિંહ : સંસ્થાકીય કામ અંગે, જાહેર ક્ષેત્રના કામકાજ અંગે દોડધામ-વ્યસ્તતા રહે. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે.

કન્યા : સીઝનલ ધંધામાં માલનો વધુ પડતો ભરાવો કરવો નહીં. ગ્રાહક વર્ગ સાથે વાદ-વિવાદ ગેરસમજ - મનદુ:ખથી સંભાળવું પડે.

તુલા : આપની મહેનત- અનુભવ- આવડત - બુધ્ધિથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં સરળતા જણાય.

વૃશ્ચિક : નોકરી-ધંધે જાવ તો ઘર-પરિવારની ચિંતા અનુભવો અને ઘરે રહો તો આપનો નોકરી-ધંધાની ચિંતા રહ્યા કરે.

ધન : આપના કામમાં ઉપરીવર્ગ- સહકાર્યકર વર્ગ નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે. યાત્રા-પ્રવાસનું આયોજન થાય.

મકર : સામાજિક- વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા રહે. કામનો ઉકેલ આવવાથી આનંદ રહે. ધંધામાં આવક જણાય.

કુંભ : કોર્ટ-કચેરીના કામમાં આપે ઉતાવળ કરવી નહીં. આપના કાર્યમાં હરિફવર્ગ- ઈર્ષ્યા કરનારવર્ગની મુશ્કેલી જણાય.

મીન : માનસિક પરિતાપ- વ્યગ્રતા અનુભવો. આપના ધાર્યા પ્રમાણેનું કામકાજ ન થવાથી ઉચાટ-ઉદ્વેગ જણાય.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૬૩૭૩૩
મુંબઈ સોનું (૯૯.૫) ૧૩૦૬૩૯
મુંબઈ સોનું (૯૯.૯) ૧૩૧૧૬૪
અમ. ચાંદી ૧૬૮૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૩૬૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૩૬૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૬૩૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૬૫૦૦૦-૧૬૮૦૦૦
ચાંદી રૂપુ ૧૬૪૮૦૦-૧૬૭૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૩૫૦૦૦-૧૩૬૫૦૦
સોનું (૯૯.૫) ૧૩૪૭૦૦-૧૩૬૨૦૦
હોલમાર્ક ૧૩૩૭૭૦

મુંબઈ

ચાંદી ૧૬૩૭૩૩
સોનું (૯૯.૫) ૧૩૦૬૩૯
સોનું (૯૯.૯) ૧૩૧૧૬૪

રાજકોટ

ચાંદી ૧૬૬૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૫૫૦૦
સીકકા (૧ ગ્રામ)૧૩૮૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૨૩૧૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૮૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૫૦૦
દિવેલ ૨૮૦૦
પામોલીન જુનો ડબો ૨૧૫૦
પામોલીન નવો ડબો ૨૩૦૦
કોપરેલ ૪૩૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૫૦
તીખું સરસીયું ૩૨૦૦
સનફલાવર ૨૬૫૦
મકાઈ તેલર ૩૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૨૫
રાજકોટ મગફળી ૧૮૭૦-૧૮૮૦
સોનુ ૨૪ કેરેટ ૧૩૮૫૦૦
૧ કિલો ચાંદી ૧૬૬૦૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૧૮૦
બટાકા ડીસા ૧૬૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૪૦
ડુંગળી એમપી ૬૦૦-૯૬૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૦૦-૧૫૦
ટગર ૩૦૦-૪૦૦
ડમરો ૭-૧૦
લીલી ૪-૭
હજારી ગલ ૪૦૦-૮૦૦

સરસવમાં તેજી: રાજસ્થાનમાં ભાવ ઉછળી રૂ.૧૦ હજાર બોલાયા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે મસ્ટર્ડ-સરસવ તેલના ભાવમાં તેજી આગળ વધી હતી જ્યારે સિંગતેલ, કપાસિયા તેલ, પામતેલ તથા સોયાતેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ આજે વધુ તૂટ્યા હતા.

ઘરઆંગણે આયાતી ખાદ્યતેલોના ભાવમાં ઘટાડો

દરમિયાન, વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૪૯ પોઈન્ટ વધુ તૂટ્યા હતા. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોના રૂ.૧૧ ઘટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૫૫ નરમ રહ્યા હતા.

ઘરઆંગણે સૌરાષ્ટ્ર ખાતે આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૨૫ રહ્યા હતા તથા આ ભાવોએ બાયર્સ વધુ રહ્યા હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૬૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૧૦ અને પામતેલના ભાવ રૂ.૧૨૮૨ તતા સોયાતેલના ભાવ રૂ.૧૩૮૫ રહ્યાના સમાચાર હતા. મસ્ટર્ડ-સરસવની આવકો આજે રાજસ્થાનમાં ૭૫ હજાર ગુણી તથા ઓલ ઈન્ડિયા આવકો ૨ લાખ ગુણી આવી હતી. રાજસ્થાન જયપુર ખાતે મસ્ટર્ડના ભાવ વધી રૂ.૯૯૭૫થી ૧૦૦૦૦ બોલાતા થયા હતા.

મુંબઈ હાજર બજારમાં આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૬૦ તથા કપાસિયા તેલના ભાવ રૂ.૧૪૩૦ રહ્યા હતા. મુંબઈ મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ વધી રૂ.૧૯૬૦ રહ્યા હતા.

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
ટાઈટન	૪૬૬૦.૦૦	૪.૮૨
TCS	૨૩૮૦.૦૦	૨.૪૯
ઈટરનલ	૩૬૫.૭૦	૨.૪૫
બજાજ ફાય	૧૦૬૨.૮૫	૨.૪૫
ઈન્ડિગો	૫૪૯૯.૭૫	૧.૯૭
ઈન્ફોસીસ	૧૧૦૬.૦૦	૧.૮૬
ટાટા સ્ટીલ	૧૭૮.૮૦	૧.૫૧
મહિન્દ્રા	૩૩૫૦.૦૦	૧.૪૭
એ. પેઈન્ટ	૨૫૮૩.૦૦	૧.૩૮

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૧૯/૧૧/૨૦૨૬,ગુરૂવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સારું રહે. **કૌટુંબિક-પારિવારિક :-** કૌટુંબિક- પારિવારિક દ્રષ્ટિએ સારું રહે. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. માતા-પિતાના - ભાઈભાંડુના આરોગ્ય અંગેની ચિંતામાં રાહત થતી જાય. પરંતુ મોસાળપક્ષ-સાસરીપક્ષની મુશ્કેલી જણાય. **નોકરી-ધંધો :-** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ એકંદરે સારું રહે. આપના કામ થતાં જાય. રાજકીય-સરકારી કામ મેળવવામાં સરળતા રહે. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે. પરંતુ વર્ષની મધ્યમાં આપને થોડી મુશ્કેલી રહે. હરિફવર્ગ- ઈર્ષ્યા કરનારવર્ગ આપને મુશ્કેલીમાં મૂકવાના પ્રયાસ કરે. **આરોગ્ય સુખાકારી :-** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષ પસાર થાય તેમ આપે આરોગ્યની બાબતમાં સાચવવું પડે. આંખોની, પગની, ગુદાભાગની તકલીફ જણાય. શસ્ત્રક્રિયાથી આપે સંભાળવું પડે.

NSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
HDFC લાઈફ	૪૬૪૮.૧૦	૫.૩૦
હિંદાલકો	૯૦૦.૦૦	૨.૯૯
BSE	૩૭૫૫.૭૦	૨.૮૩
ટાટા મોટર્સ પેસે.	૨૫૨.૫૫	૨.૫૭
બજાજ ફાય	૧૦૯૩.૮૫	૨.૪૩
ઈટરનલ	૩૬૬.૦૦	૨.૪૧
અદાણી એન્ટર	૨૬૮૪.૨૦	૨.૨૨
ઈન્ડિગો	૫૪૯૯.૩૦	૧.૯૯
જીયો ફીન	૨૨૪.૫૦	૧.૯૫
ઈન્ફોસીસ	૧૧૦૮.૮૦	૧.૮૮
બજાજ ઓટો	૧૦૫૭૦.૦૦	૧.૮૬

કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

બુધવારના રોજ ઓવરઓલ માર્કેટબ્રેથ નેગેટિવ જોવાઈ હતી. માર્કેટ મૂડ ઈન્ડેક્સ એક્સ્ટ્રીમ ગ્રીડ ઝોનમાં આવ્યો છે જે ઊંચા મથાળે વેચવાલીનો સંકેત સૂચવે છે.

વોલેટીલીટી ઈન્ડેક્સ ૧૬.૦૩નો હાઈ અને ૧૪.૫૯નો લો બનાવી ૧૫.૫૭ ઉપર બંધ આવેલ છે.

નિફ્ટી નવેમ્બર ફ્યુચર : ૨૫૨૩૯

ગુરૂવારના રોજ નિફ્ટીની રેન્જ ૨૫૦૫૦થી ૨૫૪૦૦ વચ્ચે જોવાય.

બેંક નિફ્ટી નવેમ્બર ફ્યુચર : ૬૧૯૪૭

ગુરૂવારના રોજ બેંક નિફ્ટીની રેન્જ ૬૧૫૦૦થી ૬૨૩૦૦ વચ્ચે જોવાય.

ફ્યુચર માર્કેટ


- ગેઈલ ઈન્ડિયા : (૧૮૯)નો નવેમ્બર માસનો ફ્યુચર ૧૮૯ ઉપર ૧૮૧નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૯૪, ટાર્ગેટ -૨ ૧૯૭ સુધીસુધારાની શક્યતા છે.
- પોલીકેબ ઈન્ડિયા : (૭૩૦૧)નો નવેમ્બર માસનો ફ્યુચર ૭૩૦૧ નીચે ૭૫૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૭૧૨૫, ટાર્ગેટ -૨ ૭૦૭૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- આઈનોક્સ ઈન્ડિયા : (૨૧૨૩) ૨૧૨૩ ઉપર ૨૦૫૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૨૧૮૦, ટાર્ગેટ -૨ ૨૨૩૦ સુધી સુધારાની શક્યતા છે.
- હનીવેલ ઓટોમેશન: (૨૯૮૩૫) ૨૯૮૩૫ નીચે ૩૦૭૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૯૨૦૦, ટાર્ગેટ-૨ ૨૯૦૦૦સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક





ગુજરાત સમાચાર
ક્લાસિફાઈડ્સ
ટચૂકડી જાહેરખબર
CLASSIFIEDS
Call : 8799236001/2/3

નોકરી વિષયક ટચૂકડી જાહેરખબર

શિક્ષક-અધ્યાપક
Required Teachers Class 6-10 Maths, Science, English, SS. English medium Adarsh Hindi Vidhyalaya, Sivapark, 9727767899

વેપાર ધંધાકીય
વેપારમેન પાર્ટી
જોઈએ છે, વેપાર ધંધા, ઔદ્યોગિક પાર્ટી, બ્રાન્ચ/ડીલર/એજન્ટ/ફ્રેન્ચાઈઝી, ઓફિસ, વેરહાઉસ, ફેક્ટરી, ગોડાઉન, પ્લોટ, ૨૫ વર્ષ જૂની વિશ્વાસપાત્ર પેઢી - 8799999444

વેપાર ભાગીદારીમાં
જોઈએ છે વેપારમેન, વ્યાપાર ધંધા અનુભવી વેપારમેન ફાયર સર્વિસમાં, સીઝનલ વ્યવસાય માટે. 9825000000

Incubation Centre
Incubation Centre
Incubation Centre
જોઈએ છે ઈન્ક્યુબેશન સેન્ટર, ૧૨ પાસ, ૫ વર્ષના અનુભવી, ગ્રાહકોને જગ્યા - ઈન્ક્યુબેશન આપવી. Prabhu Shah 9725437561 Rahul Patel 8200169729

વેપાર
Required Accountant up to 3 years Experience, Send your CV to- mittalpatel.com@gmail.com. Call 9898765219 Between Monday to Friday, 09:00 am to 11.30 am. Address: Mittal Polyvest Gujarat LLP Survey Nos. 147, 148, Village Ishroli, Near Estik Industrial Park, Pardikankanj Cam, Dholka Road, Taluka Dedoro, Ahmedabad

વેપાર
Required experienced candidate for CA Office work, GST Return filing, Income Tax Return filing and Accounting. Location: Shivranjani Cross Road, Ahmedabad. Email your CV at cvofficial@gmail.com

વેપાર
Required Accountant up to 3 years Experience, Send your CV to- mittalpatel.com@gmail.com. Call 9898765219 Between Monday to Friday, 09:00 am to 11.30 am. Address: Mittal Polyvest Gujarat LLP Survey Nos. 147, 148, Village Ishroli, Near Estik Industrial Park, Pardikankanj Cam, Dholka Road, Taluka Dedoro, Ahmedabad

વેપાર
જોઈએ છે એકાઉન્ટ ઓફિસ માટે ટેલી એક્સપર્ટ ઓફિસ સ્ટાફ, અમદાવાદ 9825000000

વેપાર
જોઈએ છે એકાઉન્ટ, ઓફિસ કામકાજ સંભાળવા માટે, ઉંમર ૨૫ થી ૩૫ વર્ષ, ૨ વર્ષનો અનુભવ, ઘાટલોડિયા વિસ્તાર 9825000000

વેપાર
જોઈએ છે ઓફિસ સ્ટાફ, ઓફિસ કામકાજ સંભાળવા માટે,

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ટીમ ઈન્ડિયા ન્યુઝીલેન્ડ સામેની બે ટેસ્ટ બાદ ઓસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટની શ્રેણી રમશે

ભારતે WTCની ફાઈનલમાં પ્રવેશવા માટે બાકીની સાતમાંથી છ ટેસ્ટ જીતવી જરુરી

ન્યુઝીલેન્ડ પ્રવાસની ટેસ્ટ શ્રેણીમાં હાર કે ડ્રો પરિણામ ભારતની ફાઈનલ પ્રવેશનીઆશાને આકરો ફટકો પહોંચાડી શકે : ન્યુઝીલેન્ડ, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથે સીધી સ્પર્ધા

નવી દિલ્હી, તા.૧૮

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ત્રીજી વખત ફાઈનલમાં પ્રવેશવા માટેની ભારતની રાહ અત્યંત પડકારજનક છે. યુવા કેપ્ટન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટેસ્ટ ટીમને હાલમાં ચાલી રહેલી ટેસ્ટ સાઈકલમાં વધુ સાત જ ટેસ્ટ રમવાની બાકી છે. ટીમ ઈન્ડિયા બાકી રહેલી આ સાતમાંથી છ કે વધુ ટેસ્ટ જીતે તો તેને અન્ય કોઈ ટીમ પર આધાર રાખ્યા વિના જ ફાઈનલમાં પ્રવેશ મળી જાય તેમ છે. જોકે ભારત માટે ન્યુઝીલેન્ડ પ્રવાસની બે ટેસ્ટની શ્રેણીમાં વિજયી દેખાવ કરવો ખુબ જ જરુરી છે અને આ શ્રેણીના પરિણામનો આધાર ભારતની આગેકૂચની રાહને વધુ સ્પષ્ટ કરશે.

હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ન્યુઝીલેન્ડ ૭૨.૨૨ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન સાઉથ આફ્રિકા ૭૧.૪૩ પોઈન્ટ પર્સન્ટેજ સાથે ટોચના બે સ્થાન પર છે. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ ૬૯.૨૩ પોઈન્ટ પર્સન્ટેજ સાથે ત્રીજા તેમજ ભારત ૫૧.૫૨ પોઈન્ટ પર્સન્ટેજ સાથે ચોથા ક્રમે છે. હાલમાં ફાઈનલમા પ્રવેશવા માટે આ ચાર ટીમ વચ્ચે જ ભારે કશમકશભર્યો જંગ છે. રસપ્રદ બાબત એ છે કે, ભારતને રેસમાં સામેલ અન્ય



ત્રણમાંથી બે ટીમ સામે ટેસ્ટ શ્રેણી રમવાની છે અને આ કારણે ટેસ્ટ શ્રેણીના પરિણામનો સીધો પ્રભાવ ભારતની આગેકૂચની સંભાવના પર પડશે.

ભારતને છ કે વધુ ટેસ્ટ જીતવી જરુરી

ભારતીય ટીમે જો અને તોની ચિંતામાં પડ્યા વિના ટાઈટલ જંગ માટે ક્વોલિફાય થવું હોય તો બાકીની સાતમાંથી છ કે તેથી વધુ ટેસ્ટમાં જીત મેળવવી પડે તેમ છે. જો ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં બે ટેસ્ટની શ્રેણીમાંથી જો એકાદ ટેસ્ટ મેચમાં હારે તો આગેકૂચ માટેના સમીકરણ વધુ મુશ્કેલ બની શકે છે. એક સંભાવના અનુસાર ભારતીય ટીમ બાકીની સાતમાંથી ઓછામાં ઓછી પાંચ ટેસ્ટ મેચ જીતે તો પણ ફાઈનલમાં પ્રવેશી શકે તેમ છે. જોકે આ માટે ભારતે અન્ય ટીમોની નિષ્ફળતાની આશા રાખવી પડે તેમ છે. આ કારણે પણ ન્યુઝીલેન્ડ સામેની આવતીકાલથી શરૂ થઈ રહેલી ટેસ્ટ શ્રેણી ભારતીય ટીમ માટે અત્યંત મહત્વની બની રહેવાની છે.

ભારતની હરિફ ટીમો પર એક નજર

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભારત સાથે સીધી સ્પર્ધા કરી રહેલી અન્ય ટીમોની ફાઈનલમાં પ્રવેશની સંભાવના પણ રસપ્રદ છે. ન્યુઝીલેન્ડની ટીમ હાલ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને તેઓને હજુ ૧૦ ટેસ્ટ મેચ રમવાની છે. જેમાં ભારત સામેની બે ટેસ્ટની શ્રેણી બાદ તેઓ ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ચાર, ઘરઆંગણે શ્રીલંકા સામે બે અને પાકિસ્તાન પ્રવાસમાં બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. ન્યુઝીલેન્ડ ઘરઆંગણે રમાનારી ભારત-શ્રીલંકા સામેની શ્રેણી જીતે એટલે તેમની આગેકૂચ લગભગ નક્કી થઈ જશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન સાઉથ આફ્રિકાની ટીમ હાલ ઘરઆંગણે બાંગ્લાદેશ સામે બે ટેસ્ટની શ્રેણી રમી રહી છે. તેમને ત્યાર બાદ ઘરઆંગણે જ ઈંગ્લેન્ડ સામે ત્રણ અને શ્રીલંકા પ્રવાસમાં બે ટેસ્ટની શ્રેણી રમવાની છે. આમ તેઓ સાત ટેસ્ટ રમવાના છે. બાંગ્લાદેશ સામે તેમની જીત લગભગ નક્કી મનાય છે. ઓસ્ટ્રેલિયાની ટીમને હજુ નવ ટેસ્ટ રમવાની છે, જેમાં હોમગ્રાઉન્ડ પર ન્યુઝીલેન્ડ સામે ચાર અને ભારત પ્રવાસમાં પાંચ ટેસ્ટ રમવાની છે. તેમના પર નવમાંથી છ ટેસ્ટ જીતવાનું દબાણ રહેશે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલ

ક્રમ	ટીમ	ટેસ્ટ	જીત	હાર	ડ્રો	પોઈન્ટ	%
૧	ન્યુઝીલેન્ડ	૬	૪	૧	૧	૫૨	૭૨.૨૨
૨	સા.આફ્રિકા	૭	૫	૨	૦	૬૦	૭૧.૪૩
૩	ઓસ્ટ્રેલિયા	૧૩	૯	૪	૦	૧૦૮	૬૯.૨૩
૪	ભારત	૧૧	૫	૪	૨	૬૮	૫૧.૫૨
૫	બાંગ્લાદેશ	૮	૩	૩	૨	૪૪	૪૫.૮૩
૬	ઈંગ્લેન્ડ	૧૬	૭	૮	૧	૭૪	૩૮.૫૪
૭	વિન્ડિઝ	૧૪	૩	૮	૩	૪૬	૨૭.૩૮
૮	શ્રીલંકા	૭	૧	૨	૪	૧૩	૧૫.૪૮
૯	પાકિસ્તાન	૧૦	૨	૭	૧	૪	૩.૩૩

આજથી શરુ થયેલ ટેસ્ટમાં ભારતની કસોટી

ભારત ન્યુઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં ૫૮ વર્ષથી એક પણ ટેસ્ટ જીત્યું નથી

ભારત વેલિંગ્ટનમાં આઠમાંથી એક ટેસ્ટ જીત્યું ને પાંચ હાર્યું છે, બે મેચ ડ્રો થઈ હતી : આજે ટેસ્ટ ભારતીય સમય પ્રમાણે પરોઢે ૩.૩૦થી શરૂ થઈ ચૂકી હશે

વેલિંગ્ટન, તા. ૧૮

ન્યૂઝીલેન્ડના પ્રવાસમાં ટી-૨૦ અને વન-ડે શ્રેણી જીતીને ભારતીય ક્રિકેટ ટીમે પોતાની તાકાતનો પરચો આપ્યો છે. હવે સમય છે ક્રિકેટના સૌથી પડકારજનક ફોર્મેટ એટલે કે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ક્ષમતા પુરવાર કરવાનો. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ મેચનો પ્રારંભ થઈ ચુક્યો હશે. વેલિંગ્ટનના ઐતિહાસિક બેસિન રિઝર્વ મેદાન પર રમાતી આ ટેસ્ટ ભારતીય ટીમ માટે માત્ર શ્રેણીની શરૂઆત નથી, પરંતુ ૫૮ વર્ષ જૂના એક રેકોર્ડને બદલવાની તક પણ છે. કારણ કે ભારતે આ મેદાન પર છેલ્લી વખત ૧૯૬૮માં ટેસ્ટ મેચ જીતી હતી. અત્યાર સુધી ભારતીય ટીમે બેસિન રિઝર્વમાં કુલ આઠ ટેસ્ટ મેચ રમી છે, જેમાં માત્ર એકમાં વિજય, પાંચમાં પરાજય અને બે મેચ ડ્રો રહી છે. છેલ્લે આ મેદાન પર ૨૦૨૦માં રમાયેલી ટેસ્ટમાં ભારતનો ન્યુઝીલેન્ડ સામે ૧૦ વિકેટે પરાજય થયો હતો.

પ્રસન્નાનો દબદબો

બેસિન રિઝર્વ ખાતે ભારતની છેલ્લી ટેસ્ટ જીત ફેબ્રુઆરી ૧૯૬૮માં નોંધાઈ હતી. મનસૂર અલી ખાન પટૌડીની કપ્તાની હેઠળ ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને આઠ વિકેટે હરાવ્યું હતું. આ વિજયમાં ભારતના દિગ્ગજ ઓફ સ્પિનર પ્રસન્નાની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી. તેમણે પ્રથમ દાવમાં ૩૨ રન આપીને પાંચ વિકેટ અને બીજા દાવમાં ૫૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.



એટલે કે મેચમાં કુલ આઠ વિકેટ તેમના નામે રહી હતી. ડાબોડી સ્પિનર બાપુ નાડકર્ણીએ પણ બીજી ઈનિંગમાં ૪૩ રન આપીને છ વિકેટ ઝડપી હતી.

૧૮ વર્ષથી પડકાર

ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડની ધરતી પર છેલ્લી વખત ૨૦૦૮-૦૯ના પ્રવાસમાં ટેસ્ટ શ્રેણી જીતી હતી. ધોનીની કપ્તાની હેઠળ ભારતે તે શ્રેણી ૧-૦થી જીતી હતી. હાલના હેડ કોચ ગંભીર પણ ૨૦૦૮-૦૯ના એ ઐતિહાસિક પ્રવાસનો હિસ્સો હતા. વેલિંગ્ટનમાં રમાયેલી ટેસ્ટમાં તેમણે ૧૬૭ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી.

૧૫ મી. મી. ઘાસ

પ્રથમ ટેસ્ટ પહેલાં પીચ પર લગભગ ૧૫ મિલિમીટર જેટલું ઘાસ રાખવામાં આવ્યું હોવાની ચર્ચા છે. સામાન્ય રીતે ટેસ્ટ મેચની શરૂઆતમાં જોવા મળતા ઘાસ કરતાં આ પ્રમાણ વધારે છે. આથી ઝડપી બોલરોને શરૂઆતથી જ મદદ મળવાની શક્યતા છે. જોકે, મેચ આગળ વધતાં પીચનું વર્તન બદલાઈ શકે છે. ભારતીય ટીમે માત્ર પ્રથમ દિવસ જ નહીં, પરંતુ પાંચેય દિવસને ધ્યાનમાં રાખીને રણનીતિ ઘડવી પડશે.

આજથી એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન ડે ટુર્નામેન્ટ



દોહા : કતારમાં એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન ડે ટુર્નામેન્ટના પ્રારંભ અગાઉ ટુર્નામેન્ટમાં ભાગ લેનારી તમામ આઠ ટીમના કેપ્ટનોએ કેક કાપી હતી. તિલક વર્માની આગેવાની હેઠળ ઈન્ડિયા-એ ટીમ ગ્રૂપ-બીમાં તેની પ્રથમ મેચ તારીખ ૨૦મીએ નેપાળ સામે બપોરે ૩.૩૦થી રમશે. ત્યાર બાદ ઈન્ડિયા-એ અને પાકિસ્તાન-એ વચ્ચે તારીખ ૨૨મી નવેમ્બરે વન ડે રમાશે. આ પછી ૨૪મીએ ભારત અને યુએઈ વચ્ચે આખરી ગ્રૂપ સ્ટેજની મેચ રમાશે.

આજે સાંજે ૭.૦૦થી ભારત-મલેશિયા ટકરાશે

આજથી મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટનો પ્રારંભ થશે



ભોપાલ : મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે આવતીકાલથી મહિલા હોકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ થશે. એશિયાના આઠ દેશોની મહિલા ટીમ વચ્ચે રમાનારી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં ભારતને ચોથા ટાઈટલની તલાશ રહેશે. ભારતની સાથે ચીન, જાપાન, મલેશિયા, સાઉથ કોરિયા અને થાઈલેન્ડ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. ભારતીય મહિલા ટીમ આવતીકાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી મિશન એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ કરશે અને મલેશિયા સામે ટકરાશે. ટુર્નામેન્ટના ફોરમેટ અનુસાર તમામ ટીમ એકબીજા સામે રમશે અને ટોચની ચાર ટીમ સેમિ ફાઈનલ માટે ક્વોલિફાય થશે.

અલકારાઝ મેડ્વેડેવ સામે સીધા સેટોમાં જીત્યો

એટીપી ફાઈનલ્સ : ઝ્વેરેવ શેલ્ટન સામેની જીત સાથે સેમિ ફાઈનલમાં



ટુરિન : વર્લ્ડ નંબરવન જર્મન ટેનિસ સ્ટાર ઝ્વેરેવે ૬-૨, ૭-૬(૭-૪)થી અમેરિકાના શેલ્ટનને પરાજય આપીને ઈટાલીના ટુરિન શહેરમાં ચાલી રહેલી એટીપી ફાઈનલ્સ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જર્મન ટેનિસ સ્ટારે એક કલાક અને ૩૪ મિનિટના સંઘર્ષ બાદ રાઉન્ડ રોબિન ફોર્મેટના મુકાબલામાં જીત સાથે આગેકૂચ નિશ્ચિત કરી હતી. ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન સ્પેનિશ ખેલાડી અલકારાઝે રશિયાના મેડ્વેડેવ સામે આસાનીથી ૬-૨, ૬-૪થી વિજય મેળવ્યો હતો. આ જીત દરમિયાન અલકારાઝને બીજા સેટમાં ડાબા પગની ઈજા અંગે સારવાર માટે બ્રેક લેવો પડ્યો હતો. જોકે ત્યાર બાદ તે આગવી લયમાં રમતો જોવા મળ્યો હતો.

૨૦૧૮ના બોલ ટેમ્પરિંગ કૌભાંડમાં બેનક્રોફ્ટ પર પ્રતિબંધ મૂકાયો હતો

બોલ ટેમ્પરિંગમાં આખી ટીમ સામેલ હતી, મને બલીનો બકરો બનાવાયો : બેનક્રોફ્ટ

ઓસ્ટ્રેલિયન બોર્ડની તપાસમા મેં તથ્યો છુપાવ્યા હતા : કમિન્સે જે પ્રકારે ખ્વાજાના દાવાને નકાર્યા, તેનાથી મારી સાથે દગાબાજી થઈ હોવાનો અહેસાસ થયો

સીડની, તા.૧૮

૨૦૧૮ના સાઉથ આફ્રિકા પ્રવાસની ત્રીજી ન્યૂલેન્ડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો બેનક્રોફ્ટ કાચ કાગળ (સેન્ડપેપર)થી બોલ સાથે ચેડાં કરતો રંગે હાથ ઝડપાયો હતો. આ પછી તેના પર નવ મહિના પ્રતિબંધ મૂકાયો હતો. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર ખ્વાજાએ તેની આત્મકથામા દાવો કર્યો હતો કે, બોલ ટેમ્પરિંગ કૌભાંડમાં આખી ઓસ્ટ્રેલિયાની ટીમ સંડોવાયેલી હતી. તેના દાવાને વોર્નરને સમર્થન આપ્યું હતુ અને હવે તો આ મામલે દોષિત ઠરેલા બેનક્રોફ્ટે પણ કહ્યું છે કે, આખી ટીમ આ કૌભાંડમાં સંડોવાયેલી હતી. જોકે સાથી ખેલાડીઓ અને ઓસ્ટ્રેલિયન બોર્ડની શાખ બચાવવા માટે મેં જાણી જોઈને તપાસ દરમિયાન ખોટું નિવેદન આપ્યું હતુ અને તથ્યો છુપાવ્યા હતા.

બેનક્રોફ્ટે કહ્યું કે, આઠ વર્ષની હું બોલ ટેમ્પરિંગ કૌભાંડનો ભાર એકલો ઉઠાવી રહ્યો છું. જોકે મારા હૃદય પરનો




બોજો વધી ગયો છે. તેમાં ય કેપ્ટન કમિન્સે જે પ્રકારે મીડિયા સામે આવીને દાવો કર્યો કે, અમને કોઈને બોલ ટેમ્પરિંગના મામલે કશી ખબર નહતી. તેનાથી મને આઘાત લાગ્યો હતો. મારી સાથે દગાબાજી થઈ હોવાનો અહેસાસ થયો અને આ કારણે મારે વધુ સ્પષ્ટતા કરવી પડી રહી છે.

નોંધપાત્ર છે કે, ૨૦૧૮ના સાઉથ આફ્રિકા પ્રવાસની શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં બોલ સાથે ચેડાં કરતાં રંગે હાથ ઝડપાયેલા બેનક્રોફ્ટ પર નવ મહિનાનો પ્રતિબંધ મૂકાયો હતો. હવે બેનક્રોફ્ટના આ ખુલાસા પછી ઓસ્ટ્રેલિયન બોર્ડ પર ભીંસ વધી છે.

તેણે ઊમેર્યું કે, હું આ કૌભાંડમાં ટીમ અને સાથી ખેલાડીઓ ખાતર બલીના બકરો બની ગયો હતો. કેપ ટાઉન ટેસ્ટ પુરી થયા બાદ કોઈને એવું નહતું કહ્યું કે, અમે આખી બાબતથી અજાણ હતા. જોકે કમિન્સે કરેલી પ્રેસ કોન્ફરન્સ બાદ મને એકલતાનો અહેસાસ થયો હતો અને આ કારણે જાહેર નિવેદન આપવાની ફરજ પડી છે.

ઓસ્ટ્રેલિયાના બોલરો અને વિકેટકિપર જાણતા હતા કે, બોલ સાથે ચેડાં થઈ રહ્યા છે



સીડની : ૩૩ વર્ષના બેનક્રોફ્ટે તેની કોલમમાં લખ્યું કે, ઓસ્ટ્રેલિયાના તમામ બોલરોની સાથે વિકેટકિપર પેઈનને પણ ખબર હતી કે, બોલ સાથે ચેડાં થઈ રહ્યા છે. હું તે સમયે કમિન્સ, સ્ટાર્ક, હેઝલવૂડ અને મિચેલ માર્શ જોડે વાત કરતો અને તેમને પૂછતો કે તમને જરુરિયાત મુજબનો રિવર્સ સ્વિંગ મળી રહ્યો છે કે નહીં. તેમના પ્રતિભાવના આધારે હું કાચ કાગળનો બોલ પર કેટલો ઉપયોગ કરતો તે નક્કી કરતો હતો. બેનક્રોફ્ટે કહ્યું કે, ઓસ્ટ્રેલિયાના તત્કાલીન બોલિંગ કોચ ડેવિડ સાકર મને બોલ સાથે ચેડાં કરવા માટે પ્રોત્સાહિત કરતાં. આખી ઓસ્ટ્રેલિયન ટીમમાં એકમાત્ર મીડિયા મેનેજર કેટ હચીસન જ એકમાત્ર એવી વ્યક્તિ હતા કે, જેઓ આ બાબતનો વિરોધ કરતાં.

ફેર તપાસ નહિ, સ્વતંત્ર ફોરમ બનાવાશે : બોર્ડ

સીડની : ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ ૨૦૧૮ના સાઉથ આફ્રિકા પ્રવાસના બોલ ટેમ્પરિંગ કૌભાંડની ફેર તપાસ કરવાના નથી. હાલમાં બોર્ડને વચગાળાના ચેરમેન ડેવિડ બુનની સાથે સીઈઓ ટોડ ગ્રીનબેર્ગ સંભાળી રહ્યા છે. ગ્રીનબેર્ગે સ્પષ્ટ કર્યું હતુ કે, અમે તે મામલે ફરી તપાસ શરૂ કરવાના નથી કે તે તપાસની ખાનગી બાબતોને જાહેર કરવાના નથી. જોકે ખ્વાજા અને વોર્નરે ઓસ્ટ્રેલિયન બોર્ડને આ મામલે વધુ પારદર્શી બનવા અપીલ કરી હતી.

બીજી ટેસ્ટ : શ્રીલંકાના ૯૮ સામે પાકિસ્તાનના ૩૨૫ રન

રાવલપીંડી : બીજી ટેસ્ટના બીજા દિવસની રમતના અંતે પાકિસ્તાને શ્રીલંકા સામે પ્રભુત્વ મેળવી લીધું છે. શ્રીલંકાના પ્રથમ ઈનિંગના ૯૮ રન સામે પાકિસ્તાને ૩૨૫ રન નોંધાવી ૨૨૭ રનની સરસાઈ મેળવી હતી. તે પછી શ્રીલંકાએ બીજી ઈનિંગમાં ૭૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી છે હજુ તેઓ ૧૫૩ રનથી પાછળ છે. પાકિસ્તાન તરફથી પ્રથમ ઈનિંગમાં ઓપનર અવાઈસે ૪૭,આરીફે ૪૬,આઠમા ક્રમે આવેલા વિકેટ કિપર બેટ્સમેન ઘોરીએ ૫૪,૬ઠ્ઠમા ક્રમે આવેલ રઝાઉલ્લાહે ૪૨ રનનું યોગદાન આપ્યું હતું. શ્રીલંકાના ફાસ્ટ બોલર લાહીરુ કુમારે પાંચ અને ફર્નાન્ડોએ ત્રણ વિકેટ ઝડપી હતી.

હોંગ કોંગ ઓપન : શ્રીકાંતે વાટાનાબેને હરાવ્યો

હોંગ કોંગ : ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ભારતીય બેડમિંટન સ્ટાર કિદામ્બી શ્રીકાંતે જાપાનના વાટાનાબેને ૨૧-૧૬, ૧૬-૨૧, ૨૧-૯થી હોંગકોંગ ઓપન ટુર્નામેન્ટની મેચમાં હરાવ્યો હતો. કિદામ્બીની જીતની સાથે ભારતનો લક્ષ્ય સેન વર્લ્ડ બેડમિંટન ટુરની ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં ક્વોલિફાય થયો હતો. લક્ષ્યે ફ્રાન્સના મેર્કલને ૧૪-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૮થી મહાત આપી હતી. ટ્રીસા-ગાયત્રીની જોડી ૨૧-૧૬, ૨૧-૯થી હોંગકોંગની ફાન-લેયુન સામે જીત્યા હતા.

સૈયદ મુસ્તાક અલી ટી-૨૦

બરોડાનો ઉત્તર પ્રદેશ સામે ૮ વિકેટથી વિજય : સૌરાષ્ટ્રે જમ્મુ-કાશ્મીરને હરાવ્યું


ગુજરાતનો ઉત્તરાખંડ સામે ૧૦ રનથી પરાજય

ઈન્દોર/મુંબઈ/કોલકાતા,તા.૧૮



બરોડાની ટીમે ઉત્તર પ્રદેશને માત્ર ૯૨ રનમાં સમેટી લીધા બાદ માત્ર ૯.૧ ઓવરમાં બે વિકેટ ટાર્ગેટ પાર પાડીને સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી-૨૦ની મેચમાં જીત હાંસલ કરી હતી. જ્યારે સૌરાષ્ટ્રની ટીમે જમ્મુ-કાશ્મીરને ૪૩ રનથી હરાવ્યું હતુ. ગુજરાતનો ઉત્તરાખંડ સામે ૧૦ રનથી પરાજય થયો હતો. સૌરાષ્ટ્ર ઈલાઈટ ગ્રૂપ બીમાં જીતની હેટ્રિક સાથે ૧૨ પોઈન્ટ મેળવી ટોચ પર છે. બરોડા ઈલાઈટ ગ્રૂપ-એમાં બે જીત અને એક હાર સાથે ૮ પોઈન્ટ મેળવી બીજા ક્રમે છે. જ્યારે ગુજરાત ઈલાઈટ ગ્રૂપ-ડીમાં ત્રીજી મેચમાં બીજી હાર સાથે ચાર પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે.

બરોડાની આસાન જીત : ઉત્તર પ્રદેશ : ૧૮.૧ ઓવરમાં ૯૨ (સમીર રિઝવી ૪૧, પ્લેયર ઓફ ધ મેચ અતીત શેઠ ૩/૧૫, કૃણાલ પંડ્યા-રસિક સાલેમ-હેમંત પુંન્દે ૨-૨ વિકેટ), બરોડા : ૯.૧ ઓવરમાં ૯૬/૨ (શાશ્વત રાવત ૨૫ બોલમાં ૪૫*).



સૌરાષ્ટ્રની જીતની હેટ્રિક : સૌરાષ્ટ્ર : ૨૦ ઓવરમાં ૨૧૪/૬ (સમર ગજ્જર ૩૦ બોલમાં ૪૯*, વિશ્વરાજ જાડેજા ૨૦ બોલમાં ૪૫ અને હરવિક દેસાઈ ૨૨ બોલમાં ૪૦, બ્રિજેશ શર્મા-નાસિર ૨-૨ વિકેટ), જમ્મુ-કાશ્મીર ૨૦ ઓવરમાં ૧૭૧/૯ (સમદ ૭ છ૬્ગા, ૪ ચોગ્ગા સાથે ૪૪ બોલમાં ૭૪, પ્લેયર ઓફ ધ મેચ કેઈન્સ ફુલેત્રા ૩/૨૯).

ગુજરાતનો પરાજય : ઉત્તરાખંડ : ૨૦ ઓવરમાં ૧૮૧/૮ (કુણાલ ચંદેલા ૩૯ બોલમાં ૬ છ૬્ગા, બે ચોગ્ગા સાથે ૭૨*, વિશાલ જયસ્વાલ ૩/૨૩, હર્ષલ પટેલ-તેજસ પટેલ ૨-૨ વિકેટ), ગુજરાત : ૨૦ ઓવરમાં ૧૭૧/૮ (ઉર્વિલ પટેલ ૨૮ બોલમાં ૫૬, મયંક મિશ્રા ૩/૨૫).

ત્રીજી વન ડે : ઈંગ્લેન્ડ ૩૨૮,ઓસ્ટ્રેલિયા ૨૩૧

ઈંગ્લેન્ડનો ઓસ્ટ્રેલિયામાં આઠ વર્ષ પછી વન ડેમાં શ્રેણી વિજય

પ્લેયર ઓફ ધ મેચ ડુકેટ્ટના ૧૧૫ બોલમાં ૧૩૩ રન

હોબાર્ટ, તા. ૧૮

હોબાર્ટમાં રમાયેલી ત્રીજી અને નિર્ણાયક વન ડેમાં ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને ૯૭ રનથી હરાવી ત્રણ મેચની શ્રેણી ૨-૧થી જીતી લીધી છે. ઈંગ્લેન્ડે આઠ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાની ધરતી પર દ્વિપક્ષીય વન ડે શ્રેણી જીતવાનું ગૌરવ મેળવ્યું છે. અગાઉ ૨૦૧૭-૧૮માં ઈઓન મોર્ગનના નેતૃત્વમાં ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયામાં ૪-૧થી શ્રેણી જીતી હતી. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ લીધી હતી. ઓપનર ડુકેટ્ટના ૧૧૫ બોલમાં ૧૫ ચોગ્ગા અને ત્રણ છ૬્ગા સાથેના ૧૩૩, ઓપનર બાન્ટોન(૪૪) જોડેની ૮.૪ ઓવરોની ૭૪ રનની ભાગીદારી બાદ રૂટ ૧૨,કેપ્ટન બ્રુક ૧૭,કોક્સ ૧૨,આર્ચર ૭ રને આઉટ થતાં સ્કોર ૫ વિકેટે ૧૯૫ (૩૨.૧) થયો હતો. વિલ જેકસે ૫૯ રનની ઈનિંગ રમતા ૪૮.૩ ઓવરોમાં ૩૨૮ ઓલ આઉટનો સ્કોર ઈંગ્લેન્ડે બનાવ્યો હતો. એડવર્ડ્સે ૪ અને રેનશોએ ત્રણ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા માટે પડકાર ઝીલવો શરૂની ઓવરોથી જ કઠિન બન્યો હતો. કેપ્ટન માર્શ ૧,હેડ ૪,ઈંગ્લિશ ૧૪, કેરી ૩૭ અને કોનોલી ૨૯ રને આઉટ થયા હતા. વન ડાઉન આવેલ રેનશોએ સૌથી વધુ ૫૫ રન કર્યા હતા. સોની બેકરે ચાર અને ડોસને ત્રણ વિકેટ ઝડપી હતી.

આજથી અમદાવાદમાં ઓલ ઈન્ડિયા પોલીસ ક્લસ્ટર

અમદાવાદ, તા.૧૮ : અમદાવાદમાં આવતીકાલથી ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન અને ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાનારી આ ટુર્નામેન્ટમાં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો સહિતની કુલ ૩૮ ટીમો ભાગ લઈ રહી છે. ગુજરાત સહિતના રાજ્યોની પોલીસ ટીમોની સાથે ઈન્ટેલિજન્સ બ્યુરો, સીઆરપીએફ અને બીએસએફ જેવા કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ટીમો પણ સ્પર્ધામાં ઉતરવાની છે.

સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશ પર પરાજયનું સંકટ

જોહનીસબર્ગ : સાઉથ આફ્રિકાએ મક્કમ બેટિંગ બાદ લડાયક બોલિંગને સહારે પ્રવાસી બાંગ્લાદેશની ટીમને પ્રથમ ટેસ્ટમાં હાર તરફ ધકેલી દીધી હતી. બાંગ્લાદેશના ૪૦૦ના સ્કોર સામે સાઉથ આફ્રિકાએ ૫૫૭ રન ખડક્યા હતા અને પ્રથમ ઈનિંગને સહારે ૧૫૭ રનની સરસાઈ મેળવી હતી. જવાબમાં બાંગ્લાદેશનો બીજી ઈનિંગમાં ધબડકો થયો હતો અને તેઓ પાંચ વિકેટે ૧૦૦ રન પર ફસડાયા હતા.

આજે ચોથા દિવસે સાઉથ આફ્રિકાએ ૩૮૬/૭ ના સ્કોરથી આગળ રમતાં વધુ ૧૭૧ રન ઉમેર્યા હતા અને બાકીની ત્રણ વિકેટ ગુમાવી હતી. રિકેલ્ટને ૫૬થી આગળ રમતાં ૧૬૫ બોલમાં ૧૩ ચોગ્ગા સાથે ૧૦૪ રન ફટકાર્યા હતા.રબાડાએ ૯૩ બોલમાં ૧૦ ચોગ્ગા અને બે છ૬્ગા સાથે ૭૨ રનની લડાયક ઈનિંગ રમી હતી. રિકેલ્ટન-રબાડાએ ૧૧૭ રન આઠમી વિકેટમાં જોડ્યા હતા. અગાઉ રિટાયર્ડ હર્ટ થયેલા બવુમાએ ૧૩૮ બોલમાં ૬૮* રન નોંધાવ્યા હતા. તેણે પીટરસન (૨૯) જોડે આખરી વિકેટમાં ૪૫ રન જોડ્યાં હતાં.

દાસનો વર્લ્ડ રેકોર્ડ

સાઉથ આફ્રિકા સામેની પ્રથમ જોહનીસબર્ગ ટેસ્ટમાં બાંગ્લાદેશના વિકેટકિપર લિટન દાસે છ કેચ અને બે સ્ટમ્પિંગ એમ કુલ મળીને આઠ શિકાર કરતાં વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. આ સાથે તે મેન્સ ટેસ્ટમાં એક ઈનિંગમાં સૌથી વધુ આઠ શિકાર કરનારો સૌપ્રથમ વિકેટકિપર બન્યો હતો.

DEENDAYAL PORT AUTHORITY
દીનદયાલ પત્તન પ્રાધિકરણ
ISO9001:2015ISO14001:2015

No.EG/PS/2210/2026 Date : 18.11.2026
સં. EG/PS/2210/2026 દિનાંક : 18.11.2026

ENGAGEMENT OF Sr. PROJECT ENGINEER AND Jr. PROJECT ENGINEER ON CONTRACTUAL
संविदा के आधार पर वरिष्ठ परियोजना अभियंता एवं कनिष्ठ परियोजना अभियंता की नियुक्ति

Deendayal Port Authority, a leading Major Port under the administrative control of Ministry of Shipping, Port & Waterways, intends to engage 23 (Twenty-Three) Nos. of Sr. Project Engineers at Kandla / Gandhidham and 02 (Two) N

મહાસત્તાના

(પહેલા પાનાનું ચાલુ)

વિદેશપ્રધાન માર્કો રૂબિયોએ પોતે જવાબ આપવાની નોબત આવી ગઈ.

આમ શેનઝેનમાં વિશ્વની ટેકનોલોજીકલ મહાસત્તાની ધોંસ બતાવવા આવેલા ટ્રમ્પની ઘરઆંગણે જ હાલત ખસ્તા થઈ ગઈ હતી. અમેરિકનો પોતે જ તેમની ઠેકડી ઉડાડે તેવી સ્થિતિ સર્જાઈ છે. તેના લીધે ટ્રમ્પ શેનઝેનમાં એપેક દેશો તરીકે એક ટેકનોલોજીકલ મહાસત્તાના પ્રમુખ તરીકેની તુમાખી દર્શાવી જ શક્યા ન હતા.

ટ્રમ્પે પણ છેક મનિલામાં આ પ્રકારના ટેકનિકલ આઉટેજનો ખુલાસો કરતાં જણાવવું પડ્યું હતું કે અમારો દેશ ખૂબ જ મોટો અને શક્તિશાળી હોવાના કારણે આ પ્રકારની સમસ્યા સર્જાય છે. અમેરિકાના આ ટેકનોલોજીકલ આઉટેજના કારણે સ્થિતિ એવી આવી હતી કે સામાન્ય અમેરિકનો તેમના ઈ-મેઈલ ચેક કરી શકતા ન હતા, બેન્કોમાંથી તેઓ રૂપિયા કાઢી શકતા ન હતા. એરોપ્લેન એરપોર્ટ પરથી ઉડી શકતા ન હતા, પોલીસ ફરિયાદ સુદ્ધા થઈ શકતી ન હતી. માઈક્રોસોફ્ટ આઉટેજના કારણે ફેડરલ એવિયેશન, જેપી મોર્ગન ચેઝ જેવી ઈન્વેસ્ટમેન્ટ બેન્ક અને નેશનલ સિક્યોરિટી એજન્સીનું કમ્યુનિકેશન ઠપ થતાં ટ્રમ્પને જવાબ આપવો ભારે પડી ગયો હતો.

વિશ્વમાં

(પહેલા પાનાનું ચાલુ)

અન્ય બીજા કારણોથી મુસ્લિમોની સંખ્યા બહુ નથી વધી રહી.

વધુમાં દાવો કરાયો છે કે વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન મુસ્લિમ મહિલાને સરેરાશ ૩.૧ બાળકો હતા, જ્યારે ખ્રિસ્તી મહિલાઓમાં આ સંખ્યા ૨.૫ હતી, જ્યારે અન્ય ધર્મની મહિલાઓમાં આ સંખ્યા ૧.૬ અથવા તેનાથી ઓછી રહી. પ્યૂના અનુમાન મુજબ વર્ષ ૨૦૨૦માં સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તીઓની સંખ્યા ૨.૨૭ બિલિયન એટલે કે ૨૨૭ કરોડ હતી, જ્યારે મુસ્લિમોની સંખ્યા ૨૦૦ કરોડથી વધુ હતી, વર્ષ ૨૦૩૫ સુધીમાં મુસ્લિમોની સંખ્યા ૨૫૭ કરોડ જ્યારે ખ્રિસ્તીઓની સંખ્યા ૨૫૨ કરોડે પહોંચી જશે. બન્ને વચ્ચે આશરે પાંચથી દસ કરોડનું અંતર રહેવાની શક્યતાઓ છે.

બીજી તરફ હિન્દુઓ અને યહુદીઓની સંખ્યામાં પણ વધારો થશે જોકે તેમની સંખ્યા ઓછી હશે, વૈશ્વિક વસતીમાં આ બન્ને ધર્મના લોકોની સંખ્યા ઓછી હશે, જ્યારે બૌદ્ધ ધર્મ પાળનારાઓની સંખ્યામાં ઘટાડો થશે. ચીન, કોરિયા અને જાપાનમાં વસતી ઘટાડાને કારણે બૌદ્ધોની સંખ્યા ઘટશે. ખંડની વાત કરીએ તો એશિયા નહીં પણ સબ-સહારન આફ્રિકા ખંડમાં જ મુસ્લિમો અને ખ્રિસ્તીઓની સંખ્યા વધશે. વર્ષ ૨૦૭૦ સુધીમાં વિશ્વમાં સૌથી વધુ ખ્રિસ્તીઓ આ સબ-સહારન આફ્રિકામાં જ રહેતા હશે. અમેરિકા અને કેનેડામાં ધર્મ વગરના લોકોની સંખ્યા ધાર્મિક લોકો કરતા વધુ હશે. તેથી અમેરિકા ખ્રિસ્તી બહુમત દેશ નહીં રહે.

સોનિયા ગાંધીનાં

(પહેલા પાનાનું ચાલુ)

કામકાજ કેમ ચાલુ રખાયું છે તેમ કહી વિરોધ પ્રદર્શન કર્યું હતું. નાશિકમાં મનસેના કાર્યકરોએ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વિરુદ્ધ સૂત્રોચ્ચારો કર્યા હતા.

બીજી તરફ સોશિયલ મીડિયા પર આ પુસ્તક ફાડવાની ચેષ્ટાની વ્યાપક ટીકાઓ થઈ હતી. અનેક લોકોએ કોમેન્ટ કરતાં કહ્યું હતું કે પુસ્તકનો જવાબ પુસ્તકથી અપાવો જોઈએ. વીર સાવરકર વિશે અલગ અલગ મંતવ્યો ધરાવતાં અનેક પુસ્તકો પહેલેથી જ બજારમાં ઉપલબ્ધ છે. આ મુદ્દે વાદવિવાદ થઈ શકે પરંતુ પુસ્તક ફાડવામાં આવે તે ખોટું છે. સંખ્યાબંધ લોકો કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં પુસ્તકોનું અદકેરું સ્થાન છે અને તે ફાડવાની ચેષ્ટા મહારાષ્ટ્રની સંસ્કૃતિને અનુરુપ નથી.

ચક્રવાત

(પહેલા પાનાનું ચાલુ)

૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. વાવાઝોડાને પગલે રાજ્ય વહીવટી તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. દરિયાકાંઠાનાં વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. માછીમારોને ૧૯ અને ૨૦ નવેમ્બરે સમુદ્રમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.હવામાન વિભાગનાં તાજેતરનાં બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે ચક્રવાત ૨૦ નવેમ્બર, ૨૦૨૬નાં રોજ બપોર સુધી આંધ્ર પ્રદેશ (નરસાપુર/માચિલીપટ્ટનમ) અને દક્ષિમ ઓડિશા (પુરી)ના દરિયાકાંઠા વચ્ચે લેન્ડફોલ કરે તેવી શક્યતા છે. લેન્ડફોલ સમયે પવનની મહત્તમ ગતિ ૯૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની ધારણા છે.

બુલંદશહરમાં

(પહેલા પાનાનું ચાલુ)

બહાર દોડી આવ્યા.

મોટો અવાજ સાંભળીને ગ્રામીણો ગભરાઈને ઘટનાસ્થળ ભણી દોડવા લાગ્યા. ત્યાં જઈને જોયું તો ખીલે બંધાયેલા પશુઓની આસપાસ બરફના મોટા-મોટા ટુકડા વિખરાયેલા પડયા હતા. લોકોની ભીડ જમા થઈ ગઈ.

ગ્રામીણોએ જણાવ્યું કે આકાશ તદ્દન સાફ હતું. ના વરસાદ થઈ રહ્યો કે ના બરફ પડી રહ્યો હતો. આવા સ્વચ્છ હવામાનમાં અચાનક બરફના આટલા મોટા ટુકડાનું આકાશમાંથી પડવું એ સહુ કોઈને આશ્ચર્યથી હેરાન કરી રહ્યું હતું. લોકો એને કોઈ વિમાનમાંથી પડેલા બરફનો ટુકડો માની રહ્યા છે, તો કોઈ એને પ્રાકૃતિક ઘટના ગણાવે છે.

અમેરિકા-ઈરાનના

(૧૫મા પાનાનું ચાલુ)

હતું. ઈરાને પણ આ હુમલાને સમર્થન આપ્યું છે. તેણે જણાવ્યું હતું કે કેશમ દ્વીપ પર હુમલાના પાંચથી છ વિસ્ફોટ સંભળાયા હતા, પરંતુ સ્થાનિકોને નુકસાનના કોઈ સમાચાર નથી. સ્થિતિ અંકુશ હેઠળ છે. આ હુમલો હોર્મુઝની પાસે થયો, જે વૈશ્વિક ઓઈલના પુરવઠાનો મહત્ત્વનો જળમાર્ગ છે.

હોર્મુઝમાં બુધવારે પણ ભારતીય નાવિકોને લઈને જઈ રહેલા એક વધુ ઓઈલ ટેન્કરને નિશાન બનાવવામાં આવ્યું. આ ટેન્કર પર પ્રોજેક્ટાઈલથી હુમલો કરવામાં આવ્યો.આ જહાજ પર ત્રણે ભારતીય સવાર હતા. ત્રણેય સુરક્ષિત છે. આ પહેલા ૧૭ નવેમ્બરે પનામાન ધ્વજવાળ ટેન્કર પર હુમલો કરાયો હતો, જેમા ૨૪ ભારતીય સવાર હતા.કોઈપણ ભારતીય ગંભીર રીતે ઘવાયો હોવાના સમાચાર નથી. ભારતના કેન્દ્રીય જહાજ અને જળમાર્ગ મંત્રી સોનોવાલે આ વાતની માહિતી આપી હતી. સાઉદી અરેબિયા સમર્થિત યમનની સેનાએ હુથીઓ પર હુમલા કર્યા બાદ તેઓએ સાઉદી પર વળતો હુમલો કર્યો હતો. હુથી બળવાખોરોએ રાજધાની રિયાધ પર બે ક્રૂઝ મિસાઈલ છોડી હતી, જેને તેની એર ડિફેન્સ સિસ્ટમે આંતરી લીધી હતી. અગાઉના દિવસે સંયુક્ત દળોએ કરેલા હુમલામાં હુથીઓના ૬૦ લશ્કરી ઠેકાણાઓને નુકસાન પહોંચાડ્યુ હતુ, જેમા ૧૭ના મોત થયા હતા.

અબુધાબી સ્થિત નેશનલ ઓઈલ કંપનીએ જણાવ્યું હતું કે હોર્મુઝમાં થયેલા હુમલામાં તેમનો એક ક્રૂ મેમ્બર ગુમ છે અને ૧૧ને ઈજા થઈ છે. જ્યારે ઈઝરાયેલે ગાઝા પર કરેલા હુમલામાં બેના મોત થયા છે.

ઈ-૨૦

(૧૫મા પાનાનું ચાલુ)

પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ ઈ-૧૦થી વધારી ઈ-૨૦ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે વિજ્ઞાન પર આધારિત હતો.

તેમણે જણાવ્યું હતું કે ઓટોમોબાઈલ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એઆરએઆઈ) દ્વારા રિસર્ચ કરવામાં આવ્યા પછી આ નિર્ણયને અમલમાં મૂકવામાં આવ્યો હતો.

સુપ્રીમમાં

(૧૫મા પાનાનું ચાલુ)

કર્યો હતો કે મારુ નામ કાયદાકીય રીતે બદલવાને કારણે શૈક્ષણિક વર્ષ પર બહુ જ ખરાબ અસર પહોંચી છે.

સુનાવણી સમયે મામલાએ વ્યાપક સ્વરૂપ લઈ લીધુ હતુ અને તેમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના, ફન્ડિંગ અને તેના નિયમો સાથે જોડાયેલ વ્યાપક મુદ્દો બની ગયો હતો. હવે આ મામલો ન્યાયાધીશ વિક્રમનાથની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની બેંચને સોંપવામાં આવ્યો છે.

કેરળમાં ડામર પ્લાન્ટના પ્રદુષણથી ૬૨ વિદ્યાર્થીઓ અચાનક બીમાર

દક્ષિણ કેરલમના કોલ્લમ જિલ્લાના કોટ્ટિયમ ખાતે ખાનગી સ્કુલના ૬૨ વિદ્યાર્થીઓને બુધવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. પોલીસના જણાવ્યાનુંસાર વિદ્યાર્થીઓને ઉબકા આવવા, શ્વાસ લેવામાં તકલીફ અને અસ્વસ્થતા અનુભવવાની ફરિયાદ કરી હતી. આ સમસ્યા નજીકમાં આવેલી ડામર મિશ્રણ એકમ (ટાર - મિક્સિંગ યૂનિટ) માંથી ફેલાયેલા પ્રદુષણને કારણે સર્જાઈ હોવાની શંકા છે.

કુલગામની

(૧૫મા પાનાનું ચાલુ)

૧૨માં ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, બાદમાં કોલેજનો અભ્યાસ અધુરો છોડી દીધો હતો.

ગયા વર્ષે નવેમ્બર મહિનાથી જે ગુમ થઈ ગયો હતો અને બાદમાં લશ્કર-એ-તોયબામાં જોડાઈ ગયો હતો. જે મસ્જિદમાં લતીફ ભટ છૂપાયો હતો તેની બાજુમાં જ મદરેસા આવેલું છે, આ મદરેસામાં અભ્યાસ કરી રહેલી ૨૫ વિદ્યાર્થિનીઓ તેમજ બે શિક્ષકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા જે બાદ જ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સૈન્યની રાષ્ટ્રીય રાઈફલ્સના અધિકારીએ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

પંજાબના

(૧૫મા પાનાનું ચાલુ)

જીત્યા પછી બલજિંદર સિંહ ખૂબ જ ખુશ છે.

તે આ રકમથી પોતાના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માંગે છે. તેમના પરિવારમાં પત્ની, બે બાળકો, નાનો ભાઈ અને પિતા છે. પરિવાર ચલાવવા માટે તે ટ્રક ચલાવે છે અને ખેતી પણ કરે છે. તેમના ગામમાં ઉજવણીનું વાતાવરણ છે. ગામનાં લોકો બલજિંદરને શુભેચ્છા પાઠવવા માટે તેમના ઘરે પહોંચી રહ્યાં છે. આ ખુશી માટે સ્થાનિક લોકોએ મીઠાઈ પણ વહેંચી હતી. ઉલ્લેખનીય છે કે પંજાબ સ્ટેટ ડિયર દિવાળી બમ્પર લોટરી ૨૦૨૬ માટે કુલ ૩૬ લાખ ટિકિટ છાપવામાં આવી હતી. જે પૈકી ૨૫ લાખથી વધુ ટિકિટોનું વેચાણ થયું હતું.

અમેરિકામાં

(૧૫મા પાનાનું ચાલુ)

હતા ત્યારે આઈસીઈનો અધિકારી પણ તેની સાથે જોવા મળ્યો હતો. હોસ્પિટલમાં તપાસ કર્યા પછી જાણવા મળ્યું હતું કે એંડ્રેડજે અને ગર્ભમાં રહેલા શિશુની તબિયત સારી છે. તે ૧૨ સપ્તાહની ગર્ભવતી છે.

સગર્ભા મહિલાની અટકાયત અને તેની સામે કરેલા બળપ્રયોગ સામે તેના એડવોકેટ પેટ્રીક કોલાસિન્સકીએ વાંધો ઉઠાવ્યો હતો અને કારણો દર્શાવવા જણાવ્યું હતું. તાજેતરમાં કેલિફોર્નિયા વિસ્તારમાં આઈસીઈ અધિકારીઓ દ્વારા કડક કાર્યવાહી થઈ રહી છે ત્યારે અમેરિકન નાગરિક સામેના બળપ્રયોગનો મુદ્દો ચર્ચાઈ રહ્યો છે.

VVIP

(પહેલા પાનાનું ચાલુ)

ઢગ ખડકાયેલા પડ્યા રહે છે અને આવી બાબતમાં પણ ઉચ્ચ અદાલતે હસ્તક્ષેપ કરવો પડે તે બહુ ખેદજનક બાબત છે. હાઈકોર્ટે કહ્યું હતું કે જો બીએમસી ધારે તો બહુ ઉત્તમ કામગીરી બજાવી શકે છે તે વીવીઆઈપી વિઝિટના દાખલા પરથી દેખાઈ આવે છે. જ્યારે મહાનુભવો આવવાના હોય ત્યારે બીએમસી રસ્તા ચમકાવી દે છે. તો આવું શહેરમાં કાયમી રહેતા લોકો માટે કેમ કરતા નથી ? અમારા રસ્તા બહુ ચોખ્ખાચણાક છે તેવું બે દિવસનું કામચલાઉ ચિત્ર ઉભું કરવાને બદલે બીએમસી કાયમ માટે આવી ચોખ્ખાઈ કેમ નથી રાખતી તેમ હાઈકોર્ટે કહ્યું હતું. કોઈ મહાનુભવો આવતા હોય એ જ જગ્યાએ અને એટલા દિવસો પૂરતી જ નહીં પરંતુ આવી ચોખ્ખાઈ દરેક જગ્યાએ અને હંમેશ માટે રહેવી જોઈએ એમ હાઈકોર્ટે તાકીદ કરી હતી.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

એક પોસ્ટ મૂકી છે. એમણે લખ્યું છે કે, 'મોદીજીએ મોંઘવારી ઓછી કરવાનું વચન આપ્યું હતું. જોકે આજે પરિસ્થિતિ એવી છે કે સામાન્ય માણસની થાળી નાની થઈ રહી છે, એના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે અને ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. લોકો અસહાય છે.'

સેન્ટ્રલ સેક્રેટેરિયેટ લાઈબ્રેરીના પુસ્તકો શીફ્ટ કરવા પર રોક

સુપ્રિમ કોર્ટે દિલ્હીની ૧૩૫ વર્ષ જૂની કેન્દ્રીય સચીવાલય લાઈબ્રેરી (સીએસએલ)માં રહેલા પુસ્તકો બીજી જગ્યાએ સ્થળાંતરીત કરતા અટકાવ્યા છે. કોર્ટે એ વાત પર ગંભીર ચિંતા બતાવી હતી કે, પુસ્તકોની સંભાળ આ રીતે થઈ રહી છે. કોર્ટે પુસ્તકોની જાળવણીની પદ્ધતિ પર પણ પ્રશ્ન કર્યો હતો. જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ સંજીવ સચદેવાની બેંચ સમક્ષ ન્યાયમિત્ર (એમીકસક્યુરી) અને સિનિયર વકીલ હરીપ્રિયા પદ્મનાભનએ કહ્યું હતું કે, નવેમ્બર સુધી પુસ્તકોને બીજી જગ્યાએ લઈ જવાની ઉતાવળ દેખાય છે. એમણે કોર્ટને આ પ્રક્રિયા અટકાવી દેવા વિનંતી કરી હતી. દિલ્હીના આરકે પુરમમાં રાખવામાં આવેલા કેટલાક પુસ્તકોનું ઉદાહરણ આપતા એમીકસક્યુરીએ કહ્યું હતું કે એમણે જાતે જઈને જોયું છે કે પુસ્તકો કેટલી ખરાબ હાલતમાં રાખવામાં આવ્યા છે.

'ભારત આર્થિક સંકટમાં'

અમેરિકાના પ્રવાસે પહોંચેલા રાહુલ ગાંધીએ કોલમ્બિયા યુનિવર્સિટીમાં એક સભાને સંબોધન કરતા કહ્યું હતું કે સીધી વાત એક છે કે ભારત આર્થિક મુશ્કેલીમાં છે. આ સત્ય છે. કોઈ એને અવગણી શકે નહીં. મીડિયા આ વાતને અવગણે છે, પરંતુ ભારતમાં બેરોજગારી એક મોટી સમસ્યા છે. મોડરેટર લીડીયા પોલ ગ્રીનના સવાલનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતની શિક્ષણ વ્યવસ્થા મોટી સમસ્યા છે. બેરોજગારી અને દેશની શિક્ષણ વ્યવસ્થાને લઈને ભારત એક મોટા આર્થિક સંકટ તરફ ધસી રહ્યું છે. રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે, યુવાનોનો એક વર્ગ હમણાની પરિસ્થિતિને કારણે નિરાશ છે, આ વર્ગ મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે અને એણે ઔપચારીક શિક્ષા મેળવી છે. યુવાનો એટલા માટે નિરાશ છે કે એમને પોતાનું ભવિષ્ય દેખાતું નથી.

ઈથેનોલની મેળવણી પર કર્ણાટક સરકારે કેન્દ્રને પત્ર લખ્યો

કર્ણાટક સરકારે કેન્દ્ર સરકારને ઈ-૨૦ ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમની સમીક્ષા કરવા આગ્રહ કર્યો છે. સરકારનો આરોપ છે કે રાજ્યભરના પેટ્રોલ પંપોમાંથી લેવામાં આવેલા નમૂનાની તપાસમાં ઈથેનોલની માત્રા ૨૦ ટકાથી વધુ જોવા મળી છે. કેન્દ્રીય પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગેસમંત્રી હરદીપ સિંહ પુરીને લખેલા એક પત્રમાં કર્ણાટકના મંત્રી રીઝવાન અરસદએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર ઈથેનોલ - બ્લેન્ડિંગ કાર્યક્રમની વિરુદ્ધમાં નથી, પરંતુ ઈથેનોલની વધુ માત્રાને કારણે વાહનો પર થતી અસરથી ચિંતીત છે. ઈથેનોલ બ્લેન્ડિંગ વધારવાનું પરિણામ સામાન્ય નાગરીકે ભોગવવું પડે છે. અરસદના કહેવા પ્રમાણે છેલ્લા કેટલાક મહિનાઓથી સરકારને વાહન માલિકો તરફથી ફરિયાદો મળી રહી છે. લોકોની ફરિયાદ છે કે વાહનોની એવરેજ ઘટી રહી છે અને એન્જિન બગડી રહ્યા છે.

સોનિયા ગાંધીના પુસ્તકમાં સાવરકરનું અપમાન?

સોનિયા ગાંધીના પુસ્તકને લઈને મહારાષ્ટ્રમાં વિવાદ થયો છે. પુસ્તકમાં વીર સાવરકર પર કરવામાં આવેલી ટીપ્પણીઓને લઈને શિવસેના (એકનાથ શિંદે)એ વિરોધ પ્રદર્શિત કર્યો છે. શિવસેના (એકનાથ શિંદે)ના કેટલાક નેતાઓએ પુસ્તક ખરીદીને વાંચ્યા વગર એમાથી કેટલાક પાનાઓ ફાડ્યા હતા. પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા સંજય નિરૂપમ અને રાષ્ટ્રીય મંત્રી શાઈના એનસીએ કેમેરા સામે પુસ્તકના પાનાઓ ફાડીને પુસ્તકના પાના નંબર ૨૦૧ અને ૪૩૩ દુર કરવાની માંગણી કરી છે. આ માંગણી પ્રકાશક હાર્પર કોલિન્સને કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના મોટા ભાગના લોકોને છત્રપતિ શિવાજી પછી વીર સાવરકર માટે સૌથી વધુ અહોભાવ છે. અગાઉ પણ સંસદમાં સાવરકરની ટીકા બાબતે વિવાદ થયો હતો અને એની અસર મુંબઈમાં જોવા મળી હતી.

અજીત પવાર બાબતે ભાજપનું વલણ બદલાયું?

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)એ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર બેવડુ ધોરણ અપનાવવાનો તેમજ રાજકીય અવસરવાદનો આરોપ મૂક્યો છે. અમિત શાહ પર આરોપ મૂકવામાં આવ્યો છે કે ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવારના મૃત્યુ સાથે જોડાયેલી પરિસ્થિતિ અવગણવાની કોશિષ એમણે કરી છે. અજીત પવારના મૃત્યુ બાબેત જે પ્રશ્નો ઉભા થયા છે એ બાબતે કેન્દ્ર સરકાર કોઈ તપાસ કરાવતી નથી. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)એ પોતાના મુખપત્ર સામનાના તંત્રી લેખમાં લખ્યું છે કે જે નેતા અને એમના કુટુંબ માટે ભાજપના સિનિયર નેતાઓ ટીકા કરતા હતા એમના આજે વખાણ કરી રહ્યા છે. થોડા દિવસો પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મહારાષ્ટ્ર આવ્યા હતા અને એક કાર્યક્રમમાં અજીત પવારના ખુબ વખાણ કર્યા હતા.

ભગવંત માનની મદદે પત્ની ગુરુપ્રિત કૌર

પંજાબ વિધાનસભાની ચૂંટણી માથા પર છે ત્યારે મુખ્યમંત્રી ભગવંત માન સામે જાતભાતના આક્ષેપો થઈ રહ્યા છે. રાહુલ ગાંધીએ એમને નશાખોર ગણાવીને એવી ટીકા કરી હતી કે ભગવંત માન તો બપોરે પણ નશાની હાલતમાં હોય છે.

જોકે ભગવંત માનના પત્ની ડો. ગુરુપ્રિત કૌર માન પતિ માટે આજકાલ ભારે મહેનત કરી રહ્યા છે. તેઓ સવારે જલ્દી ઘરની બહાર નીકળી જાય છે અને મોડી રાત્રે પરત ફરે છે. તેઓ પતિ ભગવંત માન માટે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તેઓ મહિલાઓ અને યુવાનો વચ્ચે જઈને પતિ ભગવંત માનને મુખ્યમંત્રી બનાવવા માટે પંજાબના લોકો પાસે આમ આદમી પાર્ટી માટે મત માંગી રહ્યા છે. જોકે એમની કામગીરી મુશ્કેલ છે.

એમને અઢી વર્ષની પુત્રી છે જેની સંભાળ એમના સાસુ રાખે છે. માન અને ગુરપ્રિતની પુત્રી નિયામતનો જન્મ માર્ચ ૨૦૨૪માં થયો હતો. ચૂંટણી પ્રચાર વચ્ચે સમય મળે ત્યારે ગુરુપ્રિત ઘરે જઈને પુત્રીને મળી લે છે.

ટ્રમ્પ, જિનપિંગ

(પહેલા પાનાનું ચાલુ)

ચિનગારી તેમના જ શાસકોએ પ્રગટાવી છે. ગુરુવારે જિનપિંગ, ટ્રમ્પ અને પુતિન વચ્ચે મહત્ત્વની બેઠક થવાની છે. તેમા યુક્રેન અને ઈરાન જંગની સાથે એઆઈ અને પરમાણુ શસ્ત્રો જેવા મુદ્દા પર ચર્ચા થઈ શકે છે. આ ત્રિપક્ષીય બેઠકને ઐતિહાસિક માનવામાં આવી રહી છે. રશિયન પ્રમુખ પુતિને આ બેઠકમાં ઘણી બધી સંભાવના સર્જાવવાની આશા વ્યક્ત કરી છે.

ટ્રમ્પે બે દિવસ અગાઉ જ ફિલિપાઈન્સના મનિલામાં પેક્સ સિલિકાના દેશો વચ્ચે એઆઈ સેક્ટરમાં સહયોગ વધારવાની અને પેક્સ સિલિકાના દેશો વચ્ચેના કારોબારીઓના જોઈન્ટ પ્લેટફોર્મની રચનાની વાત કરી હતી. તેનો જ જાણે જવાબ આપતા હોય તેમ જિનપિંગે એપેક સીઆઈઓ સમિટનું ઉદઘાટન કર્યું. તેમણે પોતાના સંબોધનમાં ફ્રી ટ્રેડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સેક્ટરમાં સમિટના ઉદઘાટનની વાત કરી હતી. તેમણે ખાસ કરીને અમેરિકાને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે દેશો વચ્ચે વેપાર અને રોકાણના અવરોધો ખતમ થવા જોઈએ. સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. તેની સાથે તેમણે વૈજ્ઞાનિક અને ટેક ઈનોવેશન, ડિજિટલ ઈકોનોમી અને એઆઈ સેક્ટરમાં એપેક વચ્ચે ભાગીદારી મજબૂત કરવા પર ભાર મૂક્યો.

જિનપિંગ, ટ્રમ્પ અને પુતિન ત્રણેયની ઘરઆંગણે હાલત ખરાબ

શેનઝેન,તા.૧૮

કહેવત છે કે દોણી લેતા જવા છાશ સંતાડવી. આ કહેવત હાલમાં ચીન, અમેરિકા અને રશિયા પર બરોબરની ફિટ બેસે છે. જિનપિંગ ઘરઆંગણે ધીમા પડેલા વૃદ્ધિદરનો સામનો કરી રહ્યા છે. ચીનમાં રિટેલ ખર્ચમાં અને રોકાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, તેના કારણે તેના અર્થતંત્રની ગતિ ધીમી પડી છે. હાલમાં ચીનનો વૃદ્ધિદર ચાર ટકાથી ઊંચો છે તેનું કારણ તેની નિકાસ છે, બાકી સ્થાનિક સ્તરે તેના અર્થતંત્રની ગતિ ઘણી ધીમી પડી ગઈ છે. તેની સામે મોંઘવારી માઝા મૂકી રહી છે. રોજગાર સર્જન અપેક્ષિત નથી. બીજી બાજુએ અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ઈરાન યુદ્ધમાં ભેરવાઈ ગયા છે. અમેરિકામાં મોંઘવારીએ માઝા મૂકી છે. રોજગાર સર્જન દાયકાઓના નિમ્ન સ્તરે પહોંચવા લાગ્યું છે. ખાનગી રોકાણ નહીવત છે. ડોલર ઘટવા લાગ્યો છે. એકબાજુએ રોજગારી ઘટી છે તો બીજી બાજુએ ઈંધણ અને જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ આકાશને આંબ્યા છે.

સામાન્ય અમેરિકન ત્રાહિમામ પોકારી ગયો છે. આ સ્થિતિના લીધે ટ્રમ્પના પક્ષે તાજેતરની મિડટર્મ ચૂંટણીમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેમાંથી બહુમતી ગુમાવી દીધી હતી. આના કારણે હવે ટ્રમ્પ પોતે ફક્ત કાગળ પરનો વાઘ રહી ગયા છે. આવુ જ રશિયાનું છે. રશિયાની આર્થિક હાલત એકદમ કફોડી છે. રશિયામાં મોંઘવારી મારફાડ છે. યુરોપના પ્રતિબંધોના કારણે રશિયનો જબરદસ્ત મોંઘવારીનો સામનો કરી રહ્યા છે.

અપિરપક્વ, બેજવાબદાર અને ભારત વિરોધી રાહુલ વિદેશ જાય ત્યારે દેશને બદનામ કરવાનું ભુલતા નથી : ભાજપ

ભારત આર્થિક

(પહેલા પાનાનું ચાલુ)

કરવામાં આવ્યું, આગામી દિવસોમાં ત્રણ હજાર વર્ષ પણ થઈ શકે છે.

ભારતના જીડીપીનો આંકડો ભ્રામક છે, દેશ સમક્ષ હાલ બેરોજગારી અને શિક્ષણના મુદ્દા છે જેની સામે આંખ આડા કાન ના કરી શકાય. ભારત હાલ એક આર્થિક આફત પર બેઠો છે.


રાહુલ ગાંધીના આ નિવેદન પર જવાબ આપતા ભાજપે પણ વળતો પ્રહાર કર્યો હતો, ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટીયાએ કહ્યું હતું કે રાહુલ ગાંધી વિદેશમાં જુઠ ફેલાવીને ભારતને બદનામ કરી રહ્યા છે. જ્યારે પણ રાહુલ વિદેશ પ્રવાસે જાય છે ત્યારે ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામ કરવા પ્રયાસ કરે છે. તેઓ અપરિપક્વ, ગેરજવાબદાર અને ભારત વિરોધી છે. જ્યારે ભાજપના આરોપોનો જવાબ આપતા કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું હતું કે સરકારને ભારતની નબળી આર્થિક સ્થિતિની કોઈ જ ચિંતા નથી, સરકારને મોંઘવારીની પણ કઈ જ પડી નથી, સરકારને માત્ર અને માત્ર રાહુલ ગાંધી શું બોલી રહ્યા છે તેની જ ચિંતા છે.

ગુજરાત સમાચાર APPOINTMENTS




















દેશ-દુનિયા

ફ્રાન્સમાં ક્રિસમસ ઈલ્યુમિનેશન સેરિમનીની : ડાન્સ પર્ફોમન્સ સાથે ઉજવણીનો આરંભ



પેરિસમાં ફોબોર્ગ સેઈન્ટ-હોનોર ખાતે મૂલા રુઝ ડાન્સરોના ડાન્સ અને ફ્રેન્ચ રિપબ્લિકન ગાર્ડના ઓર્કેસ્ટ્રાની સાથે ક્રિસમસ ઈલ્યુમિનેશન સેરિમનીનો પ્રારંભ થયો છે. આ પ્રસંકે મૂલા રુઝના પપથી વધુ ડાન્સરોએ અને ૩૫ મ્યુઝિસિયન્સે ભાગ લીધો હતો. આ મ્યુઝિસિયન્સ ફ્રેન્ચ રિપબ્લિકન ગાર્ડના હતા. ફ્રેન્ચ રિપબ્લિકન ગાર્ડના આ મ્યુઝિસિયન્સ પહેલી જ વખત પર્ફોર્મ કરી રહ્યા હતા. આ ઉજવણીના પગલે સાંજે મેડેલિન ચર્ચ અને પ્લેસ ડી લા કોન્કોર્ડનો આખો રસ્તો પદચાલકો માટે અને પર્ફોર્મરો માટે અનામત કરી દેવાયો હતો. ભવ્ય સાંજે આ સમારંભનો પ્રારંભ થયો હતો. મૂલા રુઝ ડાન્સરો બ્લુ, વ્હાઈટ અને રેડ પેટિકોટમાં આવી હતી. આ આખા કાર્યક્રમની સરપ્રાઈઝ વિન્ડમિલ ખૂલવાની સાથે જ તેમાથી બહાર નીકળતી ડાન્સરો હતી. તેની સાથે જ આખું સ્ટેજ લાઈટ્સથી ઝળહળી ઉઠ્યું હતું. ડાન્સરો પિન્ક ફીધર સાથે સજ્જ હતી. જ્યારે પુરુષો વ્હાઈટ સુટમાં સજ્જ હતા. આખુ સ્ટેજ લાલ દુપટ્ટાઓથી ઝગમગી ઉઠ્યું હતું. ફોબર્ગ સેન્ટ ઓનર કમિટીના પ્રેસિડેન્ટ બેન્જામીન સીમરમેન બે જુદાં-જુદાં વર્ગને એક જ પ્લેટફોર્મ પર લાવવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉજવણીના નિમિત્તે પેરિસે તેની સિટી ઓફ લાઈટ્સના નામને સાર્થક કર્યું હતું. આખું શહેર રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. દરેક શિયાળાના પ્રારંભ વખતે આ સમયે પેરિસ આ જ રીતે ઝગમગી ઉઠે છે. અહીં તે ઉલ્લેખ કરવો જરૂરી છે કે ફ્રેન્ચ રિપબ્લિકન ગાર્ડના બેન્ડના ધ વિન્ડ ઓર્કેસ્ટ્રાએ પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સમાં અયા નાકામુરાના બેન્ડે પહેરલા ડ્રેસ જેવો જ ડ્રેસ પહેર્યો હતો. લોકોએ ડાન્સરોના ડાન્સ અને મ્યુઝિક બંનેને મનમૂકીને માણ્યું હતું. આ સાથે જ ફ્રાન્સમાં ક્રિસમસની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે.

જાન્યુઆરી ૨૦૨૭માં શૂટિંગ શરૂ કરવામાં આવશે

લલકારમાં વિક્રાન્ત મેસ્સી, જિતેન્દ્ર કુમાર અને ધૈર્ય કારવાની એન્ટ્રી

મુંબઈ, તા. ૧૮

આમિર ખાનની 'લલકાર' ફિલ્મમાં વિક્રાન્ત મેસ્સી, જિતેન્દ્ર કુમાર અને ધૈર્ય કારવાની પણ એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં આમિરખાન ક્રિકેટર લાલા અમરનાથનું પાત્ર ભજવવાનો છે. ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૭થી શરૂ કરી દેવામાં આવશે



છેલ્લા થોડા મહિનામાં ફિલ્મમાં ઘણા કળાકારોની આવનજાવન જોવા મળી છે. અગાઉ ફરહાન અખ્તર, સિદ્ધાંત ગુપ્તા અને ડેનિશ પંડોર તારીખોની પળોજણને કારણે આ ફિલ્મ છોડી ચૂક્યા છે. હવે નવા ત્રણ કળાકારો નક્કી થતાં ફિલ્મનું પ્રોડકશન શરુ થવાની સંભાવના છે. ફરહાન અખ્તર અને રાજકુમાર હિરાણી આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. લલકાર ફિલ્મ દેશના વિભાજન બાદ ૧૯૫૨માં રમાયેલી પ્રથમ ભારત પાકિસ્તાન ટેસ્ટ સિરિઝ પર આધારીત છે. 'દંગલ' ફેમ પિયુષ ગુપ્તા અને 'નીલ બટ્ટે સન્નાટા' ફેમ નીરજ સિંહ દ્વારા આ ફિલ્મની કથા લખવામાં આવી છે.

આમિરખાનની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મમાં કાસ્ટિંગમાં વારંવાર ફેરબદલ

સત્તાના સમીકરણોમાં પરિવર્તનની વાર્તા હશે

પંચાયતની પાંચમી સીઝન આવતા મહિને રજૂ કરાશે

મુંબઈ, તા. ૧૮

લોકપ્રિય વેબ સીરિઝ 'પંચાયત'ની સિઝન ફાઈવનું ત્રીજી ડિસેમ્બરે યોજાશે. ફુલેરા ગામના નવા પ્રધાનપતિ તરીકે બનરાકસ નવી યોજનાઓ શરૂ કરશે તે સાથે ગામમાં સત્તાના સમીકરણોમાં પરિવર્તન આવશે. સાથે સાથે સચિવજી નવાં સમીકરણો વચ્ચે કેવી રીતે રસ્તો કાઢે છે તેના પર ફોક્સ હશે.



પંચાયતની સીઝ ફાઈવમાં જિતેન્દ્ર કુમાર, રઘુબીર યાદવ, નીના ગુપ્તા, સુનિતા રાજવર, ફૈસલ મલિક, ચંદન રોય, દુર્ગેશ કુમાર અને અશોક પાઠક ફરી એકવાર તેમના ઓરિજિનલ પાત્રોમાં જોવા મળશે. આ કળાકારો ફુલેરા ગામના સંબંધો, રાજકારણ અને રોજિંદી જિંદગીને રૂપેરી પડદે સાકાર કરશે. પંચાયત ફાઈવનું નિર્માણ ધ વાયરલ ફિવર યાને ટીવીએફ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્દેશન દીપક કુમાર મિશ્રાએ કર્યું છે.


ઓટીટીની સૌથી લોકપ્રિય સીરિઝમાં ગણાતી પંચાયતમાં મોટાભાગના કલાકારો રીપિટ થશે

માઈકલ ફેમ રીભૂ દાસગુપ્તાનું ડિરેક્શન

ગુરુ ફિલ્મમાં જહોન અબ્રાહમ સાથે નિકિતા દત્તાની જોડી

મુંબઈ, તા. ૧૮

જહોન અબ્રાહમની સાયકોલોજિકલ થ્રીલર ફિલ્મ 'ગુરુ'માં નિકિતા દત્તાની હિરોઈન તરીકે એન્ટ્રી થઈ છે. રીભૂ દાસગુપ્તા નિર્દેશિત ફિલ્મ 'ગુરુ'નું સપ્ટેમ્બર થી શૂટિંગ શરૂ થઈ ગયું છે. રીભૂ દાસગુપ્તા આ પહેલીવાર જહોન અબ્રાહમ સાથે કામ કરી રહ્યા છે.



ફિલ્મમાં ડેનિશ પાન્ડોર, આરીફ ઝકરિયા તથા કિટ્ટુ ગિડવાણી સહિતના કલાકારો છે. 'ગુરુ' ફિલ્મમાં એક એવી વ્યક્તિની કથા કહેવામાં આવી છે જેની સ્મૃતિ અને વાસ્તવિકતા વચ્ચે મેળ ખાતો નથી. તેને પોતાની સમજણ સામે સવાલો થાય છે અને તેણે કોની પર વિશ્વાસ મુકવો તેવા સવાલો સતત તેને પજવે છે.

એક દૂજે કે વાસ્તે ટીવી સિરિયલથી જાણીતી બનેલી નિકિતા દત્તાએ 'ગોલ્ડ'માં અક્ષય કુમાર સાથે, 'કબીર સિંહ'માં શાહિદ કપૂર સાથે અને 'ધ બીગ બુલ'માં અભિષેક બચ્ચન સાથે કામ કર્યું છે. તાજેતરમાં તે 'જ્વેલ થીફ' નામની થ્રીલરમાં જયદીપ અહલાવત અને સારા અલી ખાન સાથે દેખાઈ હતી.


ફિલ્મમાં ડેનિશ પાન્ડોર, આરીફ ઝકરિયા અને કિટ્ટુ ગિડવાણીની પણ ભૂમિકા હશે

નવેમ્બર ૨૦૨૩માં ઉત્તરાખંડમાં દુર્ઘટના સર્જાઈ હતી

તબુ ઉત્તરાખંડ ટ્રેજેડી પરની ટનલમેન સીરિઝમાં દેખાશે

મુંબઈ, તા. ૧૮

નવેમ્બર ૨૦૨૩ની ઉત્તરાખંડ ટ્રેજેડી પર બની રહેલી સીરિઝ 'ટનલ મેન'માં તબુની પણ એન્ટ્રી થઈ છે. 'ધ રેલવેમેન' સીરિઝ નિર્દેશિત કરનાર શિવ રવૈલ આ સીરિઝના શો રનર છે.



નવેમ્બર ૨૦૨૩માં ઉત્તરાખંડમાં બનેલી ઘટના પરથી પ્રેરિત આ નાટકીય સીરિઝમાં ટનલ ધસી પડતાં ફસાઈ ગયેલાં કામદારોને બચાવવાની જુસ્સાભરી સહિયારી કામગીરી દર્શાવવામાં આવશે.

વાયઆરએફમાં કન્ટેન્ટ હેડ તરીકે જોડાયેલા સુગાતા મુખર્જીનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. તેમણે અગાઉ 'સ્કેમ ૧૯૯૨', 'મહારાણી' અને 'રોકેટ બોયઝ' જેવી સફળ શ્રેણીઓનું કામ સંભાળેલું છે.

ધ રેલવે મેન સીરિઝ નિર્દેશિત કરનારા શિવ રવૈલ શો રનર તરીકે કામ કરશે

હું અને રાજીવ રાજકારણને બદલે સાદું જીવન જીવવા માગતા હતા પણ નિયતિને બીજું જ કંઈક મંજૂર હતું

રાજકારણ માટે રાજીવને રોક્યા હતા પણ રાહુલને નહીં!

સોનિયા ગાંધીએ પોતાની આત્મકથાને શુષ્ક રાજકીય દસ્તાવેજ ગણાવવાને બદલે પોતાના જીવન, પરિવાર, સંબંધો અને અંગત અનુભવોની સંવેદનશીલ કથની ગણાવી છે. તેમ છતાં, એક એવી વ્યક્તિ કે જેમણે દાયકાઓ સુધી દેશના સૌથી જૂના રાજકીય પક્ષનું સુકાન સંભાળ્યું હોય, તેમના જીવનના સંસ્મરણોમાંથી રાજકારણને સંપૂર્ણપણે બાદ કરી શકાય નહીં. આ પુસ્તકમાં સોનિયા ગાંધીના રાજકારણમાં પ્રવેશથી લઈને આજ સુધીની સફરના અનેક અજાણ્યા પાસાં ઉજાગર થયા છે, જેમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશના અમેઠી અને રાયબરેલી સાથેના ગાંધી પરિવારના દાયકાઓ જૂના સંબંધોનું અત્યંત ભાવનાત્મક અને વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આગામી ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓના ઉંબરે ઉભેલી કોંગ્રેસ પાર્ટી માટે આ સંસ્મરણો માત્ર ભૂતકાળની યાદો નથી, પરંતુ પોતાના જૂના જનાધાર અને વારસાને ફરીથી જીવંત કરવાની એક તક તરીકે પણ જોવામાં આવી રહ્યા છે.

> સોનિયા ગાંધીએ નિખાલસપણે સ્વીકાર્યું છે કે જ્યારે રાજીવ ગાંધીના રાજકારણમાં આવવાની વાત આવી હતી, ત્યારે તેમણે રાજીવને રાજકારણમાં ન આવવા માટે આજીજી કરી હતી. એક પત્ની અને માતા તરીકે તેઓ રાજકારણની કઠોર દુનિયા, તેની અનિશ્ચિતતાઓ અને તેની સાથે જોડાયેલા જીવલેણ જોખમોથી સારી રીતે પરિચિત હતા : રાહુલને લાંબા સમયથી જાહેર જીવન અને રાજકારણમાં રસ હતો, અને કોંગ્રેસ પક્ષના કાર્યકરો તથા નેતાઓ પણ ઈચ્છતા હતા કે રાહુલ સક્રિય ભૂમિકા ભજવે. રાહુલે આ અંગે પોતાની બહેન પ્રિયંકા ગાંધી અને માતા સોનિયા ગાંધી સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી અને ખૂબ જ ચર્ચા-વિચારણા બાદ રાજકારણમાં આવવાનો નિર્ણય લીધો હતો. સોનિયા ગાંધીએ પોતાના પુત્રના આ નિર્ણયને રોકવાને બદલે સ્વીકાર્યો : સોનિયા ગાંધીના સંસ્મરણોમાં ઉત્તર પ્રદેશની રાજનીતિનું કેન્દ્રબિંદુ રહેલા અમેઠી અને રાયબરેલીનો ઉલ્લેખ અત્યંત આત્મીયતાથી થયો છે. આ બંને મતવિસ્તારો લાંબા સમય સુધી ગાંધી પરિવાર અને કોંગ્રેસની રાજનીતિના અભેદ્ય કિલ્લા સમાન રહ્યા છે, પરંતુ સોનિયા ગાંધી તેમને માત્ર ચૂંટણી જીતવાના માધ્યમ તરીકે નથી જોતા. તેમના મતે અમેઠી અને રાયબરેલી ગાંધી પરિવારના સુખ-દુ:ખ, સંઘર્ષ અને રાજકીય ચડતી-પડતીના મૂક સાક્ષી રહ્યા છે

સોનિયા ગાંધી પોતાના પતિ રાજીવ ગાંધી અને પુત્ર રાહુલ ગાંધીના રાજકીય પ્રવેશ વચ્ચેના પોતાના આંતરિક દ્વંદ્વને વ્યક્ત કરે છે. સોનિયા ગાંધીએ નિખાલસપણે સ્વીકાર્યું છે કે લગભગ બે દાયકા પહેલાં જ્યારે રાજીવ ગાંધીના રાજકારણમાં આવવાની વાત આવી હતી, ત્યારે તેમણે રાજીવને રાજકારણમાં ન આવવા માટે આજીજી કરી હતી. એક પત્ની અને માતા તરીકે તેઓ રાજકારણની કઠોર દુનિયા, તેની અનિશ્ચિતતાઓ અને તેની સાથે જોડાયેલા જીવલેણ જોખમોથી સારી રીતે પરિચિત હતા. તેઓ ઈચ્છતા હતા કે તેમનો પરિવાર સત્તાની આ દોડથી દૂર રહીને એક શાંત અને સામાન્ય જીવન જીવે.

પરંતુ સમયના ચક્ર અને પરિસ્થિતિઓએ એવો વળાંક લીધો કે તેમણે પોતે પણ સક્રિય રાજકારણમાં ઝંપલાવવું પડ્યું. આશ્ચર્યજનક અને વિરોધાભાસી લાગતી છતાં અત્યંત રસપ્રદ બાબત એ છે કે, જે સોનિયા ગાંધીએ રાજીવ ગાંધીને રાજકારણથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો, તેમણે જ વર્ષો પછી જ્યારે રાહુલ ગાંધીએ રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો ત્યારે તેમને રોક્યા નહીં. પુસ્તકમાં સોનિયા ગાંધી લખે છે કે રાહુલને લાંબા સમયથી જાહેર જીવન અને રાજકારણમાં રસ હતો, અને કોંગ્રેસ પક્ષના કાર્યકરો તથા નેતાઓ પણ ઈચ્છતા હતા કે રાહુલ સક્રિય ભૂમિકા ભજવે. રાહુલે આ અંગે પોતાની બહેન પ્રિયંકા ગાંધી અને માતા સોનિયા ગાંધી સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી અને ખૂબ જ ચર્ચા-વિચારણા બાદ રાજકારણમાં આવવાનો નિર્ણય લીધો હતો.

સોનિયા ગાંધીએ પોતાના પુત્રના આ નિર્ણયને રોકવાને બદલે તેને સ્વીકાર્યો, જે દર્શાવે છે કે સમય અને સંજોગોની સાથે એક વ્યક્તિની વિચારધારા અને જવાબદારીઓ કેવી રીતે બદલાતી રહે છે.

સોનિયા ગાંધીના સંસ્મરણોમાં ઉત્તર પ્રદેશની રાજનીતિનું કેન્દ્રબિંદુ રહેલા અમેઠી અને રાયબરેલીનો ઉલ્લેખ અત્યંત આત્મીયતાથી થયો છે. આ બંને મતવિસ્તારો લાંબા સમય સુધી ગાંધી પરિવાર અને કોંગ્રેસની રાજનીતિના અભેદ્ય કિલ્લા સમાન રહ્યા છે, પરંતુ સોનિયા ગાંધી તેમને માત્ર ચૂંટણી જીતવાના માધ્યમ તરીકે નથી જોતા. તેમના મતે અમેઠી અને રાયબરેલી ગાંધી પરિવારના સુખ-દુ:ખ, સંઘર્ષ અને રાજકીય ચડતી-પડતીના મૂક સાક્ષી રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે ૧૯૭૭ની ઐતિહાસિક ચૂંટણીનો પણ ઉલ્લેખ કર્યો છે, જ્યારે કટોકટી (ઇમરજન્સી) બાદ દેશભરમાં કોંગ્રેસ વિરોધી લહેર ચાલી રહી હતી અને પક્ષને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. સોનિયા ગાંધી યાદ કરે છે કે તે ચૂંટણીમાં ખુદ ઇન્દિરા ગાંધી રાયબરેલીથી અને સંજય ગાંધી અમેઠીથી ચૂંટણી હારી ગયા હતા.

આ પ્રસંગ ટાંકીને તેઓ એ વાત સ્પષ્ટ કરવા માંગે છે કે લોકશાહીમાં જનતાનો ચુકાદો સર્વોપરી હોય છે અને તેમના પરિવારે આ જ ધરતી પર માત્ર સત્તાનો વૈભવ જ નથી જોયો, પરંતુ પરાજયની કડવાશ અને સંઘર્ષનો પણ સામનો કર્યો છે. આ ઐતિહાસિક સંદર્ભો દ્વારા પુસ્તકમાં એવો સંદેશ આપવાનો પ્રયાસ થયો છે કે ગાંધી પરિવારનો ઉત્તર પ્રદેશ સાથેનો સંબંધ કોઈ કામચલાઉ રાજકીય ગણતરી નથી, પરંતુ પેઢીઓથી ચાલતો આવેલો એક ભાવનાત્મક અને ઐતિહાસિક સંબંધ છે.

આ સંસ્મરણોમાં પ્રિયંકા ગાંધીની ભૂમિકા અને અમેઠીમાં તેમની સક્રિયતાને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

સોનિયા ગાંધી લખે છે કે તે સમયગાળામાં પ્રિયંકા ગાંધી પોતાના અંગત જીવનમાં વ્યસ્ત હતા; તેઓ પોતાના નાના બાળકોના ઉછેર અને બૌદ્ધ અધ્યયનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાના અભ્યાસને પ્રાથમિકતા આપી રહ્યા હતા. તેમ છતાં, જ્યારે પણ અમેઠીમાં ચૂંટણીઓ આવતી અથવા પક્ષને તેમની જરૂર પડતી, ત્યારે તેઓ સંપૂર્ણ સમર્પણ સાથે અમેઠીમાં સક્રિય થઈ જતા હતા. પ્રિયંકાએ પોતાની સહજતા અને સંવાદ કૌશલ્યથી અમેઠીના પક્ષના કાર્યકરો અને સામાન્ય જનતાના હૃદયમાં પોતાનું એક આગવું સ્થાન બનાવ્યું હતું.

સોનિયા ગાંધીએ પ્રિયંકાને એક અત્યંત કુશળ અને સક્ષમ મેનેજર તરીકે યાદ કર્યા છે. પુસ્તકમાં એક મહત્વપૂર્ણ ઉલ્લેખ એ છે કે પ્રિયંકા ગાંધીએ અમેઠીની ગ્રામીણ મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે પગભર કરવા માટે સ્વયં સહાય જૂથો એટલે કે 'સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ'ની શરૂઆત કરાવી હતી. આ જૂથોનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે ગામડાની મહિલાઓ એકબીજાનો સહારો બને, નાની બચત કરે અને પોતાના પરિવાર તથા સમાજમાં સકારાત્મક પરિવર્તનનું માધ્યમ બને.

સોનિયા ગાંધી આગળ જણાવે છે કે પ્રિયંકા દ્વારા રોપવામાં આવેલું આ નાનું બીજ આગળ જતાં એક વિશાળ વટવૃક્ષ બન્યું હતું. શરૂઆતમાં આ મહિલા સ્વયં સહાય જૂથોનું કદ અને વ્યાપ ઘણો નાનો હતો, પરંતુ જ્યારે રાહુલ ગાંધી પણ આ અભિયાનમાં સક્રિય રીતે જોડાયા અને તેને સંસ્થાકીય રૂપ આપ્યું, ત્યારે અમેઠીનું આ સ્વયં સહાય જૂથ નેટવર્ક સમગ્ર ઉત્તર ભારતનું સૌથી મોટું મહિલા સશક્તિકરણ નેટવર્ક બની ગયું હતું. આ ઉપરાંત, પુસ્તકમાં રાહુલ ગાંધી દ્વારા અમેઠીમાં આંખોની હોસ્પિટલની સ્થાપના કરવાનો પણ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારના ગરીબ દર્દીઓને આંખોની સારવાર માટે મોટા શહેરોમાં જવું ન પડે તે હેતુથી શરૂ થયેલી આ હોસ્પિટલે લાખો લોકોને દ્રષ્ટિ આપી, અને તેની સફળતા એટલી વ્યાપક રહી કે સમય જતાં તેની શાખાઓ લખનૌ અને હરિયાણા સુધી વિસ્તરી હતી. આ પ્રકારના સામાજિક અને વિકાસલક્ષી કાર્યોનો ઉલ્લેખ કરીને સોનિયા ગાંધીએ એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે કે ગાંધી પરિવારે અમેઠી અને રાયબરેલીમાં માત્ર રાજકારણ જ નથી કર્યું, પરંતુ પાયાના સ્તરે સામાજિક માળખું ઊભું કરવાનું પણ કામ કર્યું છે.

રાજકીય વિશ્લેષકોના મતે, નવેમ્બર ૨૦૨૬માં પ્રકાશિત થયેલું સોનિયા ગાંધીનું આ પુસ્તક આગામી ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓના સંદર્ભમાં અત્યંત સૂચક માનવામાં આવી રહ્યું છે.



ઉત્તર પ્રદેશમાં છેલ્લા ઘણા સમયથી પોતાનો જૂનો રાજકીય વૈભવ પાછો મેળવવા માટે સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસ પાર્ટી માટે આ પુસ્તક એક ભાવનાત્મક રાજકીય મૂડી સાબિત થઈ શકે છે. ખાસ કરીને મહિલા મતદારો, ગ્રામીણ પરિવારો અને પક્ષના પાયાના કાર્યકરો સમક્ષ કોંગ્રેસ પોતાના જૂના સેવાકાર્યો, સ્વયં સહાય જૂથોની સફળતા અને આરોગ્ય ક્ષેત્રે કરેલા યોગદાનને રજૂ કરીને જનતા સાથે ફરીથી ભાવનાત્મક જોડાણ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકે છે. પુસ્તકમાં જે રીતે એક જ પરિવારની પેઢીઓ-ઈન્દિરા ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી-ની આસપાસ સમગ્ર રાજકીય ઘટનાક્રમ અને પક્ષની વ્યૂહરચના ફરે છે, તેનો ઉપયોગ વિરોધીઓ એવી દલીલ કરવા માટે કરી શકે છે કે કોંગ્રેસમાં નેતૃત્વ અને મહત્વના નિર્ણયો આજે પણ એક જ પરિવાર પૂરતા સીમિત છે. આમ, 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ' એક બેધારી તલવાર જેવું સાબિત થઈ શકે છે, જે કોંગ્રેસના પરંપરાગત મતદારોમાં ઉત્સાહ જગાવી શકે છે, પરંતુ સાથે જ રાજકીય વિરોધીઓને ટીકા કરવાની તક પણ પૂરી પાડે છે.

અત્યંત ક્રૂર રાજકારણમાં ન પ્રવેશવા માટે સોનિયાએ રાજીવ ગાંધીને ચેતવ્યા હતા

ઉલ્લેખનીય છે કે, સોનિયા ગાંધીએ શરૂઆતના તબક્કામાં રાજીવ ગાંધીને શાંત અને પારિવારિક જીવન જીવવા માટે મનાવી લીધા હતા. તેઓ કોમર્શિયલ પાઈલટ તરીકે કામ કરતા અને સોનિયા તથા બંને બાળકો સાથે સામાન્ય સાંસારિક જીવન જીવતા તેવું ગોઠવાઈ ગયું હતું. તેમ છતાં ૧૯૮૦માં સંજય ગાંધીના આકસ્મિક અવસાન બાદ સ્થિતિ એકાએક પલટાઈ ગઈ. ઈન્દિરા ગાંધીએ રાજકારણમાં મદદ કરવા માટે મોટા પુત્ર રાજીવને વિનંતી કરી અને સોનિયા ગાંધી તેનો સતત વિરોધ કરતા હતા. પરિવાર માટે તે સમય અત્યંત કપરો અને સંવેદનશીલ હતો. સોનિયાએ ત્યારે રાજીવ ગાંધીને ચેતવણી આપી હતી કે, રાજકારણની દુનિયા અત્યંત ક્રૂર, સ્વાર્થી અને કપટી છે. આ રાજકારણ તેમના શાંત, પારિવારિક અને સુખી સંસારમાં પલિતો ચાંપશે. સત્તાની લાલસા દિવસે ને દિવસે વધશે અને તેઓ બધું જ ગુમાવી દેશે. જીવન પહેલા જેવું ક્યારેય નહીં રહે. રાજીવ ગાંધીએ પણ અત્યંત ભાવુક થઈને સોનિયા ગાંધીને સમજાવ્યા હતા કે, તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી.



માતા સાવ એકલા પડી ગયા છે અને તેઓ ડરપોકની જેમ પલાયન ન કરી શકે. સત્તા કે પદ માટે નહીં પણ માતાને મદદ કરવા માટે પણ રાજકારણમાં આવવું જ પડશે. ત્યારબાદ ૧૯૮૪માં જ્યારે ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી અને રાજીવ ગાંધીને વડા પ્રધાન બનાવવાની તૈયારીઓ થઈ ત્યારે સોનિયા સાવ પડી ભાંગ્યા. તેમણે અત્યંત આક્રોશ અને આજીજી સાથે રાજીવને સમજાવ્યા કે, તમારી આ પદ સ્વીકારવાનું જ નથી. તમારે પક્ષના લોકોને ના પાડવી પડશે. આ પદ જીવનું જોખમ ધરાવે છે. બાળકો માટે થઈને પણ તમે આ પદ ન સ્વીકારશો. આ લોકો તમને પણ મારી નાખશે. જોકે, રાજીવ ગાંધી માન્યા નહીં. તેમણે કહ્યું કે, મને ખબર છે કે, આ લોકો મને પણ મારી જ નાખશે. હાલ દેશ મુશ્કેલીમાં છે અને તેને અને પક્ષને સાવ નોંધારા છોડી શકાય નહીં.

ઈરાને કુવૈતમાં અમેરિકાના એરબેઝને મિસાઈલથી નિશાન બનાવ્યું

અમેરિકા-ઈરાનના સામસામા હુમલા વધતા ફરી યુદ્ધના ભણકારા

કૈરો,તા.૧૮

પશ્ચિમ એશિયામાં ફરીથી ખાડીયુદ્ધ શરૂ થવાના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકા અને ઈરાને સામસામા એકબીજા પર હુમલા કર્યા છે. આટલું ઓછું હોય તેમ સાઉદીની આગેવાનીના યમનના દળોએ હુથીઓ પર હુમલો કર્યો છે તો હુથીઓએ સાઉદી અરેબિયા પર વળતો મિસાઈલ હુમલો કર્યો છે. આમ મધ્યપૂર્વ ફરી પાછું સળગવા લાગ્યું છે. અમેરિકાએ મંગળવારે ઈરાનના કેશમ દ્વીપ પર હુમલો કર્યો હતો. ઈરાને પણ વળતો જવાબ આપતા બહેરિનમાં અમેરિકાના શેખ ઈસા એરબેઝ પર ડ્રોનથી હુમલો કર્યો.

અમેરિકાએ હોર્મુઝની નજીક આવેલા ઈરાનના કેશમ દ્વીપ પર આઈઆરજીએસની મિસાઈલ લોન્ચિંગ સાઈટનો કચ્ચરઘાણ કાઢ્યો

અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડસની (આઈઆરજીસી)ની એક મિસાઈલ લોન્ચ સાઈટ પર હુમલો કર્યો. અમેરિકન લશ્કરી અધિકારીના જણાવ્યા મુજબ અમેરિકન ફાઈટર જેટે આ હુમલો આત્મરક્ષા માટે કર્યો હતો.

અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલો આઈઆરજીસીની તે આક્રમકતાના જવાબમાં કરવામાં આવ્યો હતો જેમા અમેરિકન કર્મચારીઓ અને સંપત્તિઓને નિશાન બનાવવામાં આવી હતી. અમેરિકા સેન્ટ્રલ કમાન્ડ ક્ષેત્રમાં અમેરિકન હિતોની સુરક્ષા માટે સંપૂર્ણ સજ્જ છે. આ સ્થળ અમેરિકાના નૌકાદળના પાંચમા કાફલાનું મહત્ત્વનું સ્થળ છે.

સાઉદી સમર્થિત યમનના સરકારી દળોના હુમલામાં ૧૭નાં મોત, હુથીઓનો વળતા પ્રહાર તરીકે રિયાધ પર મિસાઈલ એટેક

ઈરાને કુવૈતમાં અલી અલ સાલેમ બેઝ ખાતેના અમેરિકાના મથકને નિશાન બનાવ્યું હતું. ઈરાને તેના પર ડ્રોન અને મિસાઈલ સિસ્ટમ વડે હુમલો કર્યો હતો. ઈરાન આ બેઝ પર અત્યારે સુધીમાં ૩૦થી પણ વધુ વખત હુમલા કરી ચૂક્યું છે. કમસેકમ ૧૫ એરક્રાફ્ટ કેરિયરને ખતમ કરી ચૂક્યુ છે કે નુકસાન પહોંચાડી ચૂક્યું છે. સંખ્યાબંધ વેરહાઉસ ખતમ થઈ ચૂક્યા છે. આ દરમિયાન બહેરીનના ગૃહ મંત્રાલયે સવારે બે એલર્ટ આપતા લોકોને આશ્રયસ્થાનમાં આશ્રય લેવા જણાવ્યું

(અનુસંધાન ૧૩મે પાને)



બ્રિટનના પ્રિન્સ વિલિયમ અને પ્રિન્સેસ કેટ મિડલટન બુધવારે મુંબઈની ત્રણ દિવસની મુલાકાત પતાવી દિલ્હી ભણી વિદાય થયા હતા. છેલ્લે દિવસે શાહી યુગલે ફિલ્મકાર કરણ જોહરની ઓફિસની મુલાકાત લીધી હતી અને ત્યાં હાજર અભિનેતા સૈફઅલી ખાન અને કરીના કપૂર સાથે પણ ગૂફતગુ કરીને બોલિવૂડ વિશે જાણકારી મેળવી હતી. ત્યાર પહેલાં શાહી કપલે નવરોઝજી વાડિયા મેટરનિટી હોસ્પિટલમાં જઈને તાજા જન્મેલા શિશુઓના સ્વાસ્થ્ય અને સારવારની દિશામાં સધાયેલી પ્રગતિનો ખ્યાલ મેળવ્યો હતો. ઉપરાંત એક આર્ટ સ્કૂલમાં જઈ કલાકસબની માહિતી મેળવી પોતે પણ છાપકામ પર હાથ અજમાવ્યો હતો.

આઈક્લાઉડ, એપલ પે, એપ સ્ટોર, વોલેટ, મ્યૂઝિક સહિતની સર્વિસને અસર

એપલની સર્વિસ ખોરવાતા હજારો યુઝર્સને અસર : NSAનું નેટવર્ક પણ ઠપ

વોશિંગ્ટન/નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકા હાલ ટેકનીકલ ખામીને કારણે સમગ્ર નેટવર્ક જ ઠપ થઈ જવાની ઘટનાઓનો સામનો કરી રહ્યું છે. એવા અહેવાલો છે કે હજારો એપલ યુઝર્સ મુશ્કેલીમાં મુકાયા હતા, આઈક્લાઉડથી લઈને એપ સ્ટોર, એપલ પે, એપલ સપોર્ટ વગેરેને અસર પહોંચી હતી. જ્યારે એપલે દાવો કર્યો છે કે કોઈ જ સાઈબર હુમલો નથી થયો. દરમિયાન અમેરિકન નેશનલ સિક્યોરિટી એજન્સીનું કોમ્યુનિકેશન નેટવર્ક પણ ડાઉન થઈ ગયું હતું.

ઈન્ટરનલ સોફ્ટવેર અપડેટને કારણે ખોરવાયેલી સર્વિસ રાબેતા મુજબ શરૂ, સાઈબર હુમલો નથી : એપલ

એપલના હજારો યુઝર્સને એપલની મહત્વની સેવાઓ મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. એપલે પણ સ્વીકાર કર્યો હતો કે તેની સેવાને અસર પહોંચી છે.

જોકે સાથે જ એવો પણ દાવો કર્યો હતો કે ઈન્ટરનલ સોફ્ટવેર અપડેટને કારણે આમ થયું હતું, મોટાભાગની સિસ્ટમને રિસ્ટોર કરી લેવામાં આવી છે, આ કોઈ સાઈબર હુમલો નથી. એપલના પ્રવક્તાએ કહ્યું હતું કે ઈન્ટરનલ અપડેટને કારણે આવુ થયું છે કોઈ સાઈબર હુમલો નથી.

અનેક યુઝર્સને સાઈન-ઈન કરવામાં મુશ્કેલી પડી રહી હતી, ક્લાઉડ સર્વિસ મેળવવામાં પણ તકલીફ પડી હતી. એપલ વોલેટ, એપલ મ્યૂઝિકને લઈને પણ ફરિયાદો સામે આવી હતી. કનેક્શન એરર, વારંવાર આઈન-ઈનમાં મુશ્કેલી પડી હતી. ખાસ કરીને અમેરિકા, બ્રાઝિલ, ગ્રીસ વગેરે દેશોમાં યૂઝર્સને વધુ તકલીફ પડી હતી. તમામ સેવાઓને ફરી સ્થાપિત કરવામાં કેટલો સમય લાગ્યો હતો તે અંગે કોઈ ચોક્કસ જાણકારી આપવામાં નથી આવી.

અમેરિકાના સૌથી સુરક્ષિત નેશનલ સિક્યોરિટી એજન્સીનું કોમ્યુનિકેશન નેટવર્ક પણ ખોરંભાયું

જ્યારે અત્યંત સુરક્ષિત ગણાતા અમેરિકન નેશનલ સિક્યોરિટી એજન્સીની કોમ્યુનિકેશન સિસ્ટમ પણ ઠપ થઈ ગઈ હતી. નોંધનીય છે કે આ પહેલા સમગ્ર અમેરિકામાં ફ્લાઈટ્સ માટેની એર ટ્રાફિક કન્ટ્રોલર સિસ્ટમ જ ઠપ થઈ ગઈ હતી, જ્યારે બેન્કિંગ સેવાઓ પણ ખોરવાઈ હતી અને ટોચની આઠ બેન્કોને અસર પહોંચી હતી. એવામાં હવે એનએસએની સિસ્ટમ ખોરવાઈ છે જ્યારે એપલ યૂઝર્સને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આવા લોકોને વિજ્ઞાનની સમજ નથી : સુરેશ ગોપી

ઈ-૨૦ પેટ્રોલની ટીકા કરનારા લોકો મૂર્ખ છે : કેન્દ્રીય પ્રધાન

નવી દિલ્હી, તા. ૧૮

પેટ્રોલમાં ઈથેનોલ મિક્સ કરવા અંગે સમગ્ર દેશમાં ચાલી રહેલા વિવાદ અને વિરોધની વચ્ચે હવે કેન્દ્રીય પ્રધાને ટીકાકારો પર પ્રહારો કર્યા છે.

પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ ઈ-૧૦થી વધારી ઈ-૨૦ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે વિજ્ઞાન પર આધારિત


કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં રાજ્ય કક્ષાનાં પ્રધાન સુરેશ ગોપીએ મંગળવારે એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે જે લોકો ઈ-૨૦ પેટ્રોલ નીતિની ટીકા કરી રહ્યાં છે તે મૂર્ખ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આવા લોકોને વિજ્ઞાનની સમજ નથી. સુરેશ ગોપીએ આ વાત પોતાના સંસદીય વિસ્તાર ત્રિશૂરમાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવી હતી.

તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે ઈ-૨૦ પેટ્રોલ અંગે વિરોધ કરનારાઓની રાજકીય વિચારસરણી નબળી છે. તેઓ મૂર્ખ છે જેઓ તેની પાછળનાં વિજ્ઞાનને સમજતા નથી. તેઓ તમામ મૂર્ખ છે.

સરકારનાં નિર્ણયનો બચાવ કરતા પ્રધાન સુરેશ ગોપીએ જણાવ્યું હતું કે

(અનુસંધાન ૧૩મે પાને)



ભારતીય હવાઈદળના સૌથી મોટા હેલિકોપ્ટર યુનિટ હૈદરાબાદ સ્થિત એરફોર્સ સ્ટેશન હકીમપેટમાં આવેલી હેલિકોપ્ટર ટ્રેનિંગ સ્કૂલે નવો જ વિક્રમ સ્થાપ્યો છે. આ યુનિટે ૧૦૦ ટકા ટેકનિકલ નિપુણતાનો રેકોર્ડ સ્થાપતા પોતાના બધા ૨૩ હેલિકોપ્ટરો સાથે આકાશમાં ઉડીને પોતાના અદભુત ફોર્મેશનનું ગજબનું પ્રદર્શન કર્યું હતું. હવાઈદળે આ સિદ્ધિની જાણકારી શેર કરતાં જણાવ્યું હતું કે આ સફળતા જમીન અને આકાશમાં ઉત્કૃષ્ટતાના મંત્ર સાબિત કરે છે. એક સાથે બધા ૨૩ હેલિકોપ્ટરોએ ઉડાન ભરતા યુનિટની જાળવણીના અસાધારણ માપદંડ, ટેકનિકલ ટીમની નિપુણતા તેમજ ચાલક દળ (ક્રૂ) વચ્ચે સારામાં સારા તાલમેળ અને ઉચ્ચસ્તરીય તાલીમ પ્રણાલિની ઝલક જોવા મળી. ઉલ્લેખનીય છે કે હકીમપેટ એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર ટ્રેનિંગ સ્કૂલ છે.

લતીફે કહ્યું મારે અલ્લાહને મળવું છે, હું ખુશ છું

કુલગામની મસ્જિદમાં છૂપાયેલો તોયબાનો વોન્ટેડ કમાન્ડર લતીફ ઠાર

શ્રીનગર, તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ સામે સૈન્યએ મોટા ઓપરેશનને પાર પાડ્યું છે અને લશ્કર-એ-તોયબાના કમાન્ડર મોહમ્મદ લતીફ ભટને ઠાર માર્યો છે. કુલગામના દેવસર ગામમાં એક મસ્જિદમાં લતીફ છૂપાયો હતો. સૈન્ય અને પોલીસે લતીફને વારંવાર સરેન્ડર કરી લેવાની અપીલ કરી હતી. જોકે તે હથિયારો મુકવા માટે તૈયાર નહોતો. સૈન્ય પર ગોળીબાર કરવા લાગ્યો હતો, બાદમાં તેના એન્કાઉન્ટર માટે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને અંતે માર્યો ગયો હતો.

ઓપરેશન પહેલા મસ્જિદ નજીક મદરેસામાંથી ૨૫ વિદ્યાર્થિનીઓ, બે શિક્ષકોને સુરક્ષિત બહાર કઢાયા હતા

કુલગામમાં ૧૧ નવેમ્બરના સીઆરપીએફના જવાનો પર લતીફ ભટ અને તેના સાથી આતંકીઓએ હુમલો કર્યો હતો જેમાં કેટલાક જવાનો ઘાયલ થયા હતા, આ હુમલા બાદ તે એક મસ્જિદમાં છૂપાઈ ગયો હતો, ઓપરેશન દરમિયાન તે લારુ બાયપાસ પાસે મળી આવ્યો હતો જ્યાં સામસામે ભારે ગોળીબાર થયો હતો. સૈન્ય, જમ્મુ કાશ્મીર પોલીસની એસઓજી દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન ધાર્મિક સ્થળ મસ્જિદને કોઈ નુકસાન ના પહોંચે તેની સુરક્ષાદળો દ્વારા કાળજી રાખવામાં આવી હતી. લતીફને સુરક્ષાદળો સરેન્ડર કરવા વિનંતી કરી રહ્યા હોવાના વીડિયો પણ સામે આવ્યા છે.

લતીફને સરેન્ડર કરવા અધિકારીઓ દ્વારા અનેક વખત વિનંતી કરાઈ છતા ના માન્યો, વીડિયો સામે આવ્યો

એક વર્ષ પહેલા જ માત્ર ૨૦ વર્ષની ઉંમરમાં લતીફ આતંકવાદી બની ગયો હતો, બાદમાં મોસ્ટ વોન્ટેડ આતંકી સુધી પહોંચી ગયો હતો. જુલાઈ મહિનામાં અનંતનાગમાં એક પોલીસકર્મીની હત્યામાં પણ તેનો હાથ હોવાની શક્યતાઓ છે. લતીફ ભટે ૨૦૨૧માં


(અનુસંધાન ૧૩મે પાને)

મહિલા જેલની બહાર દેખાવો કરતી હતી

અમેરિકામાં અધિકારીઓએ ગર્ભવતી મહિલાને પછાડી ધરપકડ કરતા વિવાદ

નવી દિલ્હી, તા. ૧૮

કેલિફોર્નિયાના મોડેસ્ટો શહેરની જેલની બહાર રવિવારે વિરોધ પ્રદર્શન દરમિયાન યુએસ ઈમિગ્રેશન એજન્સીના અધિકારીઓએ સગર્ભા મહિલાને ઘસડી હતી અને તેના પર પેપરસ્પ્રે છાંટવામાં આવ્યું હતું અને હથકડી લગાવી તેની અટકાયત કરવામાં આવી હતી.



અમેરિકાની ૨૩ વર્ષની નાગરિક લિજબેથ વર્ગાસ એંડ્રેડ સાથે ઈમિગ્રેશન અધિકારીઓના આવા વ્યવહારથી પ્રશ્નો પુછાઈ રહ્યા છે. મહિલા પોતાના પતિ અને અન્ય કુટુંબીજન સાથે કેલિફોર્નિયાના મોડેસ્ટોની કાઉન્ટી જેલની બહાર યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) સામે વિરોધ પ્રદર્શન કરી રહી હતી. અને વીડિયો બનાવી રહી હતી. આઈસીઈ અધિકારીઓ જેલમાંથી છુટેલા લોકોની ફરીવાર ધરપકડ કરતા હતા આથી પીડિત મહિલા વિરોધપ્રદર્શન કરી રહી હતી. તે વખતે આઈસીઈના એક અધિકારી પર પીડિતાએ હાથ મૂકતા તેને જમીન પર પાડી દેવાઈ હતી અને તેના પર પેપરસ્પ્રેથી કેમિકલ છાંટવામાં આવ્યું હતું અને તેને ઘસડવામાં આવી હતી. ફેડરલ અધિકારીઓએ તેને અટકાયતમાં રાખી હતી અને પછી છોડી મૂકવામાં આવી હતી તેની સામે કોઈ ગુનો નોંધવામાં આવ્યો ન હતો.

પીડિત મહિલાના પરિવારે ઘટનાનું ફૂટેજ દર્શાવ્યું હતું જેમાં તેને સ્ટ્રેચર પર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી તે જોઈ શકાય છે. એમ્બ્યુલન્સમાંથી તેને બહાર કાઢતા

(અનુસંધાન ૧૩મે પાને)

મહિલાએ દસ્તાવેજ વગર પકડાયેલા વ્યક્તિની અટકાયત રોકવાનો પ્રયત્ન કર્યો હતો : એજન્સીનો દાવો



બ્રાઝિલના એમેઝોનના જંગલમાં બહારના વિશ્વથી સાવ કપાયેલા રહેતા આવા સમુદાયના લગભગ વીસેક લોકો અચાનક ૧૬ નવેમ્બરના રોજ જંગલની બહાર દેખાયા. તેઓ એક સરકારી પોસ્ટ પાસે પહોંચ્યા અને ખાવાનું માંગ્યુ. આમ દાયકાઓ પછી આવા સમુદાયના લોકોની તસ્વીરો અને વિડીયો ચર્ચામાં આવ્યા છે. આ સમુદાયની ખાસ વાત એ છે કે આ લોકો જીવનમાં એક કરતાં વધુ લગ્ન કરે છે. કેટલીક પરંપરામાં તો મહિલાના એક કરતાં વધુ પતિ હોવાની પરંપરા પણ નોંધાઈ છે. બહાર આવેલા લોકોમાં સમુદાયના પુરુષો, મહિલાઓ અને બાળકો છે. પુરુષોના હાથોમાં ધનુષ અને તીર છે. ૨૦ લોકોનો આ સમુહ બ્રાઝિલના મારાન્યાઓ રાજ્યના અરારિબોઈયા ઈન્ડિજિનસ ટેરિટરીમાં એક સરકારી દેખભાળવાળા પોસ્ટ અને તવારી ગામની પાસે પહોંચ્યો હતો.

અહસાનુદ્દીનની બેન્ચ પાસેથી મામલો લઈ લેવાયો

સુપ્રીમમાં અંગત મુદ્દો પીઆઈએલ બનતા સીજેઆઈએ બેન્ચ બદલી

નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચ પાસેથી બે મામલા પરત લઈ લીધા હતા. બેંચ દ્વારા વ્યક્તિગત વિવાદોને દેશવ્યાપી જાહેર હિતની અરજીમાં ફેરવવા બદલ બેંચ પાસેથી આ મામલા પરત લેવાનો નિર્ણય લેવાયો હોવાના અહેવાલો છે.

ખાનગી યુનિ. અને વિદ્યાર્થિની વચ્ચે વિવાદ રાષ્ટ્રવ્યાપી મુદ્દો બન્યો, હવે સીનિયર બેન્ચ સુનાવણી કરશે

એક રિપોર્ટ મુજબ સુપ્રીમની આ બેંચ સમક્ષ વ્યક્તિગત મામલાની સુનાવણી શરૂ થઈ હતી, જોકે બાદમાં તે જાહેર હિતના મામલામાં ફેરવાઈ ગઈ હતી, દેશવ્યાપી નીતિગત અને પ્રશાસનિક મુદ્દા સાથે આ મામલા જોડાયેલા છે. ન્યાયાધીશ અમાનુલ્લાહની બેંચને સોંપવામાં આવેલા રોસ્ટરમાં જાહેર હિતની અરજીઓ એટલે કે પીઆઈએલ સામેલ નહોતી.

આ સમગ્ર મામલો આયશા જૈન અને એમિટી યુનિવર્સિટી વચ્ચેના વિવાદનો છે, વિદ્યાર્થિનીએ યુનિવર્સિટી પર પરેશાન કરવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો

(અનુસંધાન ૧૩મે પાને)

૧૫ વર્ષથી સતત લોટરીની ટિકિટ ખરીદી રહ્યા હતા

પંજાબનાં ટ્રક ડ્રાઈવરને રૂપિયા ૧૨ કરોડની લોટરી લાગી

નવી દિલ્હી, તા. ૧૮

પંજાબનાં ડેરાબરસીનાં રહેવાસી એક ટ્રક ડ્રાઈવર રાતોરાત કરોડપતિ બની ગયા છે. બલજિંદર સિંહે ૫૦૦ રૂપિયાની લોટરીની ટિકિટ ખરીદી હતી.

બલજિંદરને શુભેચ્છા આપવા આખું ગામ હિલોળે ચઢ્યું : મીઠાઈઓ વહેંચી

તેમણે પંજાબ સ્ટેટ ડિયર દિવાળી બંપર ૨૦૨૬માં ૧૨ કરોડ રૂપિયાનું પ્રથમ ઈનામ જીતી લીધુ છે. મહત્વપૂર્ણ વાત એ છે કે બલજિંદર સિંહ છેલ્લા ૧૫ વર્ષથી સતત લોટરીની ટિકિટ ખરીદી રહ્યાં હતાં. અંતે તેમના ભાગ્ય ખૂલી ગયા છે.

બલજિંદર સિંહ ડેરાબસ્સીનાં હુમાયુ પુર ગામનાં રહેવાસી છે. તે ટ્રક ડ્રાઈવર છે અને ખેતી પણ કરે છે. તેમણે ૧૦ નવેમ્બરે ૫૦૦ રૂપિયાની લોટરીની ટિકિટ ખરીદી હતી.

બલજિંદરે જણાવ્યું હતું કે તે છેલ્લા ૧૫ વર્ષથી લોટરીની ટિકિટ ખરીદી રહ્યાં હતાં. તેમને ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ હતો કે એક દિવસ તેમના ભાગ્ય ખૂલશે.

૧૫ કરોડ રૂપિયાનું પ્રથમ ઈનામ

(અનુસંધાન ૧૩મે પાને)

પાંચ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને પગલે યુક્રેનને સહાયની જરૂર

રશિયા સાથેના યુદ્ધ વચ્ચે યુક્રેનને ૪૯ અબજ ડોલરની લોન આપવા ઈયુની તૈયારી

(પીટીઆઈ) બ્રસેલ્સ, તા. ૧૮

ચીનમાં વિશ્વનાં ત્રણ ટોચનાં નેતાઓ ટ્રમ્પ, જિનપિંગ અને પુતિન મળી રહ્યાં છે ત્યારે યુરોપિયન યુનિયને યુક્રેન માટે ૪૯.૪ અબજ ડોલરની લોનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

એનર્જી અને સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનાં વધતા હુમલાને પગલે યુક્રેનનાં અર્થતંત્ર પર વધી રહેલું દબાણ

યુરોપિયન કમિશને બુધવારે યુક્રેનનો અર્થતંત્ર અને ૨૦૨૭માં યુદ્ધનાં પ્રયત્નોને સપોર્ટ કરવા માટે ૪૯.૪ અબજ ડોલરની લોન આપવાની જાહેરાત કરી છે. પાંચ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને કારણે યુક્રેનને નાણાકીય સહાયની તાત્કાલિક જરૂર છે.

લગભગ એક વર્ષ પહેલા યુરોપિયન યુનિયનનાં નેતાઓએ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે યુક્રેનની મોટા ભાગની સૈન્ય અને આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ૯૯ અબજ ડોલરની વ્યાજ વગરની લોનને સમર્થન આપ્યું હતું.

યુક્રેનનાં એનર્જી અને સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનાં વધતા હુમલા, કાળા સમુદ્ર દ્વારા થતા વેપારમાં અવરોધો દેશનાં અર્થતંત્ર પર દબાણ વધારી રહ્યાં છે.

ઈયુ નેતાઓને આશા છે કે ૨૭ દેશોનાં ગ્રુપ સિવાયનાં પણ દેશો પણ યુક્રેનની મદદ કરશે. યુરોપિયન કમિશનનું માનવું છે કે યુક્રેનને આગામી વર્ષે ૭૭ અબજ ડોલરની જરૂર પડશે.

કમિશનની યોજના છે કે આ રકમનો બે તૃતિયાંશ ભાગ કેપિટલ માર્કેટથી એકત્ર કરવામાં આવે. જેના કારણે યુક્રેનનાં અર્થતંત્ર માટે ૨૨ અબજ ડોલર અને તેના સૈન્ય માટે ૨૭ અબજ ડોલરની લોન મળી શકે. યુરોપિયન કમિશનનાં પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું છે કે અમને લાગે છે કે મંત્રણાનાં ટેબલ પર યુક્રેનને મજબૂતી આપવાનો આ સૌથી સારી રીત છે.

કમિશનની યોજના ઈયુ સેંકશન હેઠળ ફ્રીઝ કરવામાં આવેલી રશિયન એસેટ્સથી મળનારા વ્યાજનો ઉપયોગ લોનની ચુકવણીમાં મદદ કરવાની છે.



આજથી વર્લ્ડ હેરિટેજ સપ્તાહ : અમદાવાદની ગઈકાલ અને આજ



આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ૧૯થી ૨૫ નવેમ્બર દરમિયાન વર્લ્ડ હેરિટેજ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્લ્ડ હેરિટેજ સિટી તરીકેનો દરજ્જો મેળવનાર અમદાવાદના જૂના શહેરી વિસ્તારમાં ડગલેને પગલે ઐતિહાસિક વારસો જોવા મળે છે. અલબત, આ ઐતિહાસિક વારસાની અત્યારે ઘોર ઉપેક્ષા થઈ રહી છે. તેની સામે પશ્ચિમમાં વિકસેલા નવા અમદાવાદમાં ગગનચૂંબી ઈમારતો સહિતની માળખાકીય સુવિધાઓ એટલી હદે વિકસી છે કે, જાણે કોઈ વિદેશના શહેરમાં આંટો મારતા હોય તેવું લાગી રહ્યું છે. આ વિકાસ ખોટો નથી, પરંતુ તેની આંધળી દોટમાં શહેરના જૂનવાણી વારસાને ભૂલી જવો કેટલો વાજબી ગણાય! (તસવીર : સુરેશ મિસ્ત્રી)

મોંઘવારીને ગોળી મારો : લોકો પરિવાર સાથે નીકળી પડ્યાં

હરો, ફરો ને મોજ કરો! ૮ પ્રવાસન સ્થળે તહેવારોમાં ૩૮ લાખ મુલાકાતી આવ્યા

અમદાવાદ, બુધવાર

પેટ્રોલ-ડીઝલથી લઈને ખાદ્યતેલ અને અનાજ-કઠોડના વધતા ભાવના કારણે એક તરફ મોંઘવારીનો કકળાટ થઈ રહ્યો છે. બીજી તરફ તહેવારો દરમિયાન લોકો મોંઘવારીને ગોળી મારીને પરિવાર સાથે ફરવા માટે નિકળી ગયા હતા. બધુ જ ભુલીને 'હરો, ફરો ને મોજ કરો!' સૂત્રને લોકોએ અપનાવી લીધુ હોય તેમ દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાતના મુખ્ય ૮ પ્રવાસન સ્થળોએ ૩૮ લાખ મુલાકાત આવ્યા હોવાનું નોંધાયું છે.

દિવાળીના તહેવારો દરમિયાન લોકો મન મૂકીને ફરવા નીકળી પડ્યા હતા. દાવો કર્યો છે કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે તમામ સ્થળોએ મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો છે. ફક્ત ગુજરાત જ નહીં, દેશના વિવિધ રાજ્યો તેમજ વિદેશમાંથી પણ મુલાકાતીઓ આવ્યા હતા. જાણીતા

૯ દિવસમાં પ્રવાસન સ્થળોએ આવેલા મુલાકાતીઓ

અંબાજી	૧૧.૯૫ લાખ
દ્વારકા	૯.૭૫ લાખ
સોમનાથ	૯.૧૨ લાખ
સ્ટેચ્યુ ઓફ યુનિટી	૫.૫૭ લાખ
વડનગર	૬૨ હજાર
ગિરનાર	૪૮ હજાર
નડાબેટ	૩૭ હજાર
ભુજ સ્મૃતિ વન	૨૫ હજાર

ગુજરાત ટુરિઝમનો ખેલ : દર્શનાર્થીઓને પ્રવાસી તરીકે બતાવી દીધા

ગુજરાતમાં પ્રવાસીઓ આવી રહ્યા હોવાનું બતાવવા માટે યાત્રાધામોને પણ પ્રવાસન સ્થળો તરીકે બતાવી દેવામાં આવ્યા છે! હકીકતમાં નવા વર્ષે લોકો મંદિરોમાં દર્શન કરવા માટે જતા હોય છે. માટે અંબાજી, દ્વારકા કે સોમનાથમાં ભીડ થવી સ્વાભાવિક છે. આ તમામ લોકોને ગણાવી શકાય નથી. તેઓ ફરવા નહીં, પણ આસ્થાથી આવ્યા હોય છે. બીજી તરફ કચ્છનું સફેદ રણ, સાપુતારા, સાસણ ગીર અભયારણ્ય, શિવરાજપુર બીચ જેવા ખરેખર પ્રવાસન સ્થળોના આંકડા સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા નથી. કારણ કે માળખાકીય સુવિધાઓના અભાવે આ સ્થળોએ ખુબ સિમિત પ્રવાસીઓ જ આવે છે.

૬થી ૧૪ નવેમ્બર દરમિયાન ગુજરાત યાત્રાધામો અને પ્રવાસન સ્થળો એવા અંબાજી, દ્વારકા, સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરે સ્થળોએ જાણે કે માનવ કીડિયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સરકારી તંત્રએ એવો પણ સ્થળોએ ઉમટી પડેલા લોકોના આ આંકડા જ વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપે છે. કદાચ મોંઘવારીની થોડી-ઘણી અસર હોય તો પણ લોકો તેને ધ્યાને લીધા વગર હરવા-ફરવા માટે નીકળી પડ્યા હતા.

અંબાજી, દ્વારકા, સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરે સ્થળોએ ૯ દિવસ સુધી માનવ કીડિયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો સર્જાયા

એક સિંહ સામે સરેરાશ ૧,૦૪૨ પ્રવાસીઓની આતૂર નજર !

ગીરમાં સિંહની વસ્તી દસ વર્ષમાં ૭૦ ટકા વધી, પ્રવાસીઓનો ધસારો વધ્યો

અમદાવાદ, બુધવાર

ગીરમાં વર્ષે આવતાં ૯ લાખથી વધુ પ્રવાસીઓ આવે અને દરેક સિંહદર્શનના બે વીડિયો ઉતારે તો સિંહોની દર વર્ષે અંદાજિત ૧૮ લાખ વીડિયો સોશિયલ મીડિયામાં ખડકાતા હોવાનો અંદાજ છે. આ ઉપરાંત ગામડાંમાં અને ગીરના અન્ય રેવેન્યુ વિસ્તારમાં ફરતાં સિંહોના વાઈરલ થતાં વીડિયોની સંખ્યા અમર્યાદિત છે. આમ એક વર્ષમાં સિંહના અંદાજિત વીસ લાખથી વધુની સંખ્યામાં વીડિયો રીલ્સ, ક્લિપ્સ અને શોર્ટ વીડિયો બનીને વાઈરલ થાય છે.

સફારી પાર્ક, નેશનલ પાર્ક અને રેવેન્યૂ વિસ્તારના થઈને રોજના ૨૫૦૦થી વધુ વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થવા એ સામાન્ય

ગીરના જંગલમાં સિંહ રસ્તો ઓળંગે કે ખુલ્લામાં આંટા મારે, ત્યાં હાજર પ્રવાસીઓમાં જાણે ઉત્સાહનું ઘોડાપૂર આવી જાય છે. કોઈ મોબાઈલ કાઢે, કોઈ વીડિયો ઉતારે તો કોઈ સિંહ સાથે સેલ્ફી લેવા માટે મથામણ કરે. સિંહ દેખાય એટલે જંગલમાં પ્રવાસીઓની ગાડીઓ થંભી જાય અને સોશિયલ મીડિયામાં વીડિયોનો ધમધમાટ શરૂ થઈ જાય છે. ગુજરાતની ઓળખ સમાન સિંહ હવે જંગલનું આકર્ષણ તો છે જ, સાથે સોશિયલ મીડિયા માટે પણ જાણે હોટ ફેવરિટ બની ગયો છે. સવાલ એ છે કે સિંહને જોવા માટેની આ ઘેલછા ક્યાંક તેના જંગલની શાંતિને તો હણી રહી નથી ને?

ગુજરાત સરકારના ૨૦૨૫ના સિંહ વસ્તી અંદાજ મુજબ રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને ૮૯૧ થઈ છે. વર્ષ ૨૦૧૫માં આ સંખ્યા ૫૨૩ હતી. આમ, દસ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૭૦.૩૬ ટકાનો વધારો થયો છે. સામે ૭૪ ટકા પ્રવાસીઓનો પણ ધસારો જોવા મળી રહ્યો છે ત્યારે છેલ્લે વર્ષ ૨૦૨૫માં આ સંખ્યા વધીને ૯.૨૮ લાખ થઈ હતી. એક જ વર્ષમાં ૬૯ હજારથી વધુ પ્રવાસીઓનો વધારો થયો છે.

એક સિંહ સામે ૧,૦૪૨ પ્રવાસીઓની સરેરાશ!

૨૦૨૫માં આવેલા ૯.૨૮ લાખ પ્રવાસીઓની સરખામણી રાજ્યના ૮૯૧ સિંહો સાથે કરવામાં આવે તો એક સિંહદીઠ અંદાજિત સરેરાશ ૧,૦૪૨ પ્રવાસીઓ થાય છે. જેમાં ગીરના અન્ય રેવેન્યુ વિસ્તારો અને ગામડાઓને સમાવાયા નથી. નહીંતર આ સંખ્યા બમણી થાય છે.

સિંહ દેખાય એટલે રીલ્સ બનાવવાની હોડ

હવે સિંહદર્શન માત્ર જંગલમાં ફરવા પૂરતું રહ્યું નથી. સિંહ દેખાય એટલે મોબાઈલમાં વીડિયો ઉતારવાની અને તેને સોશિયલ મીડિયામાં મૂકવાની હોડ જામે છે. અહેવાલો મુજબ એક જ સિંહદર્શનની ઘટનાના ૧૦થી ૨૦ અલગ-અલગ વીડિયો વાઈરલ થાય છે. રોજના અંદાજિત ૨૫૦૦ વીડિયો ગીરના સિંહના સતત વાઈરલ થયા કરે છે. જેમાં ગામડાંમાં ઘૂસીને મારણ કરતાં સિંહ, જંગલમાં સફારીમાં દેખાતા સિંહ કે રસ્તામાં અચાનક મળી આવતાં સિંહના વીડિયોનો સમાવેશ થાય છે. ગીરનું સાચું ગૌરવ સિંહોની સંખ્યા કે પ્રવાસીઓની આવકમાં જ નહીં, પરંતુ સિંહ જંગલમાં નિરાંતે રહી શકે તેમાં છે.

ગીર- સૌરાષ્ટ્રમાં વન્ય પ્રાણીઓનો આતંક

સિંહ કરતાં દીપડાના હુમલા વધુ ઘાતક, ૫૮ લોકોએ જીવ ગુમાવ્યાં

અમદાવાદ, બુધવાર

સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વન્યપ્રાણીઓના હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે.છેલ્લા ત્રણ વર્ષમાં સિંહ અને દીપડાના હુમલામાં કુલ ૫૮ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મૃતકોના પરિવારજનોને રૂ.૪.૧૦ કરોડની સહાય ચૂકવાઈ, હુમલા વધતાં ખેડૂતોમાં ભયનો માહોલ

સિંહની સરખામણીમાં દીપડાના હુમલા વધુ જીવલેણ સાબિત થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં દીપડાના હુમલામાં ૩૫ લોકોના મૃત્યુ થયા છે. મૃતકોના પરિવારજનોને સરકાર દ્વારા કુલ રૂા.૨.૫૫ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.આ જ સમયગાળા દરમિયાન સિંહના હુમલાની ઘટનાઓમાં ૨૩ લોકોના મોત નીપજ્યા છે. જેમના પરિવારોને સરકાર તરફથી કુલ રૂા.૧.૫૫ કરોડની સહાય આપવામાં આવી છે.

આમ,વન્યપ્રાણીઓના હુમલામાં જીવ ગુમાવનાર ૫૮ મૃતકોના પરિવારોને સરકારે કુલ રૂા.૪.૧૦ કરોડની સહાય ચૂકવી છે.

સિંહ અને ખાસ કરીને દીપડાના સતત વધી રહેલા હુમલાઓને કારણે સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે દહેશતનો માહોલ છે. વન્યપ્રાણીઓ રહેણાંક વિસ્તારો અને ખેતરો સુધી આવી જતા હોવાથી ખેડૂતો અને ખેતમજૂરો રાત્રિના સમયે ખેતરમાં પાણી વાળવા કે રખોપું કરવા જતા પણ ડરી રહ્યા છે.

રાજ્યમાં શિયાળાની ધીમી શરૂઆત

ઠંડીનું જોર વધશેઃ ત્રણ દિવસમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી ગગડશે

અમદાવાદ, બુધવાર

રાજ્યમાં શિયાળાની ધીમી શરૂઆત થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડા પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ અગામી ત્રણ દિવસમાં તપામાનનો પારો બેથી ત્રણ ડિગ્રી સુધી ગગડતા ઠંડીનું જોર વધશે.

ત્રણ દિવસ બાદ ફરી તપામાન બેથી ત્રણ ડિગ્રી વધશે, ડિસેમ્બર પહેલાં શિયાળો જામશે નહીં!

સામાન્ય રીતે નવેમ્બરની શરૂઆતમાં જ શિયાળો જમાવટ બોલાવે છે. પરંતુ આ વર્ષે નવેમ્બર અડધું વીતી ગયું હોવા છતાં શિયાળો બરાબર જામ્યો નથી. ફક્ત વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક રહે છે. જ્યારે બપોરે તડકો અને ગરમી અનુભવાય છે. આજે અમદાવાદમાં ૨૦.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતા ચાર ડિગ્રી વધારે છે. જ્યારે ઓખા, દ્વારકા, સુરતમાં તો શિયાળામાં પણ લઘુત્તમ તપામાન ૨૩થી ૨૫ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ ડીસામાં સૌથી ઓછું ૧૮.૮ ડિગ્રી તપામાન હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી ગગડશે. જેથી શનિવાર સુધી ઠંડીનો જોર વધી શકે છે. જો કે બાદમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી વધશે. એટલે દેવ દિવાળી તેમજ નવેમ્બરના છેલ્લાં સપ્તાહ સુધી તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે જાય તેની શક્યતાઓ નહિવત્ છે. જ્યારે ડિસેમ્બરથી શિયાળો તેના અસલ મિજાજમાં જોવા મળી શકે છે.

દરેક સફેદ વસ્તુ દૂધની બનાવટ હોતી નથી!

આઈસક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ ગેરકાયદેઃ આરોગ્ય તંત્રનું ઓપરેશન હેલ્થ

અમદાવાદ, બુધવાર

દરેક ચળકતી વસ્તુ સોનું નથી હોતી, તેમ દરેક સફેદ વસ્તુ દૂધની બનાવટ હોતી નથી! એનાલોગ પનીર, ઘી, બટર, ચીઝ બાદ આજકાલ દૂધની આઈસક્રીમના નામે વેજીટેબલ ફેટમાંથી બનેલા ફ્રોઝન ડેઝર્ટનું અંધાધૂંધ વેચાણ થઈ રહ્યું છે. ત્યારે આરોગ્ય વિભાગ પણ તેને અટકાવી શક્યું નથી. હવે ઓપરેશન હેલ્થના શરૂ કરી લોકોને જાતે તકેદારી રાખવા સૂચના આપી છે.

તંત્રએ હાથ ખંખેર્યા : બંને દેખાવ તેમજ સ્વાદમાં સરખા હોવાથી લોકોને જાતે તકેદારી રાખવા સૂચના

અત્યાર સુધી ખાદ્ય પદાર્થોમાં મુખ્ય ઘટકો સાથે અન્ય વસ્તુ મિલાવી ભેળસેળ કરાતી હતી. પરંતુ હવે આખેઆખા ઘટકો જ બદલી કોઈ બીજી વસ્તુમાં ખાદ્ય પદાર્થ બનાવી તેમનું વેચાણ કરાઈ રહ્યું છે. ખાસ કરીને ડેરી પ્રોડક્ટમાં આ બાબત સામાન્ય બની ગઈ છે. દૂધના આઈસક્રીમના બદલે વેજીટેબલ ઓઈલ અને ફેટમાંથી બનેલા ફ્રોઝન ડેઝર્ટ પકડાવી ગ્રાહકોને છેતરવામાં આવે છે. બંને દેખાવ અને સ્વાદમાં સમાન હોવાથી લોકો તેમની વચ્ચે તફાવત સમજી શકતા નથી. પરંતુ બંને ઉત્પાદનોની ગુણવત્તા, પોષક મૂલ્ય અને ઘટકો જુદા હોય છે. ત્યારે આરોગ્ય વિભાગ હોટેલ, રેસ્ટોરાં, કેટરર્સ, આઈસક્રીમ પાર્લરમાં આઈસક્રીમ, કસ્ટર્ડ, યોગર્ટના નામે ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ અટકાવી શક્યું નથી. તેવામાં તંત્રએ પોતે હાથ ખંખેરી લોકોને જાતે સાવધ રહી વસ્તુઓ ખરીદતા પહેલાં તેમના લેબલ વાંચવા સૂચના આપી છે. અલબત ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ

(અનુસંધાન ૪થે પાને)

સરકારી કર્મચારીઓએ જ સરકારને અરીસો દેખાડ્યો

સરકારી હોસ્પિટલોમાં આરોગ્યની સેવાઓ ખાડે ગઈ : મુખ્યમંત્રીને પત્ર

અમદાવાદ,બુધવાર

આયુષ્યમાન ભારત કાર્ડ હેઠળ કેટલાક રોગોની સારવાર હવે માત્ર સરકારી હોસ્પિટલોમાં જ થશે તેવા સરકારના નિર્ણય સામે ખુદ રાજ્યના સરકારી કર્મચારીઓએ જ બાંયો ચઢાવી છે. ગુજરાત સરકારી કર્મચારી સંકલન સમિતિએ મુખ્યમંત્રીને પત્ર લખીને રાજ્યની સરકારી અને સિવિલ હોસ્પિટલોની કથળેલી હાલતનો ચિતાર રજૂ કરી સરકારને અરીસો દેખાડ્યો છે. સમિતિએ સ્પષ્ટ માંગ કરી છે કે, પહેલા સરકાર સિવિલ-સરકારી હોસ્પિટલોને ડોક્ટરો સાથે સજ્જ કરી વધુ અદ્યતન બનાવે પછી ખાનગી સારવાર બંધ કરે.

સરકારી ડોક્ટરો, સ્ટાફ, દવાના અભાવે ગરીબ દર્દીઓ રઝળી પડે તેવી ભીતિ, બધુ આઉટસોર્સિંગ સ્ટાફના ભરોસે

કર્મચારી સંકલન સમિતિએ મુખ્યમંત્રીને પત્ર લખીને આક્ષેપ કર્યો છે કે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સેવાઓની સ્થિતિ અત્યંત કથળી ગઈ છે. હોસ્પિટલોમાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો, નર્સ સહિતના પેરામેડિકલ સ્ટાફ તેમજ લેબ અને એક્સ-રે ટેકનિશિયનોની ભારે અછત પ્રવર્તી રહી છે. મોટાભાગની સરકારી હોસ્પિટલો હાલ કાયમી સ્ટાફને બદલે માત્ર આઉટસોર્સિંગ કર્મચારીઓના ભરોસે ચાલી રહી છે.

સરકારી હોસ્પિટલોમાં પૂરતી દવાઓ અને આધુનિક મેડિકલ સાધનો પણ ઉપલબ્ધ નથી. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને નાછૂટકે બહારથી મોંઘા ભાવે દવાઓ ખરીદવી પડે છે અને રિપોર્ટ કરાવવા પડે છે. આવી દયનીય પરિસ્થિતિમાં જો ખાનગી હોસ્પિટલોમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સારવાર બંધ કરવામાં આવે, તો સિનિયર સિટીઝન અને ગરીબ દર્દીઓની હાલત કેવી કફોડી થશે તેની કલ્પના જ કરવી રહી.

ગુજરાત કર્મચારી સંઘ સંકલન સમિતિએ સરકાર સમક્ષ માંગણી મૂકી છે કે આ નિર્ણયનો અમલ કરતા પહેલા રાજ્યની તમામ સરકારી અને સિવિલ હોસ્પિટલોમાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો તથા પૂરતા સ્ટાફની ભરતી કરવામાં આવે.

હોસ્પિટલોને તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ કર્યા બાદ જ ખાનગી હોસ્પિટલોમાં સારવાર બંધ કરવાનો નિર્ણય લેવો જોઈએ, જેથી સામાન્ય જનતા અને કર્મચારીઓને યોગ્ય સારવાર મળી રહે.

રાજ્ય આરોગ્ય વિભાગના પાપે 'યમદૂતો' બેફામ

ત્રણ વર્ષમાં ગુજરાતમાંથી ૧૬૮ 'મુન્નાભાઈ MBBS' ઝડપાયાં

અમદાવાદ,બુધવાર

વિકાસની ગુલબાંગો વચ્ચે ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાની પોલ ખોલી છે કેમકે, ખુદ આરોગ્ય વિભાગે જ કબુલ્યુ છેકે, છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યભરમાંથી ડિગ્રી વગર જ લોકોની સારવાર કરતા ૧૬૮ નકલી ડોક્ટરો ઝડપાયા છે.

છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુવિધાના નામે મીંડુ : ગરીબ દર્દીઓના જીવ રામ ભરોસે

આરોગ્યતંત્રની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાને કારણે આજે પણ રાજ્યના છેવાડાના માનવી સુધી પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ પહોંચી શકી નથી, જેનો સીધો ફાયદો ઉઠાવીને આ 'મુન્નાભાઈ' ગરીબ અને અભણ દર્દીઓના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે.

ખાસ કરીને રાજસ્થાનની સરહદે અડકીને આવેલાં ગામડાઓમાં ડીગ્રી વિનાના ડોક્ટરો બેફામ પ્રેક્ટીસ કરી રહ્યાં છે જેમ કે, સાબરકાંઠાના ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સહિતના આદિવાસી-પછાત વિસ્તારોમાં બોગસ ડોક્ટરો રાફડો ફાટ્યો છે. મહત્વની આ વાત એછેકે, આ વિસ્તારમાં હજુ સુધી એકેય નકલી ડોક્ટર પકડાયો નથી.

વિધાનસભામાં પૂછાયેલાં સવાલના જવાબમાં આરોગ્ય વિભાગે જ સત્તાવાર વિગતો આપી છેકે, ૧,૯૮૯ ડોક્ટરોની ડિગ્રી ચકાસણી કરવામાં આવી હતી જેના લીધે બોગસ ડીગ્રીધારી ડોક્ટરોનો પર્દાફાશ થયો છે. ચોંકાવનારી બાબત એ છે કે, અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોમાં તબીબોની અછત હોવાથી લાચાર દર્દીઓ આ ઊંટવૈદ્યોના શરણે જવા મજબૂર બન્યા

(અનુસંધાન ૪થે પાને)





